જૂન -૨૦૧૦ કિંમત રૂા.૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક



શ્રી નરનારાયણદેવને ચંદનના વાઘાના દર્શન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



૧. અધિક માસમાં અમદાવાદ મંદિરમાં હિમાલય દર્શન ૨. અમદાવાદ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં સમૂહ મહાપૂજા ૩. અમદાવાદ મંદિરમાં અધિક માસમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહના વક્તા પૂ. શા. સ્વા.નિર્ગુણદાસજી અને ઉદ્‌બોધન કરતા મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી ૪. પારાયણના યજમાન પ.ભ. ઈશ્વરભાઈ પ્રભુદાસ પટેલ પરિવાર પ.પૂ. મહારાજશ્રીનું પૂજન કરતા. ૫. નારણપુરા (ટર્ફ સ્કુલ)માં પ.પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં રાત્રી પારાયણ કરતા શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી લાભ લેતા નારણપુરાના અગ્રગણ્ય સત્સંગી તથા ઉદ્યોગપતિ પ.ભ. ઘનશ્યામભાઈ (ફુવા) તથા શ્રી નટુભાઈ. ૬.ચેનપુર ગામે પ.પૂ. મોટા મહારાજશ્રીની નિશ્રામાં કથા કરતા શા. ઘનશ્યામ સ્વામી.

# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૪ | અંકઃ ૩૮ | જૂન-૨૦૧૦

## અ નુ ક્ર મ ણિ કા


| | |
|---|---|
| ૧. અસ્મદીયમ્ | ૨ |
| ૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. શ્રી નરનારાયણદેવ માહાત્મય | ૪ |
| ૪. અંતર્ધાન થતા પૂર્વેના ઈષ્ટદેવ શ્રીહરિના કલ્યાણકારી વચનો | ૫ |
| ૫. સેવામૂર્તિ ગંગામા | ૮ |
| ૬. સાષ્ટાંગ દંડવત પ્રણામ શા માટે ? | ૯ |
| ૭. "દિવ્ય-સંકલ્પ" ની સાથે સાથે | ૧૦ |
| ૮. શ્રીજી મહારાજે દર્શાવેલા દુઃખ નિવૃત્તિના રાજમાર્ગ | ૧૩ |
| ૯. આનંદની હેલી | ૧૪ |
| ૧૦. સત્સંગ સુરભિ | ૧૫ |
| ૧૧. સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૨. ભક્તિ સુધા | ૨૦ |
| ૧૩. પ્રશ્ન પેટી | ૨૫ |
| ૧૪. સત્સંગ સમાચાર | ૨૬ |





**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
**www.swaminarayan.info**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

# સત્સંગ વિચાર

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વ બ્રહ્માંડના કર્તાહર્તા છે. તેની મરજી વિના સૂકું પાંદડું પણ હલી શકતું નથી. એવા એ ભગવાન આપણા ઈષ્ટદેવ છે. જે આપણા પાલક અને પોષક છે. ફક્ત ૨૨૫ વર્ષના સમય ગાળામાં વિશ્વના ખૂણે ખૂણે ભગવાનનું નામ સ્મરણ ભજન કરતો સ્વામિનારાયણ સંપ્રદાયનો આશ્રિત જોવા મળે છે. પ્રાતઃ પૂજા વિધિમાં આપણે શિક્ષાપત્રીના પાંચ શ્લોક ઓછામાં ઓછાં વાંચીએ છીએ. એટલે તે શ્લોકનું આખો દિવસ મનન અને નિદિધ્યાસ રહે છે. જેથી કાંઈક અયોગ્ય અથવા ખોટું કરતા તરત આપણે અચકાઈએ છીએ. નાની એવી 'શિક્ષાપત્રી' કેવા સુંદર સદાચારના પાઠ શિખવે છે. માણસનું આખું જીવન બદલી નાખે છે. શ્રીજી મહારાજે એક એક શ્લોકમાં એવા ઉપદેશ-ઉદ્‌બોધ્યા છે કે ગમે તેવો માણસ તેનું આચરણ કરે તો તેના જીવનમાં ક્યાંય દુઃખ ન આવે.

આપણે આ વરસે ગ્રિષ્મઋતુનો મિજાજ પારખી લીધો. વૈજ્ઞાનિકોનું સૂત્ર ગ્લોબલ વોર્મિંગ ની અસર આપણે અનુભવી. હજુ આપણે નહીં જાગીએ તો તેનું પરિણામ આથી પણ વિપરિત આવે. રાજસ્થાનના રણ વિસ્તારમાં ૫૦ ફેરનહીટ ગરમી નો નવો રેકોર્ડ થયો. આપણે જાગ્રત નાગરિક બનીને પ્રદુષણ ફેલાવતા તત્વો સામે સજાગ બનવું પડશે. છેલ્લા ત્રણ મહિનમાં ગરમીને કારણે આપણા દેશમાં અનેક લોકોના જાન ગયા છે. આ શરૂઆત છે. આજથી ૨૨૫ વરસ પહેલા શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણને શિક્ષાપત્રીના **૩૨ માં શ્લોકમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે, "અને લોક ને શાસ્ત્ર તેમણે મળ-મૂત્ર કરવાને અર્થે વર્જ્યા એવા સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર, વૃક્ષની છાયા તથા ફુલવાડી બગીચા એ આદિક જે સ્થાનક તેમને વિષે ક્યારેય પણ મળ-મૂત્ર ન કરવું તથા થુંકવું પણ નહી."**

ઉપરોક્ત શ્લોકનું વિશ્વના દરેક દેશોમાં અમલ કરે તો આપણે વગર એ.સી. અને વગર પંખાએ આરામથી ઉંઘી શકીએ અને કોઈને ડોકટરની જરૂર ન પડે. બીજાની વાત જવા દઈએ આપણે સૌ શ્રીહરિના આશ્રિતોએ આ ૩૨ માં શ્લોકનું જરૂર પાલન કરવું. હવે આપણે આગામી ઉત્સવ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉદ્‌ઘાટન મહોત્સવના પ્રચાર પસાર અને તેમાં સંપૂર્ણ સમર્પિત થવા માટે કટિબધ્ધ બનીએ અને તેમાં સહયોગ આપવા અન્યને પણ પ્રેરણા કરીએ. એજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (મે-૨૦૧૦)

૨. નરનારાયણ કોર્પોરેશનમાં પધરામણી કણભા પાસે.
બાલાસિનોર સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.
નારણપુરા (ટર્ફ સ્કુલ) પારાયણ પ્રસંગે પધરામણી.

૩. અધિક માસ નિમિત્તે નારાયણઘાટ
શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. માણસા ગામે એક હરિભક્તનેત્યાં પધરામણી.

૪. કુંડાલ ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

૫-૬. શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬. થી ૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડ (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪. થી ૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) નૂતન મંદિર મહોત્સવ-પારાયણ યજ્ઞ, સમૂહ મહાપૂજા અને ઠાકોરજીનો મહાભિષેક-શોભાયાત્રા આદિ કાર્યક્રમો પોતાના સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થયા.

૨૪. હાથપાળીયા (પંચમહાલ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (તા. ઈડર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. મહેન્દ્રભાઈ શીવાભાઈ પટેલને ત્યાં પધરામણી, નરોડા રોડ.

૨૮. થી ૩૦. નારાયણપર (કચ્છ) પધરામણી.

૩૧. સૈજીપુરા (હિંમતનગર) પારાયણ પ્રસંગે પધરામણી.
પ.ભ. નટુભાઈ ગંગારામભાઈ પટેલને ત્યા પધરામણી, ઘાટલોડીયા.
ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ નિમિત્તે પારાયણમાં પધરામણી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

# શ્રી નરનારાયણદેવ માહાત્મય

- શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)



વિશાળ ભરતખંડ છે. ભરતખંડ એટલે 'અજનાભિખંડ' નવખંડમાં નો સર્વોત્તમ અને આધ્યાત્મિકતાનો ખજાનો ભરત રાજાના નામ પરથી ભારત એવું નામ આપવામાં આવ્યું. ભરતખંડ એટલે ભગવાન અને સત્પુરુષોના અવતારની ભૂમિ. આ ભરતખંડના રાજા કોણ ? જે ખંડનો અનંત મહિમા છે. એના રાજા શ્રી નરનારાયણ ભગવાન સ્વયં છે. આ ધરતી ઉપર એમના અસંખ્ય અવતારો થયા છે. એમનો પરિચય વિવિધ શાસ્ત્રોમાં સમય અને કાર્ય પરત્વે જુદો જુદો આપેલો છે.

નર અને નારાયણ સ્થૂળ દષ્ટિથી બે સ્વરૂપો જુદા જુદા દેખાય છે. પરંતુ આધ્યાત્મિક દષ્ટિથી તેઓ જુદા નથી. તેઓ બન્ને બંને એકજ છે.

ભક્ત ચિંતામણીમાં વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી આ રહસ્ય સમજાવે છે.

**''છો તો એકને દિસો છો દોય,**
**તેનો ભેદ જાણે જન કોય.''**

હે પ્રભુ ! તમે એક જ છો છતાં બે સ્વરૂપે દર્શન આપો છો. એનો ભેદ કોઈ જાણી શકતું નથી. અથવા એનો ભેદ ભાગ્યે જ કોઈ જાણી શકે છે.

નારાયણ દેવને વંદન કરવામાં આવે ત્યારે - સંસ્કૃતમાં એમના માટે એક વચન જ વાપરવામાં આવે - જેમ કે નરનારાયણાય નમઃ પરંતુ નરનારાયણાભ્યાં નમઃ એમ દ્વિવચન બોલાતું નથી. લક્ષ્મી અને નારાયણ બે સ્વરૂપો જુદા છે. તેથી એમના માટે દ્વિવચન વપરાય છે.

લક્ષ્મીનારાયણભ્યો નમઃ આ પ્રમાણે દર્શનમાં નર અને નારાયણ બે સ્વરૂપો દેખાય છે. પણ શાસ્ત્ર નરનારાયણદેવને એક વચનથી જ આદર આપે છે.

''નરનારાયણાય નમઃ'' ''ધર્મ અને મૂર્તિ દેવી થકી ભગવાન ચાર રૂપે પ્રગટ થયા. ચારેય મળીને એક સ્વરૂપ છે. ભક્તોના મનોરથ પ્રમાણે રૂપ ધારે છે. એક હોવા છતાં અનેક રૂપે અને અનેક હોવા છતાં એકરૂપે પોતાની યોગકળાથી રહી શકે છે. તે વાત અક્ષર પર્યંત કોઈના કળયામાં આવે તેમ નથી.'' (હરિચરિત્રામૃત સાગર)

'નર અને નારાયણ બન્ને સ્વરૂપો જુદા જુદા દેખાય છે. એ તો ભગવાનની લીલા છે. ભગવાનની એવી ઈચ્છા છે. માટે જુદા જુદા દેખાય છે. પરંતુ તે બન્ને સ્વરૂપો એકજ છે. નરનારાયણ ભગવાને તો આ ધરતી ઉપર સત્તયુગમાં અનેક વખત અવતારો ધારણ કર્યા છે. એ બન્ને સ્વરૂપોમાં નર એટલે અર્જુન એવો અર્થ અમુક સંજોગોમાં જ થાય છે. (શિક્ષાપત્રી શ્લોક ૧૧૦) કોઈ એમ કહે કે બદ્રિકાશ્રમ સમાન અમદાવાદમાં વિરાજેલા નરનારાયણદેવમાં નર એટલે અર્જુનને ? ના, જો જો આવી મોટી ગેર સમજ ઉભી ન થાય એટલે શાસ્ત્રોના વચનો સમજવાં જરૂરી છે. જેમ કે શ્રી કૃષ્ણ ભગવાન ધરતી ઉપર પ્રગટ્યા અને ભગવાનની જ ઈચ્છાથી અર્જુનમાં નરનો આવિર્ભાવ થયો. એ વાત શ્રીહરિએ શિક્ષાપત્રીના ૧૧૦ માં શ્લોકની અંદર સ્વીકારી છે.'

ज्ञेवोऽर्जुनेन युकतौऽसौ नरनारायणामिः ।
बलभद्रादि योगेन त्ततन्नामोच्यते स च ॥

એ શ્રીકૃષ્ણ અર્જુને યુક્ત હોય ત્યારે 'નરનારાયણ' એવે નામ જાણવા. શ્રીકૃષ્ણ રાધાજે યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા લક્ષ્મીએ યુક્ત હોય તો 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા પરંતુ સ્વામિનારાયણ ભગવાન કહે છે કે રાધાદિક યુક્ત ક્યારેક તો શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે. લક્ષ્મીજી, રાધાજી, અર્જુન તો ભગવાનના ભક્તો છે. અર્જુન એ કોઈ નર નથી એમ મહાભારત સ્વીકારે છે

अर्जुनस्तु नरावेश श्रीकृष्णास्तु भगवान स्वयम ।

એટલે કે અર્જુનમાં નરનો આવેશ હતો જ્યારે શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે.

(ક્રમશઃ)

# અંતર્ધાન થતા પૂર્વેના ઈષ્ટદેવ શ્રીહરિના કલ્યાણકારી વચનો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



કુટુંબના કોઈ વડીલ હોય તે પોતાના સમગ્ર જીવન દરમિયાન પોતાના આશ્રિત કુટુંબીજનો કેમ વધારે ને વધારે સુખી થાય તે માટે પોતાની પાસે જે જ્ઞાન હોય તેના નીચોડરૂપે કુટુંબીજનોને હિતોપદેશ સંભળાવતો રહે છે. પરંતુ જ્યારે તે વડીલ દેહ છોડવાની તૈયારી કરે ત્યારે તો સર્વે કુટુંબીજનોને ભેગા કરી લાંબી વાત ન કરતા અતિ મહત્વના ભલામણ વચનો હોય તે સર્વેને કહી સંભળાવે છે. અને જગતમાં આજે એવું જોવામાં પણ આવે છે કે તે કુટુંબના મોભીના અંતિમ શબ્દો તેના પુત્રાદિક કુટુંબીજનો સચોટ યાદ પણ રાખે છે અને જીવન પર્યંત તે આજ્ઞાનું પાલન પણ કરે છે.

અહીં વાત એમ છે કે સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનને આજે લાખોની સંખ્યામાં ત્યાગી-ગૃહી આશ્રિતો પોતાના ઈષ્ટદેવ માને છે. સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર મનુષ્ય દેહ ધારણ કરીને રહ્યા ત્યાં સુધીમાં ઘણી સભાઓમાં ઘણાં વચનામૃતો કહ્યા, પોતાના આશ્રિતોને ઘણો હિતોપદેશ કહ્યો, પરંતુ દરેક આશ્રિતજનોને એ વાતનું અનુસંધાન હોવું જોઈએ કે મારા ઈષ્ટદેવના અંતર્ધાન થતા પૂર્વેના અંતિમ વચનો શું હતા ? કારણ કે શ્રીહરિ ના જે અંતિમ વચનો હોય તે તો પોતાના આશ્રિતોના કલ્યાણ માટેના અતિશે મહત્વના વચનો હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

હવે શ્રીહરિના આ અંતિમ મહત્વના વચનો પર આવીએ તો સત્સંગિજીવન ગ્રંથમાં શ્રી શતાનંદ મુનિની કલમે શ્રીહરિ કહે છે, હું ભૂતલ ઉપર પ્રત્યક્ષરૂપે રહેલો છું. જેમ કે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ તથા ભક્તિ ધર્મથી યુક્ત રહેલો એવો મને જાણો. તથા અમદાવાદમાં શ્રી નરનારાયણ રૂપે રહું છું તથા શ્રી ગઢપુરમાં શ્રી ગોપીનાથ રૂપે હું રહેલો છું. આ પ્રકારે તમો જાણો. મારામાં અને આ જે રૂપો મેં કહ્યાં તેમાં જરા પણ ભેદ નથી જ. ભૂતલ ઉપર મૂર્તિ રૂપે રહેલો સાક્ષાત્ હું જ છું એમ નિશ્ચય જાણો. આ પ્રત્યક્ષરૂપ મૂર્તિઓનું સેવન કરનારા જનોને સાક્ષાત્ મારું દર્શન થશે. હાલમાં આ મૂર્તિઓ પ્રત્યક્ષની માફક વર્તે છે. આ મૂર્તિઓનું સેવન તે પ્રત્યક્ષ મારું જ સેવન છે. એમ જાણું છું જ. માટે તમારે આ પ્રત્યક્ષ સ્વરૂપ મૂર્તિઓનું ભક્તિભાવ પૂર્વક સેવન કરવું. એ પ્રકારે જ મારી આગળ બેઠેલા અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી આ બંને તમારા ગુરુ (આચાર્ય) મેં કરેલા છે માટે તેમને તમોએ યથા યોગ્ય માનવા-પૂજવા. તથા તમો સર્વેએ શિક્ષાપત્રીમાં કહેલા ધર્મોમાં અધિકાર પ્રમાણે સર્વદા વર્તવું.

સત્સંગિભૂષણ ગ્રંથમાં પણ સ.ગુ.બ્ર. શ્રી વાસુદેવાનંદ વર્ણી ની કલમે લખાયેલા શ્રીહરિના આ જ વચનો છે. "હું ઈશ્વરોનો પણ ઈશ્વર સર્વેશ્વર છું અને સર્વથી પર એવા મારા અક્ષરધામમાંથી તમારા સૌના કલ્યાણ માટે આ ભૂમિ ઉપર આવ્યો છું. એમ તમે માનજો.... હે ભક્તો ! તમે કોઈ ચિંતા કરશો નહિ. હું આ ભૂમિ ઉપર રહેવાનો જ છું. વડતાલમાં...... અમદાવાદમાં.... ગઢપુરમાં...... એ બધા સ્વરૂપોમાં અને મારામાં કોઈ ભેદ નથી. છતાં જો કોઈ ભેદ માનશે તો તે નર્કમાં જશે.... મેં જે મૂર્તિઓ સ્થાપી છે તેને મારું સ્વરૂપ જ માનજો. ભક્તિભાવથી તેનું સેવન કરજો. અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી એ બે તમારા આચાર્ય છે. તેમનું મારી માફક જ સન્માન કરજો. મારી પૂજા કરો છો તેમજ તેમની પૂજા કરજો. શિક્ષાપત્રીમાં....."

શ્રીહરિકૃષ્ણ લીલામૃત ગ્રંથમાં સ.ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીની કલમે શ્રીહરિ કહે છે, "હું તો મારા હાલના મનુષ્યરૂપે તમને નહિ દેખાઉં. સત્સંગમાં

તો મારું વિચરણ હંમેશા છે જ. જ્યારે તમે યાદ કરશો ત્યારે હું દર્શન આપીશ. વળી મેં નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ વગેરે જે મૂર્તિઓ પધરાવી છે **તેમાં હું સાક્ષાત્ રહેલો છું. છતાં પણ નરનારાયણને વિષે હું અધિકપણે રહ્યો છું. કારણ કે દુર્વાસાના શાપના નિમિત્તાથી નરનારાયણરૂપે હું જ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ થયો છું.** માટે જે ભક્તો નરનારાયણની સેવા કરશે, પૂજા કરશે, ભેટ અર્પણ કરશે તે સેવા, પૂજા, ભેટ વગેરે નરનારાયણ સ્વરૂપે હું જ અંગીકાર કરીશ. થાળ કરશે તો તે થાળ હું જ જમીશ. તમારા સુખ દુઃખ નરનારાયણ ભગવાનને કહેજો. તેમાં રહીને હું જ તમને સહાય કરીશ..... અમારી ગાદીએ સ્થાપેલા બંને આચાર્યો સાક્ષાત્ અમારું જ સ્વરૂપ છે. માટે સર્વ આશ્રિતોએ તેમની આજ્ઞાનું યથાર્થ પાલન કરવું. કોઈપણ આજ્ઞાનું ક્યારેય ઉલ્લંઘન કરવું નહિ.'' વિશેષમાં શ્રીહરિ આ ગ્રંથમાં કહે છે કે ભક્તો દ્વારા દેવને અર્પણ થતા ધન, ધાન્ય, મિલ્કત, જમીન, ખેતર, વાડી વગેરેનું રક્ષણ કરવા અમે દેશ વિભાગ કરી બે આચાર્યોની નિમણુંક કરી છે. વળી તે આચાર્યોના જીવન નિર્વાહ માટે દરેક હરિભક્ત અમારા નામે વાર્ષિક અરધો રૂપીઓ (હાલમાં પાંચ રૂપિયા) આપે એવી રીતે આચાર્યની આજીવિકા પણ બાંધી આપી છે. અનંત કોટિ બ્રહ્માંડમાં અમે જે વ્યવસ્થિત રચના કરી છે તે જ રીતે આ સંપ્રદાયમાં ગોઠવણ કરી છે.

સ.ગુ. પ્રસાદાનંદ સ્વામીની વાતોમાં શ્રીહરિ કહે છે, ''ઔદ્ધવી (ઉદ્ધવ) સંપ્રદાયમાં બે માર્ગ (નિવૃતિમાર્ગ અને પ્રવૃતિ માર્ગ) બાંધ્યા છે. તેમાં રહીને અમારી આજ્ઞા પાળશો, અને અમારા સ્વરૂપનો દ્રઢ નિશ્ચય રાખશો તો અમારા અક્ષરધામને પામશો.... જેમ ચાર સંપ્રદાય છે, તેમપાંચમી ઉદ્ધવી સંપ્રદાય સર્વેના ઉપર અમે બાંધી છે. ને જેમ માળાનો મેર હોય તેમ ચાર સંપ્રદાય ઉપર માળાના મેરના સ્થાને ઉદ્ધવી સંપ્રદાય સ્થાપ્યો છે..... અમે દેશ દેશમાં મંદિરો કરાવ્યાં છે અને અમારા પુત્રને દત્તક વિધિથી સ્વીકારીને બે ગાદીની સ્થાપના કરીને આચાર્યો બનાવ્યા છે. બેયને દેશ વિભાગ કરીને મંદિરો વહેંચી આપ્યાં છે. માટે આચાર્યોને અમારું સ્વરૂપ માનીને ઘેર ઘેર પધરામણી કરીને પૂજજો એમ અમારી છેલ્લી આજ્ઞા છે.''

બહુ શાસ્ત્રોનો આધાર લેવા જતા લેખ ઘણો લાંબો થઈ જાય. પરંતુ દરેક શાસ્ત્રોના સારનો સાર એક જ કે શ્રીહરિએ પોતાના અંતિમ વચનોમાં શ્રી નર નારાયણાદિક દેવ, બે ગાદીના બે આચાર્ય તથા શિક્ષાપત્રીનું પ્રધાનપણું કહ્યું છે. જે કોઈ મનુષ્યો એમ કહેતા હોય કે અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ તેવા દરેક ત્યાગી-ગૃહીજનોએ પોતાના મનમાં વિચાર કરવો કે આપણે શિક્ષાપત્રીની મર્યાદામાં રહીને શ્રીજી સ્થાપિત દેવ-આચાર્ય ને વફાદાર છીએ કે કેમ? ધર્મવંશી આચાર્યશ્રી થકી દીક્ષા લેવા માત્રથી કામ પુરું થઈ જતું નથી. દીક્ષા લીધા પછી પણ ધર્મવંશી આચાર્યશ્રી થકી દૂર ભાગતા હોઈએ, સત્સંગમાં કંઈક નવું કરવાના ઘોડા થતા હોય કે જે કાર્યમાં પ.પૂ.ધ.ધુ. વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા ન હોય તો તે મોક્ષના માર્ગે પોતાના આત્માને છેતરવા જેવું કાર્ય છે. ખાસ કરીને એવું જોવામાં આવે છે કે માન, લોભ, રસાસ્વાદ આદિક અંતઃશત્રુઓ આ જીવાત્માને કંઈક અલગ નવીન ચોકો માંડવા પ્રેરે છે. હકીકતમાં આ પ્રકારના જીવાત્માઓએ પોતાના ઈષ્ટદેવને ઓળખ્યા જ નથી. એવું કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ નથી. શ્રીહરિએ નિર્માણ કરેલા નવે નવ મહામંદિરોનો વહીવટ હકીકતમાં શ્રીહરિએ પોતે સ્થાપન કરેલી બે ગાદીના ધર્મવંશી આચાર્યશ્રીને સોંપ્યો છે. માટે પ.પૂ. મહારાજશ્રી જેમને વહીવટ સોંપે તેઓએ સેવાની ભાવનાથી વહીવટ કરવો. પરંતુ તેમાં દેખરેખ અને આજ્ઞા તો પ.પૂ. મહારાજશ્રીની જ હોય ! મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈપણ મંદિર કે ગુરુકુળ હોય તે જે તે દેશના મુખ્ય દેવના તાબે હોય અને જે તે દેશના આચાર્યશ્રીની આજ્ઞા તથા દેખરેખ નીચે તેનો વહીવટ થતો હોય તે જ શ્રીહરિનું વચન છે. મુમુક્ષુ જનોને પ્રગટ શ્રીહરિની ઓળખાણ કરાવવી એ જ સાચા સંતનું લક્ષણ છે. વળી શ્રીહરિ પોતાના વચનના સંબંધે કરીને દેવ, આચાર્ય અને શિક્ષાપત્રી આદિક સચ્છાસ્ત્રોમાં પ્રગટ રહ્યા છે. માટે સંતો જ્યારે સત્સંગ કરાવે ત્યારે સંતોએ સભામાં કે વ્યક્તિગત રીતે શ્રોતાજનોને શ્રીહરિના ચરિત્રો, ઐશ્વર્ય, પ્રતાપની વાતો ઉપરાંત અંતમાં શ્રીહરિ સ્થાપિત દેવ, આચાર્ય અને શિક્ષાપત્રીની મહત્તા અચૂક કહેવી જોઈએ. શ્રીહરિએ

સંપ્રદાયની જે વ્યવસ્થા કરી છે તે વ્યવસ્થા જેને માન્ય નથી અને તેમાં કંઈક નવું કરવું છે તેવા દરેક જનો ત્યાગી હોય કે ગૃહસ્થ તે બધા શ્રીહરિ કરતા વધારે બુદ્ધિવાળા જણાય છે. પરંતુ આવા વધારે પડતા બુદ્ધિશાળી જનો ને અંતકાળે તો પસ્તાવાનો જ વારો આવે છે. જેને શ્રીજી સ્થાપિત દેવ અને આચાર્યશ્રીમાં ભગવાન નથી દેખાતા તેનું દર્શન કરીને શાંતિ નથી થતી તેને પછી આખી જીંદગી અન્ય સ્થળે માથું ઘસતા રહેવું પડે છે. જેને પોતાના ઈષ્ટદેવના વચનમાં પ્રતિતિ આવી છે તેને પછી વિમુખ પંથીના મંદિરમાં કે તેની સભામાં જવાની જરૂર રહેતી નથી. જેઓ મંદ બુદ્ધિના હોય તે જ વિમુખપંથીઓની સભામાં જઈને બેસે!

શ્રીજી મહારાજ કહેતા કે જેને જ્યાં પ્રતિતિ આવે ત્યાં માથુ ટેકવે, ત્યાં જઈને બેસે, પરંતુ તે સર્વેના ભગવાન અમે છીએ. અમારા સિવાય અન્ય કોઈ ભગવાન નથી. એમ હાલમાં જેને જ્યાં ભટકવું હોય ત્યાં ભટકે પરંતુ શ્રીજી મહારાજે સત્સંગની અમદાવાદ અને વડતાલ એમ માત્ર બે જ ગાદી કરી છે. વહેલા મોડું પણ તે બે ગાદીને માન્યા સિવાય, તેની વફાદારી સિવાય કોઈનું આત્યંતિક શ્રેય થવાનું નથી. દેવને માનીએ તથા બહુ મોટા મોટા ધર્મો પાળીએ પરંતુ વિદ્યમાન ધર્મધુરંધર આચાર્યશ્રીથી દૂર ભાગીએ. તેઓશ્રીનું ગૌણપણું કરવાનો પ્રયત્ન કરીએ અને છતાં એમ માનીએ કે અમારું કલ્યાણ તો શ્રીજી મહારાજ ડાયરેકટ કરવાના છે. તેવું માનવું એ મૂર્ખામીભર્યું છે. અંતમાં એ વાતની પણ અત્રે સ્પષ્ટતા જરૂરી છે કે વર્તમાન સમયે અમદાવાદ ગાદી શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વડતાલ ગાદી શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠ સ્થાન પર પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી વિરાજમાન છે.

## નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.com
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com

## વિદેશના સીમેઈલ સભ્યો જોગ

નીચે જણાવેલ હરિભક્તોને જાણ થાય જે આપ ઘણા વરસોથી શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યો છો. આપે **સીમેઈલ** લવાજમ ભરેલ છે. છેલ્લા એકાદ વરસથી ઈન્ડીયન પોસ્ટ ખાતાએ **સીમેઈલ** સેવા - સર્વિસ બંધ કરી છે. પરંતુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપને અમે **એરમેઈલ** માં અંક રવાના કરીએ છીએ. જે ખૂબજ મોંઘુ પડે છે. જેથી આપ સર્વેને વિનંતી છે કે આપ હવે રૂા. ૧૦,૦૦૦/- ભરીને બાય એરમેઈલના લાઈફ મેમ્બર બની જશો. જેથી આપને અને આપના પરિવારને કાયમબાયએરથી અંક મળતા રહે.

## સીમેઈલ સભ્યો

| ગ્રાહક નં. | નામ | |
|---|---|---|
| ૪૩ | અજવાણી જેસા અરજણ શીવા | લંડન |
| ૧૧૬ | પટેલ ચંદુભાઈ એ. | નકુરૂ |
| ૧૭૬ | પટેલ એમ. કે. | લંડન |
| ૪૭૧ | પ્રેમજી પ્રભુદાસ | લંડન |
| ૫૫૮ | હાલાઈ ધનજી પ્રેમજી | લંડન |
| ૫૫૯ | હિરાણી જે. જે. | ઓલ્ડહામ |
| ૫૬૦ | હિરાણી જે. જે. | ઓલ્ડહામ |
| ૫૬૯ | જીયાણી ગોવિંદ આર. | હેરો લંડન |
| ૫૭૦ | વેકરીયા મનજી કાનજી | વિલ્સડનલેન લંડન |
| ૫૭૨ | સંઘાણી કરશન નારણ | લંડન |
| ૫૭૫ | હાલાઈ હરજી કાનજી | લંડન |
| ૬૦૯ | ગાજપરીયા ગોવિંદ મેઘજી | લંડન |
| ૬૧૬ | હાલાઈ દેવજી કરશન | બોલ્ટન |
| ૬૧૭ | ભૂડીયા રામજી હરજી | બોલ્ટન |
| ૬૧૮ | હાલાઈ મનજી ગાંગજી | બોલ્ટન |
| ૬૨૨ | હાલાઈ મનજી બી. | એજવેર |
| ૬૨૩ | અજવાણી કરશન માવજી | બોલ્ટન |
| ૬૫૫ | ભંડેરી કાંતિલાલ એન. | લંડન |
| ૭૫૦ | હિરાણી કલ્યાણ કરશન | નાઈરોબી |
| ૭૫૮ | પટેલ વાલજી પી. | મોમ્બાસા |
| ૭૫૯ | ગોરસીયા કરશનભાઈ ડી. | મોમ્બાસા |
| ૯૪૫ | પટેર રામભાઈ | લંડન |
| ૧૩૭૮ | રાઠોડ હરિલાલ જે. | લેસ્ટર |
| ૨૭૨૮ | કટારીયા એમ. જી. | લંડન |
| ૫૮૮૬ | પટેલ આસિત | કેનેડા |

# સેવામૂર્તિ ગંગામા

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

(માના હૈયામાં સદા વાત્સલ્યનાં અમીઝરણાં વહેતાં હોય છે. મા એ તો અખૂટ વહેતું પ્રેમનું ઝરણું છે. જ્યાં વાત્સલ્ય છે, ત્યાં વૈકુંઠ છે. જ્યાં સ્નેહ છે, ત્યાં સ્વર્ગ છે. પ્રેમનું ઉત્કટ રૂપ એટલે 'મા' માના નિર્વ્યાજ પ્રેમ અને મમતાની તોલે કશું જ ન આવે. જેના અખૂટ પ્રેમને ક્યારેય પાનખર ના નડે તેનું નામ'મા'. રડવું હોય તો પિતાનો ખભો મળે, પણ માતાનો તો ખોળો જ મળે ! મા જેવી કોઈ છાયા નથી, મા જેવી કોઈ પરબ નથી. દુનિયામાં સહુથી મોટી પાઠશાળા છે - માની ગોદ. આથી જ કહ્યું છે કે, ''એક સુમાતા સો શિક્ષક બરાબર છે.'' 'મા' એટલી બધી મોટી છે કે માની 'મા' ને આપણે 'નાની મા' કહીને સંબોધીએ છીએ ! માની છત્રછાયા એ ઘેઘૂર વટવૃક્ષની છત્રછાયા કરતાં પણ વધુ વિશાળ છે. સંસારની બે કરુણતા છે : મા વિનાનું ઘર અને ઘર વિનાની મા ! બચપણમાં જેણે તમને પાળ્યા, ઘડપણમાં એના હૈયા બાળ્યા તો યાદ રાખજો..... તમારા ભાગ્ય પરવાર્યા ! અત્રે આપણે જે 'ગંગામા' ની વાત કરવાના છીએ એ છે મધુર લાગણી સભર વહાલસોયા શ્રીજી મહારાજ પ્રત્યેનું માનું વાત્સલ્ય, વાત્સલ્યનો અમૃત સ્પર્શ અને પ્રેમની વર્ષા!)

**''હાડહાડમાં હેત ભર્યું, જેને વેણ વેણ વરદાન;**
**દેખ, ઘરેઘર એજ બિરાજે, ભૂતળમાં ભગવાન !''**

●●●

**'' 'મા' કંટક વગરનો બાગ, જાણે પંખીએ છેડેલો રાગ.''**

●●●

**'' 'મા' પાનખર વગરની વસંત, મમતાનો સાગર અનંત.''**

સહજ-આનંદના - સંદેશક શ્રી સહજાનંદ સ્વામી જેમને 'મા' કહીને સંબોધતા હોય એવાં સંપ્રદાયમાં એક જ બાઈ હતાં જેમનું નામ ગંગામા, ''गंगा पाप प्रणाशिनी इति !'' ગંગા એ તો મનુષ્યનાં પાપ ધોવાવાળી લોકમાતા ગંગા નદી છે. પરંતુ જેતલપુરનાં સેવામૂર્તિ ગંગામાની તો વાત જ નિરાળી છે. સંપ્રદાયમાં ગંગામાં ખૂબજ પ્રસિદ્ધ છે, કારણ કે મહારાજ તેમને 'મા' કહીને બોલાવતા. તેથી સર્વ સંતો તથા હરિભક્તો પણ 'મા' કહીને જ બોલાવતા.

આવાં મહાભાગ્યશાળી ગંગામાં અમદાવાદથી પંદરેક કિલોમીટરના અંતરે આવેલ જેતલપુરનાં વતની હતાં. જ્ઞાતિએ નાગર બ્રાહ્મણ હતા. એ અરસામાં આત્માનંદ સ્વામી, તેમના શિષ્ય રામાનંદ સ્વામી અને રામાનંદ સ્વામીના શિષ્ય સહજાનંદ સ્વામી. ગંગામાં આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામીના શિષ્ય હતા.

શ્રીજી મહારાજ જ્યારે જેતલપુરમાં ગંગામાને ઘેર પધારે ત્યારે ગંગામાં કહે : ''આવો ભત્રીજા, દીકરા પધારો.'' અને શ્રીજી મહારાજ પણ તેમને પ્રેમપૂર્વક કહે, ''હા, મા, હું આવ્યો.''

ગંગામાને મહારાજ પ્રત્યે પ્રેમભાવ ખરો પણ સાક્ષાત્ ભગવાન છે એવો ભાવ નહિ. રામાનંદ સ્વામી જેતલપુર પધારે ત્યારે ગંગામાં રસોઈ કરી હેતથી જમાડે. સ્વામીને ઈશ્વર ગણતાં. રામાનંદ સ્વામીના દેહવિલય પછી સાથવો અને મીઠું જ ખાવાનું નિયમ લીધું હતું.

એક વખત શ્રીજી મહારાજ અમદાવાદમાં અંબાબાઈના ચોકમાં સભા કરી વિરાજમાન હતા ત્યાં ગંગામા દર્શને આવ્યાં. મહારાજે કહ્યું : ''ગંગામા ! રામાનંદ સ્વામી તો આ સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજમાન છે માટે શોક ત્યજી અન્ન જમજો, પણ મનાયું નહિ.

આથી મહારાજે રામાનંદ સ્વામી રૂપે દર્શન આપ્યાં. પછી દૃઢ નિશ્ચય થયો. એક વખત રામાનંદ સ્વામીએ પોતાને સ્વપ્નમાં દર્શન દીધાં હતાં અને કહ્યું હતું કે, ''સહજાનંદ સ્વામી તો અવતારના અવતારી, કારણના કારણ અને અક્ષરધામના પતિ છે. હું તો ડુગડુગી વગાડું છું, વેશ ભજવનાર તો હવે આવશે. તમે તેમને 'ભત્રીજા, દીકરા' કહો છો, પણ એમ ન કહેવાય. માનવદેહ મોક્ષ પામવાનું અનુપમ સાધન છે. આ 'દેહ' પ્રમાદમાં હારી જતાં પુનઃ પ્રાપ્ત થવો દુર્લભ છે, માટે તક છે, ત્યાં કાર્ય સાધી લો.''

ત્યાર પછી મહારાજની આજ્ઞામાં રહેતાં ને ભજન-કીર્તન કરતાં. મહારાજ જ્યારે જેતલપુર આવે ત્યારે ગંગામાં મહારાજને માટે સુંદર રસોઈ બનાવતાં અને ભાવથી જમાડતાં. મહારાજને ગંગામાના હાથની રસોઈ બહુ ભાવતી. એમણે બનાવેલાં દાળ-ભાત અને શાક મહારાજ બહુ વખાણતા. મહારાજ જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કરતા ત્યાં ત્યાં ગંગામાં જતાં અને મહારાજ માટે પ્રેમથી રસોઈ બનાવતાં.

**અનુસંધાન પાના નં. ૧૭ પર**

# સાષ્ટાંગ દંડવત પ્રણામ શા માટે ?

- એન. એસ. ચૌધરી (બાલવા)



ભારતીય સંસ્કૃતિમાં અમૂક માન્યતાઓ મનુષ્ય માત્રના જીવનને ઉર્ધ્વગામી બનાવવા માટે પરમેશ્વર તરફથી મળેલ અમૂલક ભેટ છે. આપણી ધાર્મિક પ્રણાલિકાને વૈજ્ઞાનિક અર્થમાં સમજીએ તો તેમાં શારીરિક સાથે માનસિક ફાયદા છૂપાયેલા છે. શિક્ષાપત્રી શ્લોક ૭૮ માં શ્રીજી મહારાજે કહ્યું જે ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા, જ્યારે આપણે ભગવાનના દર્શન કરવા મંદિરમાં જઈએ ત્યારે આપણા ઈષ્ટદેવની સમક્ષ સાષ્ટાંગ દંડવત્ એટલે કે સ + અષ્ટ + અંગ કહેતા આઠ અંગો સાથે દંડવત કરવા, જેમાં પગ, હાથ, ઢીંચણ, છાતી (હૃદય), મસ્તક, ઈષ્ટ્ર (આંખ), વાણી અને મન (વૃતિ)નો સમાવેશ થાય છે. સાષ્ટાંગ દંડવત કરવાનો અધિકાર માત્ર પુરુષોને જ હોય છે.

ભગવાનને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતી વખતે દંડ કહેતા લાકડીની માફક સાવ સીધા સૂઈ જઈને આઠ અંગો કામ લાગે તો જ સાચા અર્થમાં દંડવત પ્રણામ કર્યા કહેવાય, દંડ કે લાકડી સીધી હોય છે, તેવી રીતે આપણે દંડની માફક સીધા-સરળ બનીને ભગવાનના ચરણોમાં પડીને મન, વાણી, સ્તુતિ, પ્રાર્થના કે મંત્રજાપ દ્વારા હું ભગવાનના બંને ચરણોમાં સ્પર્શ કરું છું. એવી ભાવના કરવી.

શ્રીજી મહારાજે લુપ્ત થયેલી આ પ્રણાલિકાને નવસર્જન કરી સાષ્ટાંગ દંડવતના માધ્યમે માનવ જીવનમાં નમ્રતા વધે અને અહંકાર ઘટે સાથે સાથે સમર્પણની ભાવના પેદા થાય તે અર્થે પોતાના સંપ્રદાયમાં સત્સંગી માત્રને આજ્ઞા કરી છે. તેથી આપણા મંદિરોમાં ગવાતી સ્તુતિ.

"વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા"
ત્રાતા તમે સકલ મંગલ શાંતિ દાતા,
માટે તમારું કરૂણાનિધિ સત્યનામ
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ

પ્રાર્થના : હે અખિલ બ્રહ્માંડોના દેવોના પણ દેવ, સૌને સુખ-શાંતિ આપનારા, સત્ય-દયાળુ સ્વભાવ છે જેમનો એવા ધર્મનંદન શ્રીહરિને હું આપને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરું છું.

"અજ્ઞાનપાસ કરૂણા કરી કાપી નાખો"
નિત્યે પ્રભુ તવ પદે મમવૃતિ રાખો
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ

હે પ્રભુ હે દયાળુ અમારું અજ્ઞાન હરી જ્ઞાનનો દિપક પ્રગટાવો, નિત્ય પ્રત્યે તમારા ચરણોમાં જ અમારું મન રહે તથા ભક્તજનોનું સર્વ દિશાએથી રક્ષણ કરનારા હે સ્વામિનારાયણ મહાપ્રભુ હું આપને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરુ છું.

નમે તે સૌને ગમે તે ન્યાયે શ્રીજી મહારાજે સત્સંગમાં પ્રર્વતાવેલી આ દંડવત પ્રથાને શરણાગતિનું પ્રતિક સમજી પ્રભુ પ્રસન્નતાર્થે જીવનમાં ઉતારીએ.

**સરનામું બદલવા માટે ગ્રાહક નંબર જરૂરી**

શ્રી સ્વામિનારાયણ અંકમાં જે તે સભ્ય પોતાનું રહેઠાણ બદલે ત્યારે નવા સરનામાં સાથે પોતાનો સભ્ય નંબર અચૂક જણાવવો. **સભ્ય નંબર વગર સરનામું બદલાશે નહી.** અને પોતાના વિસ્તારનો પીનકોડ નંબર પણ જણાવવો જરૂરી છે.

# "દિવ્ય-સંકલ્પ" ની સાથે સાથે



ગુજરાતી શબ્દકોષમાં "સંકલ્પ" એક અદ્ભુત શબ્દ છે. તે શુભ પણ હોઈ શકે અને અશુભ પણ ! મહારાજ મને નામ લઈને બોલાવે તો જાણીએ કે એ ભગવાન છે, મહારાજ મને એમનાં ચરણોનાં સોળ ચિન્હોનાં દર્શન કરાવે તો એ ભગવાન સાચા, મહારાજ મારી પાસેથી ગુલાબનો હાર માંગી લે તો એ સાચા ભગવાન આવા તો અનેક સંકલ્પો મહારાજ પૂર્ણ કરતા અને આવનાર મુમુક્ષુજીવને ભગવાન પણાનો પરિચય કરાવીને પોતામાં જોડતાં!

સર્વાવતારી શ્રીહરિ સાથે જોડાયેલો પ્રત્યેક સંકલ્પ મોક્ષ માર્ગ પ્રતિ દોરે છે. એમણે ઉપયોગમાં લીધેલી પ્રત્યેક વસ્તુ એ માત્ર જડ પદાર્થ નથી. પરંતુ દર્શન કરવા માત્રથી પણ વ્યક્તિના અંતરમાં શાંતિના શેરડાં પાડે એવી અલૌકિક છે. માણસ જ્યારે ભગવાન બનવાનો પ્રયત્ન કરે છે કે ભગવાન બનીને બેસે છે ત્યારે એના સંપર્કમાં આવતાં અનેક જીવોનું અહિત થાય છે અને ભગવાન જ્યારે મનુષ્ય દેહે અવતરે છે ત્યારે અનંત જીવોનો ઉદ્ધાર કરે છે. એમાંય પ્રગટ પ્રમાણ પુરુષોત્તમનારાયણ એવા શ્રી સહજાનંદ સ્વામી મહારાજે તો કમાલ કરી છે. એમનાં સામર્થ્યની કોઈ સીમા નથી ! અમથા અમથા પોતાનાં ચરણારવિંદોની છાપો નહોતા આપતા પોતે ઉપયોગમાં લીધેલી ચીજ વસ્તુઓને પ્રસાદીરૂપે પ્રેમાળ ભક્તજનોને અકારણ નહોતા આપી દેતા, એ તમામ લીલાઓ પાછળ એક શુભ આશય હતો - જીવનું શ્રેય કરવાનો - કલ્યાણ કરવાનો. જે કોઈ અમારાં ચરણારવિંદના ભાવે કરીને દર્શન કરશે કે અમે ઉપયોગમાં લીધેલી અમારા સ્પર્શવાળી નાની મોટી ચીજ વસ્તુઓનાં પણ દર્શન કરશે - એ સૌનું અમે જરૂર કલ્યાણ કરીશું - આવી "સર્વજીવ હિતાવહ" ની ઉદ્દાત ઈશ્વરીય ભાવના એમાં છુપાયેલી હતી.

શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના છઠ્ઠા આચાર્ય મહારાજશ્રી એવા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" બનાવવાનો દિવ્ય સંકલ્પ કરીને શ્રીહરિની એ ભાવનાને સાકાર સ્વરૂપ આપવા પ્રયત્ન કર્યો છે.

આપણા સંપ્રદાયનું આ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વિશ્વનું સર્વ પ્રથમ અને છેલ્લું એવું મ્યુઝિયમ હશે કેમ કે ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસાદીની એ વસ્તુઓ બેજોડ છે. અલૌકિક છે - એક જ છે - એનું હવે ક્યારેય રીપ્રોડકશન થવાનું નથી ! એટલે જ જગતનાં સર્વે મ્યુઝિયમોથી એ અલગ અને અલૌકિક બની રહેશે - એમાં ભગવાનની ચીજ વસ્તુઓ છે

શ્રીહરિની અંગભૂત પ્રસાદીની એ સર્વે ચીજ વસ્તુઓ ધર્મવંશી આચાર્ય પરંપરામાં જેવી હતી તેવી જ જળવાયેલી રહી છે - સાચી છે - મૂળભૂત અને પ્રમાણિત છે - **Original** છે. સંતો અને હરિભક્તો પાસેથી વંશપરંપરાથી પ્રાપ્ત થયેલી અને રજુ થનાર એ સર્વે ચીજ વસ્તુઓ પણ એટલી જ સાચી છે - પ્રમાણભૂત અને પવિત્ર છે - કેમ કે એની કસોટી કરીને અને ઐતિહાસિક પ્રમાણો દ્વારા માન્ય કરીને એને સ્વીકારી છે અને પ્રદર્શનમાં રજુ થનાર છે. એટલે એ તમામ ચીજ વસ્તુઓ **Duplicate** કે ખોટી હોવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થવાનો નથી.

"દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને" રૂપાની એ રૂપાળી સળી થી લઈને "ચાખડીએ ચઢીને વહાલો

ચટકંતો ચાલે'' - જેનો ધ્વનિ સાંભળવા માત્રથી લોકોને સમાધિ થઈ જતી - શ્રીહરિની એ ચાખડીઓ - એવી તમામ પ્રસાદીની અંગીભૂત ચીજ વસ્તુઓ આગામી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં વિશ્વજનોનાં દર્શનાર્થે ખુલ્લી મૂકવામાં આવનાર છે.

પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પને સાકાર સ્વરૂપ આપવાનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. દિવસ અને તારીખ પણ નક્કી છે. તા. ૮-૩-૨૦૧૧ ને ફાગણ સુદી ત્રીજ સંવત ૨૦૬૭ શ્રી નરનારાયણદેવનો ૧૮૯ મો પાટોત્સવ દિન ! કેવો સુંદર જોગાનું જોગ છે - અને કેમ ન હોય ! શ્રી નરનારાયણદેવ અને ભગવાન શ્રી સ્વામિનારાયણને સુધો મેળાપ છે !

પ.પૂ. મોટા મહારાજશ્રીએ આ શુભ-ભાવનાને મૂર્તિમંત કરવા ને વાસ્તે, નિવૃત્તિ લીધા પછી પણ સતત પ્રવૃત્તિશીલ રહીને અથાગ પ્રયત્નશીલ રહ્યા છે અને રહે છે.

આપણા દેશમાંથી તો આ માટે સત્સંગીઓનો સાથ-સહકાર મળતો જ રહ્યો છે અને રહે છે. પરંતુ વિદેશોમાં વસતા આપણા નિષ્ઠાવાન સત્સંગી પરિવારો પણ આ કાર્યમાં પોતાનું યોગદાન આપવા અત્યંત ઉત્સાહિત છે. તેઓ અવાર-નવાર પૂ. મહારાજશ્રી તથા પૂ. મોટા મહારાજશ્રીને, પૂ. ગાદીવાળાને તથા પૂ. મોટા ગાદીવાળાને એમ ધર્મકુળને આમંત્રિત કરે છે અને એ દ્વારા એમનાં દર્શનનો લાભ પ્રાપ્ત થાય અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી અર્પણ કરીને જીવનને ધન્ય બનાવવાની તક પણ પ્રાપ્ત થાય - એમ બેવડો લાભ મેળવી લે છે !

તાજેતરમાં તા. ૪-૩-૨૦૧૦ થી ૨૨-૩-૨૦૧૦ એમ લગભગ બે અઠવાડિયા માટે આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી નોર્થ અમેરિકાના પ્રવાસે ગયા હતા. સાથે પૂ. નિર્ગુણ સ્વામી, કોલોનિયા મંદિરથી પૂ. ધર્મવલ્લભ સ્વામી તથા વિહોકન મંદિરથી પૂ. માધવ સ્વામી સાથે હતા તથા વોશિંગ્ટન ડી.સી. ચેપ્ટરના આગેવાન હરિભક્ત પ.ભ. શ્રી કનુભાઈ એમ. પટેલ સહિત આઈ.એસ.એસ.ઓ. ના જુદા જુદા ચેપ્ટરના આગેવાન સન્નિષ્ઠ સત્સંગી બંધુઓ એ પ્રવાસમાં જોડાયા હતા. સતત ૧૮ દિવસો દરમ્યાન અનેક ઠેકાણે સંખ્યાબંધ પધરામણીઓ કરી હતી. દૂર દૂરથી પોતાનો સત્સંગી પૂ. મહારાજશ્રીને ભાવથી બોલાવે એટલે દરેકના ઘેર તેઓશ્રી પધાર્યા હતા. એ સત્સંગી કેટલું યોગદાન આપશે એ મહત્વનું નહોતું પરંતુ શ્રીહરિના અપર સ્વરૂપના પવિત્ર પગલાં એનાં ઘેર પડે એટલે એ જીવનું શ્રેય થાય - એ ભાવના પ્રથમ હતી. સતત પ્રવાસમાં ઘણી અગવડો પણ હોય પરંતુ એ તમામને અવગણીને સંતો તથા એમની સેવામાં સતત પૂ. મોટા મહારાજશ્રીની સાથે રહેતા એ સર્વે સત્સંગીભાઈઓ સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી બધાના ઘેર પધારેલા અને એ ભાવિક ભક્તજનોનું યોગદાન સ્વીકારી એમને આશીર્વાદ આપેલા.

પધરામણી દરમ્યાન એક જગ્યાએ એવું બન્યું કે મમ્મી-પપ્પા હાજર રહેવાનાં હતા - જોબમાંથી વચ્ચે થોડા સમય કાઢીને આવવાના હતાં. પરંતુ સંજોગવશાત્ ઘરે હાજર નહોતાં માત્ર એમનાં બે બાળકો એક બાબો એક બેબી - પાંચ દશ વર્ષની ઉંમરના હાજર હતા - ઘર રમકડાંથી અસ્ત વ્યસ્ત હતું. પૂ. મોટા મહારાજશ્રી અને સંતો તો સમયસર આવી ગયાં. પૂ. મહારાજશ્રી શાંતિથી બેઠા. સંતોએ દીવેટ બનાવીને આરતી પ્રસાદ તૈયાર કર્યા અને આરતી ઉતારીને ત્યાં જ પેલા સત્સંગી દંપતિ દોડતાં દોડતાં આવ્યા. એ ભાઈશ્રી તરત જ પૂ. મહારાજશ્રીના ચરણોમાં રીતસર આળોટી પડ્યા ! અહોભાવ થી કોઈ શબ્દ પણ બોલી શક્યા નહિ. પૂ. મહારાજશ્રી ની અમીમય આંખો એ હરિભક્તની ભાવનાને આશીર્વાદ આપતી રહી ! વિદેશનાં આવાં ઉર્મિશીલ દ્રશ્યો આપણા દેશમાં દુર્લભ છે !

લગભગ દશેક સત્સંગ સભાઓનું પણ આયોજન કરવામાં આવેલું. જ્યાં જ્યાં સત્સંગ સભા થતી હતી ત્યાં ત્યાં, આસપાસ અને દૂરથી સત્સંગીઓ ઉમટી પડતા. કીર્તન ભક્તિ સંતોના પ્રવચનો અને પૂ. મોટા મહારાજશ્રીનાં આશીર્વચનો નો લાભ લેતા. સભામાં ડી.વી.ડી. વિડિયો દ્વારા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમપ્રોજેકટના અત્યાર સુધી ના તૈયાર થયેલા બાંધકામની તેમાં મૂકવામાં આવનાર શ્રીહરિની દિવ્ય

પ્રસાદીની ચીજ વસ્તુઓની માહિતી તથા ભવિષ્યમાં એની જાળવણીની તથા ખાસ તો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ શા માટે ? એનો હેતુ અ: ડી.વી.ડી. વિડિયો શો દ્વારા સમજાવવામાં આવતો હતો. એ ડી.વી.ડી. શો ને જોયા પછી સભામાં બેઠેલા સત્સંગીઓ તો ખરા જ પરંતુ પરોક્ષના અન્ય ધર્મપ્રેમી જનો પણ ઊભા થઈ ને પોતાનો યથાયોગ્ય ફાળો નોંધાવતા અને પૂ. મોટા મહારાજશ્રીના રૂબરૂ આશીર્વાદ પ્રાપ્ત કરીને પોતાને ધન્ય માનતા.

વિદેશમાં વસતા આપણા સત્સંગીઓનાં નાનાં નાનાં ભૂલકાંઓ - પાંચ થી દસબાર વર્ષના બાળકો પણ પાછા પડે એમ નહોતા. પોતાના પોકેટમની માંથી પાઈ પાઈ (પેની) ભેગી કરીને બચાવેલા પાંચ, અગિયાર એકવીસ કે એકાવન ડોલર રોકડા લઈને આવીને પૂ. મહારાજશ્રીને અર્પણ કરતા. પૂ. મહારાજશ્રી પણ રાજી થઈને બાળકોને આશીર્વાદ આપતા - આવા દશ્યો ખરેખર જોવા લાયક હતા ! આપણા સત્સંગી બહેનો પણ એવા જ ઉત્સાહિત હતા. બધાં ભેગા મળીને પોતાના અંગત રૂપિયામાંથી ફંડ ફાળો એકત્રિત કરી મહિલા-મંડળ તરફથી અર્પણ કરતા.

અમેરિકા જેવા દેશમાં સુખ સુવિધા બેશુમાર છે. પરંતુ એ પ્રાપ્ત કરવા માટે અને એ સુખને સતત વહેતું રાખવા માટે સખત મહેનત અને પ્રચંડ પુરુષાર્થ સતત કરતાં રહેવો પડે છે. અત્યારની વિશ્વવ્યાપક મંદીમાં અમેરિકા બૂરી રીતે સપડાયેલું છે. ત્યારે પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અને આપણા મૂળ સંપ્રદાય અને એની પ્રણાલિને નિષ્ઠાપૂર્વક વળગી રહેલાં આપણાં સર્વે સત્સંગીઓ સુખી છે. અને જ્યારે જ્યારે આવા પ્રસંગો આવે ત્યારે એમાં પોતાનું આર્થિક યોગદાન અચૂક આપે છે આપતા રહે છે. નાના નાના બાળકોને અહીં સતત એકાંત કરડી ખાતું રહે છે. ક્યાંય કોઈ જોવા ન મળે - બહાર ઠંડી પણ એટલી એટલે માત્ર ઘરમાં પૂરાઈ રહેવાનું. આવી વિષમ પરિસ્થિતિમાં પણ સત્સંગીનાં બાળકો સત્સંગનું મહત્વ સમજે છે અને એટલે જ વગર ખચ ખચાટે તરત જ પોતાની અંગત બચત મૂડીને આવી રીતે દાનમાં અર્પણ કરી શકે છે ! ધન્યવાદ છે આ સર્વે બાળકોને.

અમેરિકામાં ફરવું એટલે બસ જલસા અને લીલા લહેર જ હોય - એ માનવું ભૂલ ભરેલું છે. પૂ. મોટા મહારાજશ્રી કે પૂ. મહારાજશ્રીના વિશેષ પ્રવાસ દરમ્યાન એમની સાથે ફરતા રહીને જોયા જાણ્યા અને માણ્યા પછી જ ખબર પડે કે એ ધારીએ એટલું સરળ નથી. ધર્મકુળ પરિવાર અવાર-નવાર અહીં આવીને વિદેશમાં વસતા આપણા સત્સંગી પરિવારોમાં સત્સંગની જ્યોત પ્રજવલિત રાખતા રહે છે. અને સત્સંગ જળવાઈ રહે એ જ એમનો પ્રવાસ હેતુ રહ્યો છે.

પ્રત્યેક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી જે આશીર્વચનો આપતા એ પણ એટલાં જ મર્મશીલ અને મનનશીલ રહ્યાં હતાં. પોતાના દિવ્ય સંકલ્પ એવા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની અંતર્ગત સુક્ષ્મમાહિતી તથા તેનો ઉમદા હેતુ એમના સ્વમુખેથી સાંભળ્યા પછી ઘણા ધર્મપ્રેમી જનો ઉભા થઈને આ દિવ્ય અભિયાનમાં એમનો ફાળો નોંધાવતા.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વર્ષ દરમ્યાન આપણે પણ આપણું યથાયોગ્ય યોગદાન આપીને આપણા જીવનને ધન્ય બનાવીએ. પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પને સાકાર કરવા - ગોકુળના ગોપ બાળોની જેમ આપણે માત્ર લાકડી અડાડીને પણ ગોવર્ધન પર્વત રૂપી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમને સાકાર કરવામાં મદદરૂપ થઈએ.

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (ન્યુજર્સી-અમેરિકા)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં દેશ વિદેશના સત્સંગ સમાચાર અને ફોટોગ્રાફ મોકલવા અંગે**

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં સત્સંગ સમાચાર મોકલનારને ખાસ સૂચન છે કે જે તે માસની ૨૦ તારીખ સુધીમાં કાર્યાલયમાં મળે તે રીતે સત્સંગ સમાચાર ખૂબજ મુદ્દાસર અને ટૂંકા, સ્વચ્છ અક્ષરે લખીને મોકલવા. ત્યારબાદ આવેલા સત્સંગ સમાચાર તે પછીના અંકમાં પ્રકાશિત થશે. તેની ખાસ નોંધ લેવી. લંબાણ પૂર્વકના સમાચાર લખવા નહિ.

# શ્રીજી મહારાજે દર્શાવેલા દુઃખ નિવૃત્તિના રાજમાર્ગ

- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

સમુદ્રમાં એક જ ગતિથી વહાણો વિહરતા નથી. પરંતુ અવાર-નવાર આવતા પવનના તોફાનોને કારણે વહાણોની ગતિ અવરોધાય છે. વહાણો હાલક ડોલક થઈ જાય છે. માણસના જીવનમાં પણ સુખ દુઃખના પવનો વાતા રહે છે. એવી લોકોક્તિ પણ છે કે "દસકો સુખ દસકો દુઃખ" દસ વર્ષ સુખમાં જાય ત્યાર બાદ કોઈ દસ વર્ષ દુઃખમાં વ્યતીત થાય. સુખમાં અને દુઃખમાં સમતા દાખવનારાઓને સ્થિત પ્રજ્ઞ કહે છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ સ્થિતપ્રજ્ઞના લક્ષણો વર્ણવ્યા છે. સુખ કરતાં દુઃખમાં માણસ દિશાશૂન્ય બની જાય છે. દુઃખ જીરવવું ખૂબજ કઠણ છે. દુઃખ જ્યારે આવે છે ત્યારે માણસ અવાક બની જાય છે. દુઃખને કારણે માણસ અનેક રોગોના ભોગ પણ બને છે. જીવનમાં દુઃખનાં ડુંગરો તૂટી પડે ત્યારે માનવી ભગવાનને સ્મરે છે. તેનો આશ્રય શોધે છે. શાંતિ માટે વલખાં મારે છે.

આ દુન્યવી દુઃખોમાંથી મનુષ્યોને ઉગારવા માટે શ્રી સહજાનંદ સ્વામીએ વચનામૃતોમાં દુઃખ નિવૃત્તિના રાજમાર્ગ દર્શાવ્યા છે. આ રાજમાર્ગ પર વિહરનારા જનોને દુઃખ સ્પર્શી શકતું નથી. આપો આપ દુઃખની નિવૃત્તિ થઈ જવા પામે છે. શ્રીજી મહારાજે ગઢડા પ્રથમના ૩૪ માં વચનામૃતમાં ઉપબોધ્યું છે કે, "ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે અને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે."

સાચા સંતના સામર્થ્યને આગળ ધરી સુખ દુઃખ સમયે સંતસમાગમની વિશેષતા ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪ માં વચનામૃતમાં શ્રીહરિએ દર્શાવતાં વર્ણવ્યું કે, "ગૃહસ્થના ધર્મ તો ઘણા કઠણ છે અને અનંત પ્રકારના સુખ દુઃખ આવી પડે ત્યારે સંતની સેવામાંથી અને ધર્મમાંથી મનને આડું અવળું ડોલવા દે નહિ અને એમ સમજે જે સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણી અને કલ્પવૃક્ષ મળ્યા છે અને ધન-દોલત દીકરા-દીકરી એ તો સર્વે સ્વપ્ન તુલ્ય છે. અને સાચો લાભ તો સંતનો સમાગમ મળ્યો એ જ છે. એમ સમજે અને કોઈપણ ભારે દુઃખ આવી પડે પણ તેથી પાછો પડે નહિ. એવો ગૃહસ્થ શ્રેષ્ઠ છે."

ગઢડા પ્રથમના ૬૧ માં વચનામૃતમાં શ્રીહરિ ઉદ્‌બોધે છે કે, "જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઈએ, જે ભગવાન મને જેમ વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ થશે. અને પળમાત્ર મારાથી છેટે નહીં રહે. એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારૂં પાછો પગ ભરવો નહિં."

સત્સંગીજનોને કોઈપણ પ્રકારના ભયંકર દુઃખ આવવાના હોય દા.ત. તેના નસીબમાં રામપત્તર અને એક વીંછીના ડંખની વેદના પણ થવાનું લખ્યું હોય તો તેવી પીડાઓમાંથી સત્સંગી મુક્ત થાય તેથી અનેક ઘણી પીડા પોતાને આવે તેવા બે મહાન વચન ગુરુ રામાનંદ સ્વામી પાસેથી શ્રીહરિએ અવતારી લીલામાં માગી લીધા છે. તેથી જ ગઢડા પ્રથમના ૭૦ માં વચનામૃતમાં શ્રીજી મહારાજે જણાવ્યું કે, "અતિશય દુઃખ થવાનું હોય તો એમાંથી જીવને એમ સમજાતું નથી કે ભગવાનની કૃપાથી તે દુઃખ અવશ્ય દૂર થઈ જશે. જો શૂળીનું દુઃખ લખ્યું હશે તો તે કાંટેથી ટળી જશે."

વિશેષમાં જેતલપુરના પાંચમા વચનામૃતમાં શ્રીજી મહારાજે ભક્તજનોના દુઃખોના નિવારણ માટે ખાત્રી આપીને ઉપબોધ્યું છે કે, "અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ કોઈ આવી પડશે તેથી અથવા સાત દકાલી (દુષ્કાળ) જેવું દુઃખ પડશે તો તે થકી રક્ષા કરશું. અને કોઈ ઉગર્યાનો આરો નહિ હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો." જ્યારે વડતાલના પાંચમાં વચનામૃતમાં ભગવાનના આસરાની વાત આગળ ધરીને શ્રીહરિ વદ્યા કે, "ભગવાનનો દૃઢ આશરો જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે ને પ્રભુની મરજી હોય તે પ્રમાણે જ વર્તે."

આમ શ્રી સહજાનંદ સ્વામીએ તમામ ભક્તજનો માટે દુઃખો આવી પડે ત્યારે એ દુઃખોને દૂર કરવાના અર્થાત્ દુઃખ નિવૃત્તિના રાજ માર્ગ દર્શાવી ભક્તજનોને નવીપ્રેરણા અને બળ આપ્યા છે.

# આનંદની હેલી

<u>વિવાહમાં દહીં લેપન વિધિ</u>

પોતાના દીકરાને પરણાવવાનો મા-બાપને કેટલો બધો હરખ હોય છે. ગમે તે મા-બાપ હોય દીકરાને પરણાવવા માટે ક્યારના બચત કરતા હોય, ધામધૂમથી તૈયારી કરે. આખું જગત જોવા ઉમટે એવો અવસર ઉજવે.

તો મહારાજને મન દાદાખાચર વિશેષ હતાં ! મહારાજ તો દાદાખાચરના અણવર થઈને તેમનો રથ જાતે ચલાવ્યો. મહારાજ કેવા ભક્તવત્સલ છે ! દાદો ના.... ના..... કહેતો રહ્યો ને મહારાજે રંગ રહી જાય એવો અવસર ઉજવ્યો.

આ લગ્ન પ્રસંગમાં દેશદેશમાંથી સંતો અને હરિભક્તોને આમંત્રણ પત્રિકાઓ મોકલીને તેડાવ્યા હતા. કંદોઈ પાસે પાંચ પકવાન્નની રસોઈ બનાવડાવી જમ્યા પછી દહીં અને સાકર ખૂબ પીરસ્યાં. દહીં ખૂબ વધ્યું. પીરસનારા સંતો બોલ્યા મહારાજ ! આ દહીંનું શું કરશું ? મહારાજ કહે દહીં તો શુકનીયાળ વસ્તુ છે. દરેક મંગળ પ્રસંગમાં તેનો ઉપયોગ થાય છે. લાવો આપણે મંગળ પ્રસંગમાં દહીંનો સારો ઉપયોગ કરીએ. જુઓ, આ માતરા ધાધલ વેવાઈ પક્ષના છે. અને મહાનુભાવાનંદ સ્વામી તેના ભાઈબંધ છે. એટલે એ બંને વેવાઈ પક્ષના કહેવાય. લાવો આપણે તેમના માથે દહીંનો લેપ કરીએ.

પ્રભુએ દહીંને સાકર ભેગા કર્યા. માતરા ધાધલ અને મહાનુભાવાનંદ સ્વામીના માથા ઉપર દહીં નાખીને ચોળવા લાગ્યા. આ અદ્‌ભુત લીલાના દર્શન કરવા સંતો, હરિભક્તો તથા અન્ય લોકો ઉત્સુકતાથી દોડી દોડી ત્યાં આવ્યા. શ્રીહરિએ તો સ્વામીના આખા શરીરે દહીં ચોપડી દીધું. જાણે દહીંના જ વાધા પહેર્યા હોય. એવા શ્વેત મૂર્તિ સ્વામીને જોઈને લોકોને મન ઉત્સવ થયો. સંતો-ભક્તો બહુ હસતા હતા.

સુંદર મંગલ હાસ્ય પ્રસંગ ઉજવાઈ ગયો.

બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી ત્યાં હાજર નહોતા, પછી મોડેથી બંને સંતો મહારાજને કહેવા લાગ્યા. પ્રભુ ! આજના મંગલ અવસરે આપે કોઈક ભાગ્યશાળી ઉપર દહીં લેપન વિધિ કરી હતી. અમને તો આ દુર્લભ લીલાના દર્શન જ ન થયા. શ્રીહરિ કહે, સંતો તમને પણ ક્યારેક એ લીલા દેખાડશું. એટલું કહીને મહારાજ પોતાને ઉતારે જઈને પોઢી ગયા. બીજા દિવસે જલેબી આદિ પકવાનની રસોઈ હતી. આ તો દાદાના વિવાહનો પ્રસંગ હતો. એટલે સંતો-હરિભક્તો અને સગા સંબંધીઓને જાત દેખરેખ હેઠળ ખૂબ જમાડ્યા. તૃપ્ત કર્યા. પછી મહારાજે જાહેરાત કરી, સંતો ! અમે તો આજે ખૂબ જમ્યા છીએ. છતાં તમારે અમને હજુ વધારે જમાડવા હોય તો એક તક છે. તમે લોકો જલેબીના જેટલા ગૂંચળા જમશો એટલા જ અમે જમીશું.

મહારાજને જમાડવાની ઈચ્છાથી કેટલાક સંતો બોલ્યા, લાવો મહારાજ એક ગૂંચળું, લાવો એક ગૂંચળું. એમ માંગનાર દરેકને એક એક ગૂંચળું આપીને પોતે પણ એટલા જ ગૂંચળા જમ્યા. પ્રભુએ ફરીથી લાલચ આપી સંતો ! હજુ તમે જો એક એક ગૂંચળુ જમો તો તમારી છાતીમાં ચરણારવિંદ આપું. મહાદુર્લભ ચરણારવિંદના લાલચુ સંતો પરાણે પરાણે એક એક ગૂંચળું જમ્યા અને ઈષ્ટદેવ શ્રીહરિના ચરણારવિંદ છાતીમાં લીધા. એ વખતે હોંશિયાર એવા મહાનુભાવાનંદ સ્વામીએ જલેબીના અગિયાર ગૂંચળા લીધા. ધીરે રહીને પોતે પહેરેલી અલ્ફી (ઝબ્બા જેવું ભગવું વસ્ત્ર) માં સંતાડી દીધાં. આમ કરીને અગિયાર વખત ચરણારવિંદ લીધા છે. છેલ્લે ચળુ કરીને જલેબીના ગૂંચળા તાંબાના વાસણમાં મૂક્યા. ચૈતન્યાનંદ સ્વામી આ જોઈ ગયા. મહારાજ! આ મહાનુભાવાનંદ સ્વામીએ કપટ કર્યું છે. એકપણ જલેબી ખાધા વગર અગિયારવાર ચરણારવિંદ લીધા છે !

મહારાજ કહે શું થાય ! આ માતરોને મહાનુભાવાનંદ બંને સસરાપક્ષના છે તે આપણે કાંઈ કહેવાય છે ! તેમણે ચોરી કરીને અમને છેતર્યા એટલે હવે અમે તેમને શિક્ષા કરીએ છીએ. એમ કહીને પ્રભુએ દહીં ભરેલું પાત્ર ઉપાડ્યું અને મહાનુભાવાનંદ સ્વામીના માથે રેડીને આખા શરીરે દહીંનો લેપ કર્યો.

દહીંથી ખરડાયેલા જોઈને બ્રહ્મમુનિને અન્ય સંતો હસવા માંડ્યા. સ્વામીને દર્શન બાકી હતાં તે પણ થઈ ગયા. ત્યાં પ્રભુની નજર બ્રહ્માનંદ સ્વામી ઉપર પડી. સ્વામીને હસતા જોઈને મહારાજે દૂધનો ઘડો તેમના ઉપર રેડ્યો. જય જયકાર અભિષેક થયો. સર્વત્ર આનંદ આનંદ થયો. એ રીતે દાદાખાચરનો વિવાહ મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો. સંતો અને પોતીકા હરિભક્તોએ આનંદરસની લૂંટાલૂંટ કરી.

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

# સત્સંગ સુરભિ

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (ન્યુજર્સી-અમેરિકા)

## "અમારું બિરુદ અમે કેમ ચૂકીએ !"

જામનગર તાબાનું કંડોરણા ગામ- ઘી નદીને કિનારે આવેલું પંખીના માળા જેવું નાનકડું ગામ. અહીં પટેલ અને બ્રાહ્મણોનાં ઘર વધારે. ગામના ધણી ભાદા પટેલ હતા. પોતે વૈષ્ણવ ધર્મી હતા.

ગામમાં ગોપાળ બારોટ અને ડોસા બારોટ મહારાજના સત્સંગી. એકવાર અચાનક એમને ત્યાં મહારાજ પધાર્યા. અણધાર્યા અતિથિ બનીને આવેલા મહાપ્રભુને જોઈ બંને જણ ધાંધાપાંધા થઈ ગયા.

પલંગો ઉપર ધોળી ફૂલ જેવી ઘડકિયો પાથરી મહારાજને ઉતારો આપ્યો. ગોપાળ ભગતતો મહારાજનાં ચરણોમાં ઢગલો થઈને બેસી જ ગયા.

"બસ પ્રભુ ! આવ્યા છો તો અઠવાડિયું અહીંજ નિવાસ કરો !" એમનો વ્યવહાર સબળ ભલે નહોતો પરંતુ બન્ને ભગત દિલનાં રાજા હતા. સાંજ ને ટાણે ઘી નદીમાં સખાઓ સંગે જળક્રીડા કરી વસ્ત્રપરિધાન કરી મહારાજ આંબલીઓની ઘાટી છાયામાં વિરાજ્યા. ગામનાં ભક્તજનો પણ આવીને બેઠા. એમાં એક બ્રાહ્મણ પણ આવેલો. શ્રીહરિની સલુણી મૂર્તિના પ્રથમવાર જ દર્શન કર્યા. મહારાજની પ્રતિભા અને મહિમા વિષે એણે ઘણું સાંભળેલું.

સઘન વૃક્ષોની લીલીછમ છાયા જોઈ મહારાજ બોલ્યા : "અહો ! આ આંલબીની છાયા કેટલી સુદંર છે !" આ સાંભળી પેલો બ્રાહ્મણ તરત જ બોલ્યો : "સ્વામિનારાયણ મહારાજ ! છાયા તો ઘાટી છે પણ એની છાયામાં બ્રાહ્મણો જમે તો કામની, નહીં તો નકામી."

"ભૂદેવ ! તમારું નામ શું ? મહારાજ મર્માળુ હસ્યા !"

"જટા શંકર"

"અહીં બ્રાહ્મણનાં ઘર કેટલાં ?"

"સો જેટલા હશે"

"જટા શંકર તમે હમણાં જ ગામમાં જાવ અને સર્વેને નોતરાં આપો કે સ્વામિનારાયણ ચોરાશી કરે છે તો આવતી કાલે સૌ બ્રાહ્મણોને સહકુટુંબ આમંત્રણ છે. સવારે સૌ અહીં આંબલીના વનમાં આવી જાય, રાંધવા માટેનાં વાસણ લેતા આવે, સૌને પાકાં સીધાં મળશે."

જટાશંકર તો રાજી નો રેડ થઈ ગયો. શ્રીહરિના ચરણોમાં પડી નમન કર્યા અને ઝટપટ ગામમાં પહોંચ્યો ને સૌને નોતરાં દઈ દીધાં. ઘેર ઘેર સ્વામિનારાયણની હેલી ચઢી!

ગોપાળ અને ડોસા બારોટ તો મહારાજની અણધારી લીલાને અહોભાવથી જોઈ રહ્યા. પ્રભુ જે કાંઈ કરે તેમાં પૂર્વગણતરી હોય જ. ઐશ્વર્યના પ્રદાતા તો છેવટે એ જ છે ને?

ઉતારે પધારી હળવે રહીને મહારાજે વાત માંડી. "ડોસાભાઈ ! આપણે આવતી કાલે બ્રાહ્મણોની ચોરાશી કરવી છે અને ઘેર ઘેર નોતરાં પણ અપાયાં છે તો હવે કેમ કરીશું ?"

"મહારાજ ! આપ જ્યાં દૃષ્ટિ કરો ત્યાં સૂકાં ઝાડવે સોનાનાં ફળ ફૂટે. ભ્રકુટિ ભંગ થતાં જ બ્રહ્માંડો થર થર કાંપે ત્યાં આ ચોરાશીના સંકલ્પની શું વિસાત !"

મહારાજ કહે, "ગામમાં કોઈને ત્યાં સો બ્રાહ્મણ જમે એટલું સીધું મળી રહે કે નહીં !"

"પ્રભુ ! મળી રહેશે. ગામના ભાદા પટેલને ત્યાં જામબાપુ રસાલા સાથે આવવાનાં હતા તે બંધ રહ્યું છે. એટલે શાક-પાંદડાથી માંડીને બધું સીધું એમને ત્યાં તૈયાર પડ્યું છે, પણ પટેલ તો આજ સાંજે જ ગામતરે ગયાં છે !"

"એમાં શું, પટલાણી તો હશે ને ?"

"હા, મહારાજ ! પણ બાઈ માણસનું શું ગજું ?"

આ સાંભળી મહારાજ મંદ મંદ હસ્યા ને કહ્યું, "એમને અમારું નામ દઈને કહેજો કે સ્વામિનારાયણ આવ્યા છે તે કાલે જ ચોરાશી કરે છે. તો સીધું- સામાન આંબલીના વનમાં મૂકવી દેજો. તમારા જ સાથી ખેડૂતોને હાથે બધી તજવીજ કરાવજો. છાણા-લાકડાં પણ આંબલીની ઘટામાં ઉતરાવજો. સવારે અબોટિયાં પહેરીને બ્રાહ્મણો રસોઈ માટે આવશે તો તાકીદ કરશો."

ડોસાભાઈને થયું કે બાઈ તો વૈષ્ણવ ધર્મી છે અને કદાચ ના પાડી તો પછી ચોરાશીનું શું ? પણ આ તો મહારાજનાં બોલ, કોણ ફેરવી શકે. હિંમત ભેગી કરી ભાદા પટેલના ઘેર

પહોંચ્યા. પટલાણી રતનબા બાળ કૃષ્ણની મૂર્તિને જમાડતાં હતાં. ડોસાભાઈએ મહારાજે કહેલ સંદેશો અક્ષરશઃ સંભળાવ્યો.

પટલાણી પૂર્વના સંસ્કારી હતાં. સ્વામિનારાયણ પધાર્યા છે અને એ માંગે છે એટલે રાજી થયાં ને કહ્યું, ''પ્રભુને કહેજો કે તમે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ બધું થઈ જશે. આપની આજ્ઞા નો અમલ તત્કાળ કરીશું. બસ એમને મારાં વંદન પાઠવજો ને કહેજો કે આપ તો ભગવાન છો. મને ભક્તિ શીખવી તે મારાં મોટાં ભાગ્ય ગણાય. ડોસા બારોટ બાઈની આવી શ્રદ્ધા નિહાળી વિસ્મય પામી ગયા. એમણે જઈને મહારાજને બધી વાત કરી. મહારાજ રાજી થયા. આજે એક પવિત્ર આત્માની સેવા સ્વીકારી એના કલ્યાણની પૂર્વભૂમિકા મહારાજે બાંધી હતી.''

શ્રીહરિ તો બારોટને આંગણે વાળુ-પાણી, કથા-વાર્તા કરી નિશ્ચિત થઈ પોઢી ગયા. પણ રતનબાને મહારાજની આજ્ઞાએ ઉંઘવા ન દીધાં.

એમણે રાત્રે જ પોતાના મુખ્ય ખેડૂતને બોલાવી દીધા. બધું સમજાવી દીધું. વાડીએ ખેતરે જેટલાં બળદ-ગાડાં હતાં તે બોલાવી લીધાં, સાથી મજૂરોને બળતણની જોગવાઈ કરવા આદેશ દઈ દીધો.

રતનબાનો સમગ્ર સ્ટાફ સેવામાં લાગી ગયો. રાતો રાત બધી તૈયારીઓ થવા માંડી. રતનબા પણ એમનાં બે નાનકડા કુમારોને સાથે લઈ, આંબલીયુંની ઘટામાં ચાલી રહેલા સેવા યજ્ઞને તપાસવા આવી પહોંચ્યા. રાતો રાત મશાલને અજવાળે સૌ તૈયારીમાં લાગેલા.

બારોટની ડેલીએ પોઢેલા શ્રીહરિનું હૈયુ એક બાઈની ભક્તિની તીવ્રતાને જોવા તલસી રહ્યું. ઓઢવાની રજાઈ એવી રીતે ગોઠવી કે બ્રહ્મચારીને લાગે કે ''મહારાજ હજુ પોઢ્યા છે !'' એમ કરીને મહારાજ એ બાઈના સેવા યજ્ઞને જોવા એકલાં જ અડવાણે પગે નીકળી પડ્યા.

રાત્રિની નીરવતા ઝમઝમ કરતી ચાલી જાય છે. ચંદ્રનું કિરણ ન પહોંચે તેવી ઘનઘોર ઘટા છે. ફાનસના અજવાળે રતનબા સાથીઓને માર્ગદર્શન આપી રહ્યાં છે. ગાડાંઓ આવતાં જાય છે, સામાન ઠલવાતો જાય છે, મજૂરો આંબલીયુંની નીચે સફાઈમાં લાગી ગયા છે. સીધું-સામાન આવી ગયો..... બળતણ મૂકાઈ ગયાં..... અને આમ રાત પસાર થઈ ગઈ. પરોઢના ચાર થવાં આવ્યાં - કૂકડાએ પરોઢનું અભિવાદન કર્યું. અને આ બાજુ રતનબા ના મુખેથી હે સ્વામિનારાયણ પ્રભુ ! એમ બોલી હા.... શનું વેણ ખરી પડ્યું.

ઘેઘૂર આંબલીનાં થડની ઓથે લપાઈને સ્વામિનારાયણ ભગવાન બાઈનાં મેનેજમેન્ટ પાવરને એકીટશે જોઈ રહ્યાં હતા. ''અમારી એક આજ્ઞા થતાં જ રાતો રાત આંબલીનું વન આમ ચોરાશીનું પ્રાંગણ બની જશે. ધન્ય છે. બાઈને ! મહાપ્રભુએ પણ સામે હોંકારો દીધો !''

રતનબાઈએ ફાનસની વાટ સંકોરી ને કાન સરવા કર્યા. ''હે રવજી ! આ કોણ બોલ્યું ?''

દીકરાએ કહ્યું, ''બા ! આવો મીઠો અવાજ મેં ડોસા કાકાની ડેલીએ ફળિયામાં સાંભળ્યો હતો.''

તો તો એ સ્વામિનારાયણ ભગવાનનો જ અવાજ. જોયું તો ઘેઘૂર આંબલીના થડની ઓથે મહાપ્રભુ એક અબળાની સબળા-ભક્તિને માણી રહ્યા હતા ! ફાનસના અજવાળે શ્રીહરિ પરખાયા. ઉઘાડું મસ્તક, ખુલ્લું શરીર, અડવાણે પગલે પ્રભુ પધાર્યા છે ! બાઈ બોલ્યા, ''મારા પ્રભુ ! તમે શીદ ઊંઘ બગાડી ? એટલું કહી પંચાંગ પ્રણામ કર્યા. મહારાજ મંદ મંદ હસી રહ્યા. બંન્ને પુત્રોને મસ્તકે મહારાજે હાથ મૂક્યો. હાજર હતા એ બધાં સાથી-દાડિયા પણ દોડતા આવ્યા. વહેલી પરોઢનાં આવાં અલભ્ય મંગળા-દર્શનને પ્રત્યક્ષ નિહાળી સૌ ભાગ્યશાળી બન્યા. પટલાણીએ સાથી ભાઈઓને રખોપું સોંપ્યું અને સૌ ગામમાં આવ્યા.''

સવારે સૂર્યનારાયણે પણ ઝટ પધારીને તેજનાં પાથરણાં પાથરી દીધાં. લાલ-પીળાં અબોટિયાં પહેરી બ્રાહ્મણ સહપરિવાર નદી પર આવવા લાગ્યા. ''હર હર મહાદેવ'' ના નાદ ગુંજવા લાગ્યા. શ્રીહરિ નિજ હાથે સીધું આપવા લાગ્યા. રતનબાના કહેણથી શરણાઈના મીઠા સૂર વહેવા લાગ્યા. ઢોલી ઢોલ વગાડવા લાગ્યા. ચારે કોર મંગલકારી-મનોહર વાતાવરણ ઉપસી આવ્યું. આંબલીયોનું વન આજે મહાપ્રભુનાં સાનિધ્યથી રસ-સભર બની ગયું.

શેર શેર ઘીના લાડુ બનાવી બ્રાહ્મણો પંક્તિમાં બેઠા. હર હર ના નાદ સાથે ''હરે'' થયા. સ્વામિનારાયણ ભગવાનનો જયઘોષ ચારે બાજુ ગાજી રહ્યો. મહારાજે પણ બ્રાહ્મણ રસોઈયાઓ પાસે અઢળક લાડુ, દાળ, ભાત, શાકની રસોઈ કરાવી હતી. બ્રાહ્મણો ઉપરાંત આખું ગામ

મહારાજે જમાડ્યું. જેમાં ગામની અંત્યજ વર્ણને પણ ખૂબ પ્રેમથી જમાડી. આખુંય કંડોરણા ગામ આજે મધમધતા લાડુની સુવાસથી રંગાઈ ગયું.

બ્રાહ્મણો સૌ જમી જમીને શ્રી સ્વામિનારાયણની જય બોલાવતા મહારાજને પગે લાગવા આવ્યા. મહારાજ ! આવાને આવા દિ નિત નિત દેખાડજો.... ભૂદેવોનો આનંદ જોઈ મહારાજ ખૂબ આનંદ પામ્યા. આંબલીનું વન ખાલી થયું. મહારાજે રતનબાને બોલાવી કહ્યું, "આ વધેલું સીધું સંભાળી લો. બધું ભરાવી હેમખેમ ઘરે મૂકાવી દો......" મહારાજે નિજ હાથે પટેલના સાથી-ખેડૂતો-મજૂરોને જમાડ્યા. ભાથાં ભરી દીધાં. લાડુનાં તાસ ભરી ભરી બારોટ ફળિયે પટેલવાસમાં વહેંચ્યા. આમ, કોઈ પણ પૂર્વ આયોજન વિના ચોરાશી રંગે ચંગે પૂર્ણ થઈ. આખું કંડોરણા ગામઘી નદીના આરે ઊમટ્યું હતું. સૌ કોઈ મહાપ્રભુનો મન ભરીને પ્રસાદ પામ્યા હતા.

રતનબાએ મહારાજને વિનંતી કરી, "પ્રભુ ! આપ પણ અમારો કણ અંગીકાર કરો."

"આ સીધામાંથી થોડું લઈ લો. ઉતારે રસોઈ કરજો. જમીશું" મહારાજે બ્રહ્મચારીને આજ્ઞા કરી.

પટલાણીએ સીધું તપાસ્યું. ઘીના ઠામ જોયા ને તરત જ મહારાજ પાસે આવ્યાં ને કહ્યું, "પ્રભુ ! આમાંથી મારું તો કાંઈ વર્યું નથી (વપરાયું નથી) લાગતું ! બધું રાત્રે જેમમૂકેલું તેમનું તેમજ અકબંધ રહી ગયું છે !"

મહારાજ બાઈની અકિંચન ભાવનાને મનોમન વંદી રહ્યા "તમારો ભાવ અંગીકાર કર્યો બાકી દેવતાઓ સેવા કરી ગયા" મહારાજ મંદ મંદ હસી રહ્યા. બાઈ બ્રહ્માંડોના અધિપતિના આધિપત્યને અહોભાવથી જોતી રહી !

સંધ્યા ઢળી, ડોંસા બારોટે પટેલને આંગણે પગ મૂક્યો ને કહ્યું "રતનબા, અમારા મહારાજે તમને સીધાનાં દામ ચૂકવવા મોકલ્યો છે તો લો આ ત્રણસો કોરી."

રતનબા કહે, "સીધું જ વાવર્યું (વપરાયુ) નથી તો દામ શાના ?" "સીધાના સામાનનું જે બેઠું હોય તે પ્રમાણે લો." ડોસાભાઈ બોલ્યા, "મારી બધી ઘર વખરી સ્વામિનારાયણ ભગવાનની છે. જાવ મહારાજને કહો કે બીજી ચોરાશી કરવી હોય તો ખુશીથી કરે." "પણ મહારાજે મને મોકલ્યો છે તો કંઈક તો લેવું જ પડશે." ડોસા ભગતે તાણ કરી.

બાઈએ પ્રસાદીની પાંચ કોરી એમાંથી લીધી અને કહેવડાવ્યું કે "મહારાજને કહેજો મારો અંતકાળ સુધારે, માયાથી ઉગારે, તેડવા પધારે - અક્ષરધામ આપે !"

મહારાજે આ વાત જાણી - ખૂબ રાજી થયા. એમણે કહ્યું, "અક્ષરધામતો આજ્ઞા પાળી કે તરત જ મળી ગયુ હતું. અમારું બિરુદ અમે કેમ ચૂકીએ !"

કહે છે કે બાઈનો અંતકાળ આવ્યો ત્યારે મહારાજ સંતો સહિત વિમાનમાં તેડવા પધાર્યા હતા. તે વખતે બાઈએ પટેલને કહ્યું, "હું અક્ષરધામમાં જાઉં છું. સ્વામિનારાયણ તેડવા આવ્યા છે." ભાદા પટેલને આ સાંભળી આશ્ચર્ય થયું. "આપણે તો વૈષ્ણવ છીએ ! સ્વામિનારાયણ ક્યાંથી તેડવા આવે !"

બાઈ કહે, "મેં તમારી ગેર હાજરીમાં સ્વામિનારાયણ ભગવાનને સીધું આપેલું ને બ્રાહ્મણો ચોરાશી જમેલા.... એમની પાસેથી મેં વર માંગી લીધો હતો એટલે મને તેડવા પધાર્યા છે. જય સ્વામિનારાયણ...." એમ બોલતાં થકાં બાઈએ દેહ છોડી દીધો !

**"અધમ ઉદ્ધારણ અવિનાશી તારા,**
**બિરુદની બલિહારી રે......"**

અનુસંધાન પાના નં. ૮નું ચાલુ

## સેવામૂર્તિ ગંગામા

ઘણીવાર તો ગંગામાં પોતાની સાથે ટોપલામાં સીધું, સામાન, સગડી વગેરે તૈયાર રાખતાં. માથા પર ટોપલો રાખી તેમાં સળગતી સગડી મૂકી તેના પર દાળ-ભાત ચડતાં હોય એ રીતે મહારાજની સાથે ચાલીને સમયસર ગરમ ગરમ રસોઈ બનાવતાં. પછી રસ્તામાં મહારાજ વિસામો લે, સ્નાનાદિક ક્રિયા કરે, એટલી વારમાં ગંગામાં રોટલી બનાવી શાક વગેરે બીજી રસોઈ કરી નાખે અને સુંદર થાળ તૈયાર કરી મહારાજને ભાવથી જમાડે. આવી તેમની નિષ્કામ સેવાથી અને ઉત્તમ પ્રકારની ભક્તિથી મહારાજ બહુ રાજી થતા.

ગંગામા ગઢડા જતાં ત્યારે લાડુબા, જીવુબા વગેરે બાઈઓ પણ ગંગામાનો મહિમા સમજી તેમની સેવા કરતાં. ગંગામાને સત્સંગમાં દૃઢ આત્મબુદ્ધિ થઈ ગઈ હતી. જે સ્થળે ગંગામાનું જૂનું ઘર હતું તે સ્થળે છત્રી કરી છે. જે ભાવવાહી મૂર્તિ ગંગામાં પૂજતાં તે સભા મંડપમાં વિદ્યમાન છે. ગંગામાનું ઘર એમને એમજ દર્શનીય છે.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સુખનો મંત્ર સદ્ભાવ

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

વાર્તા તો બહુ જુની છે. તમે કદાચ વાંચી હશે. પણ જુની છે તેથી ભૂલાઈ પણ ગઈ હશે. તો જરા ફરીથી વાંચી લઈએ પછી એમાંથી કાંઈક બોધ ગ્રહણ કરીએ.

એક આદિવાસી બધા જ પ્રાણીઓ ઉપર સદ્ભાવ રાખતો તો. જંગલમાં રહેતો ગમે તે પ્રાણી હોય પણ આ આદિવાસી એની સામે જુએ એટલે પ્રાણી શાંત થઈ જાય. પ્રેમની દ્રષ્ટિ એ તો આખી અનોખી વસ્તુ છે. અખતરો કરવો હોય તો કોઈ કુતરુ તમને ભસતું હોય ને તમારે પ્રેમથી એની સામે જોવું કુતા ભાઈ ..... એમ કહી સામે જોશોને તો કુતરુ તરત બંધ થઈ જશે. અખતરો કરી જોજો આ આદિવાસી દરેક પ્રાણી સાથે આવો સદ્ભાવ રાખે. ધીમે ધીમે હિંસક પ્રાણી પણ એ આદિવાસી પાસે પાસે આવે તો ચૂપ થઈ જતા. કશું બોલે તો નહીં હુમલો કરે જ નહિં.

એક દિવસે આદિવાસી રસ્તે ચાલ્યો જતો હતો. એક સિંહ આગલો પગ ઉંચો કરી અને આકુળ વ્યાકુળ થાય. આદિવાસી એ જોયું કે આને કાંઈક કષ્ટ છે. ધીમે ધીમે એ નજીકમાં ગયો. શાંતિથી એ ઉભા રહેતા પાસે ગયો. જોયું કે સિંહના પગમાં શૂળ પેસી ગયેલી પગ પંપાળ્યો પગ પકડ્યો અને શૂળ ખેંચી એ વખતે સિંહની આકૃતિ જરા બદલાઈ ગઈ. કેટલી પીડા થઈ અને પછી ધીમેથી પાછો પંપાળ્યો. અને ધીરેથી સિંહનો પગ છોડી ચાલતો થયો. સિંહ સામે જોઈ રહ્યો. થોડા સમય પછી આ સિંહ પાંજરામાં પુરાયો.

માણસો પોતાના શોખ માટે પોતાના મનોરંજન માટે પ્રાણીઓને પાંજરામાં પુરે છે. અને પછી જોઈને ખુશ થાય છે. વાંદરો જોયો, આ હાથી જોયો, ચિત્તો, જિરાફ દેખ્યા ને આ સિંહ નવો લાવ્યા છે. જો, એટલે બીજા પ્રાણીઓને પરાધિન કરીને માણસો ખુશ થાય. એટલે ત્યાંના સત્તાધીશોએ આ સિંહને પકડીને પાંજરે પૂર્યો.

એ સમય એવો વિચિત્ર હતો. આ પ્રદેશના રાજાને એટલી કુબુદ્ધિ હતી કે ગુનેગાર પકડાય અને ગુનો સાબિત થાય તો એને સિંહના પાંજરામાં નાખી દે. સિંહ એને મારી નાંખે. ભક્ષણ કરી જાય છ-આઠ મહિના પછી આ આદિવાસી કોઈ ચોરીનાગુનામાં પકડાયો. ગુનો સાબિત થયો એટલે રાજાએ હુકમજ કર્યો. સિંહના પાંજરામાં નાખી દો. જ્યારે કોઈપણ ગુનેગારને સિંહના પાંજરામાં નાંખતા ત્યારે સિંહને એક દિવસ ભૂખ્યો રાખે એટલે જેવો પેલો માણસ જાય એટલે તર્ત જ એનો નાશ કરી નાંખે. આ આદિવાસીને સિંહના પાંજરામાં ધકેલ્યો. પાંજરું ખોલ્યું અને ધક્કો મારી અંદર નાંખ્યો - પહેલા તો સિંહ ભૂખ્યો હતો એટલે ચમક્યો. પછી તર્ત જ અટકી ગયો. તરાપ ન મારી. બેસી રહ્યો. એક દિવસ આખો જતો રહ્યો. પાંજરામાં આ આદિવાસી બેસી રહ્યો. સિંહ પણ બેસી રહ્યો. પેલા કામ કરવાવાળાને નવાઈ લાગી. કોઈ કહે આની પાસે કંઈક મંત્ર લાગે છે. સિધ્ધ મંત્ર હશે, તો બીજો કોઈ કહે ના ના ના કોઈ જબરદસ્ત જાદુગર લાગે છે. કોઈ કહે એની પાસે વશીકરણ વિદ્યા હશે. સિંહને બકરો બનાવી દીધો. જો સિંહ ઉંચું નથી જોતો. રાજા પાસે વાત ગઈ, તો દિવાનોએ કહ્યું કે આ તોપ જેવા માણસને સાચવવા જેવો છે. આપણને ક્યારેક ઉપયોગી બને. પાંજરું ખોલીને એને બહાર લાવ્યા. કચેરીમાં ઉભો કર્યો અને કહ્યું આનું સાચે સાચું કારણ કહે. નામદાર, કારણ એ છે વર્ષો થઈ ગયા હું કોઈ પણ પ્રાણીનો તિરસ્કાર કરતો નથી. મારતો નથી. છ મહિના પહેલાં આ જ સિંહને પગમાં કાંટો વાગેલો. તે મેં કાઢેલો એ સિંહને મેં ઓળખ્યો સિંહે મને ઓળખી લીધો. તેથી એણે મને કશું કર્યું નહિ. એટલે મારી પાસે બીજો કોઈ મંત્ર નથી. પ્રાણીમાત્ર પ્રત્યે સદ્ભાવ અને સ્નેહ એ જ મારો મંત્ર છે.

રાજાને વિચાર થયો કે એક માંસાહારી જનાવર જો પ્રેમ અને સદ્ભાવને પીછાની શકે છે ત્યારે આપણે તો કશું સમજી જ નથી શકતા. હુકમ, હુકમ બીજી વાત જ નહિ. રાજાએ આ આદિવાસી ને સિરપાવ આપ્યો. ઈન્નામ આપ્યું અને યોગ્ય કામ સોપ્યું. જેથી એની આજીવિકા ચાલે અને સુખી રહે.

મિત્રો ! સરસ વાર્તા હતી ને ! તમને ખબર છે કે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનો સ્વભાવ પણ કેવો દયાવાન હતો.

**અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો**
**પરદુઃખ હારી રે વારી બહુ નામીનો**
**કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય**
**દયા આણી રે અતિ આકળા થાય**
**અન્નધન વસ્ત્ર રે આપીને દુઃખ ટાળે**
**કરૂણા દ્દષ્ટિ રે દેખી વાનજ વાળે**

સ્વામિનારાયણ ભગવાન જીવ પ્રાણીમાત્ર ઉપર દયા રાખતા. જ્યારે પ્રભુ વનવિચરણ કરતા હતા ત્યારે પ્રભુને કોઈએ ભાજી તોડવાનું કહ્યું. તો પ્રભુ કહે છે અમે નહિ તોડીએ કેમ કે એમાં પણ જીવ છે. આવા દયાળુ પ્રભુ સર્વ પ્રાણીઓ ઉપર પણ દયા રાખતા. તેથી જ તો ભયંકર સિંહ પણ પ્રભુની આગળ નમ્ર થઈને આળોટતા.

તો આ વાતમાંથી આપણે એ જ શીખવાનું કે સહુના પ્રત્યે સદ્ભાવ રાખીશું તો આપણા પ્રત્યે સહુ સદ્ભાવ રાખશે. અને બીજું કે હિંસક પ્રાણી પણ ઉપકારને ભૂલતા નથી તો આપણે ધ્યાન રાખવાનું કે જેણે આપણા ઉપર ઉપકાર કર્યો હોય તે ક્યારેય ભૂલવો નહિ.

●

## સદા સાવધાન રહેવું

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનાગર)

એક રાજા હતો. તે ખૂબજ ધાર્મિક તથા પવિત્ર હતો. સાધુ-મહાત્માની સેવા તથા આદર કરતો. તે પાંડવોનો વંશજ હતો. તે રાજાનું નામપરીક્ષિત હતું. પરીક્ષિત રાજાનો સર્વત્ર જયજયકાર થતો. ઋષિમુનિઓ, બ્રાહ્મણો, પ્રજાજનો બધા જ પરીક્ષિત રાજાને આશીર્વાદ આપતા. તેમના સદાચરણથી તેમના વિશે કોઈ ખરાબ વિચારી પણ ન શકે. તેવા એ પવિત્ર હતા.

પરંતુ દુર્ઘટનાને કોઈ આમંત્રણ હોતું નથી તે તો ગમે ત્યારે ગમે તેવી રીતે સર્જાય જાય. પરીક્ષિત રાજાએ કળિયુગને ધર્મના પગ કાપતા અટકાવ્યો. બંદી બનાવી દીધો. તેથી કળિયુગ કરગવા લાગ્યો. મને રહેવાની જગ્યા આપો ત્યાં હું જતો રહીશ પણ હું કોઈને હેરાન નહી કરું. પરીક્ષિત રાજાએ તેને ચાર જગ્યાએ રહેવાની છૂટ આપી, (૧) જ્યાં જુગાર રમાતો હોય ત્યાં તું રહેજે (૨) જ્યાં મદ્યપાન થતું હોય ત્યાં તું રહેજે (૩) જ્યાં નિર્દોષ પ્રાણીઓની હિંસા થતી હોય ત્યાં તું રહેજે (૪) જ્યાં વિલાસ અને વાસનાનું પરિબળ હોય ત્યાં પણ તને રહેવાની છૂટ છે. આ ચાર જગ્યાઓ આપી. જુગાર, દારુ, હિંસા અને વાસના ત્યારે કળિયુગે અસંતોષ દાખવ્યો મને હજુ એક સ્થાન આપો. હવે ક્યું સ્થાન ? સુવર્ણ-સોનામાં રહેવાની રજા આપો. "દુર્જન માણસની માંગણીઓ સમજ્યા વિચાર્યા વગર ક્યારેય પણ પૂરી ન કરવી તે માટે જરૂર મોટા પુરૂષોની સલાહ લેવી." પરંતુ પરીક્ષિતે કળિની એ માંગણી પણ મંજૂર કરી. તેનું પરિણામ ખૂબ ખરાબ આવે છે. પરીક્ષિત રાજાએ જાતે આફતના પોટલા માથે ચઢાવ્યા. કળિયુગે આ વાતનું લક્ષ્ય રાખી પરીક્ષિત સાથે બદલો લેવા તૈયાર થયો. આજ નહીં તો કાલ, જો પરીક્ષિત સુવર્ણ ધારણ કરે તો અવળે રસ્તે લઈ જાઉ. તેવામાં એક દિવસ પરીક્ષિત રાજાના હાથમાં હિરાજડીત સુવર્ણનો એક મુગટ આવ્યો. તે જરાસંઘનો હતો. તેને મારીને તેના મુગટને વિજય પ્રતિક તરીકે રાજાની તિજોરીમાં રાખેલો. શ્રીકૃષ્ણ પ્રભુએ તે સમયે કહ્યું હતું આ અસૂરનો મુગટ છે. માટે ક્યારે પણ મસ્તક ઉપર ધારણ કરવો નહિ. આ વાતને પરીક્ષિત જાણતા હોવા છતાં આ સુવર્ણનો મુગટ પોતાના મસ્તક ઉપર ધારણ કર્યો. અને ઘોડે અસવાર થઈ વનમાં ફરવા નીકળ્યા. ફરતા ફરતા ઘણા દૂર નીકળી ગયા. તેવામાં પરીક્ષિત રાજાને ખૂબજ તરસ લાગી. કંઠ સૂકાય આંખે અંધારા આવવા લાગ્યા. પણ નજીકમાં ક્યાંય જળાશય દેખાયું નહીં. દૂર દૂર નજર કરી ત્યાં ધજા દેખાઈ. પરીક્ષિત ત્યાં પહોંચ્યા. આ તો શમિક ઋષિનો આશ્રમ હતો. કળિયુગે વિચાર્યું પરીક્ષિત આશ્રમમાં પ્રવેશ કરે તે પહેલા હું તેના સુવર્ણ મુગટમાં પ્રવેશ કરી જાવું. આજે બદલો લેવાની સારી તક છે. પરીક્ષિત આશ્રમમાં પ્રવેશ કરે છે. પણ કોઈ દેખાતું નથી. ઋષિપુત્રો તથા શિષ્યો બધા જ સ્નાન કરવા ગયા હતા. પરીક્ષિતે પર્ણકૂટીમાં જોયું તો શમિક ઋષિ સમાધિમાં બેઠા હતા. હાથ જોડી વંદન કર્યા. પણ સમાધિ દશામાં મગ્ન એવા શમિક ઋષિ રાજા પરીક્ષિતનું સન્માન ન કરી શક્યા. મસ્તક પર કળિયુગ બેઠેલો તેને પરીક્ષિતને ખરાબ વિચાર પ્રેર્યા. જુઓ તો ખરા કેવો ઢોંગી છે. આંખો મીંચીને બેઠો છે. બોલતો નથી. હલતો નથી, દંભ કરતાતો ખૂબજ સારો આવડે છે. હું ક્યારનો આવ્યો છું. સન્માન સત્કાર તો બાજુ પર રહ્યા પાણીનું એ પૂછતો નથી. તને તો વંદન ન કરાય તારું તો જેટલું અપમાન કરીએ તેટલું ઓછું. મસ્તક પર કળિયુગ બેઠો હોય ત્યારે જ સાધુ-મહાત્માનો દ્રોહ કરવાનો વિચાર આવે. શમિક ઋષિ તો સમાધિ સ્થિતિમાં મગ્ન હતા. અને કળિયુગના પ્રભાવથી પરીક્ષિતે તેમનું અપમાન કરવા મરેલો સર્પ આશ્રમની બહારથી લાવી મહાત્માજીના ગળામાં નાખી દીધો. પછી ત્યાંથી ચાલી નીકળ્યા. હવે તેનું પરિણામ કેવું ભયંકર આવે છે.

શમિક ઋષિના પુત્રો તથા શિષ્યો સ્નાન કરી આશ્રમમાં પાછા આવ્યા. તેમણે જોયું શમિક ઋષિના ગળામાં મરેલો સર્પ નાખી કોઈએ અપમાન કર્યું છે. શમિક ઋષિના પુત્ર શૃંગિથી આ સહન ન થયું. મારા સમાધિનિષ્ઠ પિતાનું આવું અપમાન કરનારને હું ક્યારેય પણ માફ નહી કરું. કમંડલુંમાંથી હાથમાં જળ લઈ કહ્યું મારા પિતાના અપમાનના કરનારાનું આજથી સાતમે દિવસે તક્ષક નાગના દંશથી મૃત્યુ થાઓ. જ્યાં જળ મુક્યું ત્યાં તો ધરતી ડોલી ઉઠી ! શમિક ઋષિ સમાધિમાંથી જાગી ગયા. યોગબળે બધું જાણી લીધું. પુત્ર તેં આ શું કર્યું. તને ખબર નથી આ શ્રાપ તે ધાર્મિક અને પવિત્ર રાજવી પરીક્ષિતને દીધો છે. મારા અપમાનમાં તેમનો કાંઈ વાંક નથી. કળિયુગે વેર લેવા આવું કૃત્ય પરીક્ષિત પાસે કરાવ્યું હતું. ક્ષમા કરો પિતાશ્રી મારાથી સહન ન થયું. તમારું અપમાન કરનારને અવશ્ય દંડ થશે. હું તમારો પુત્ર છું. હું મારા પિતાનું આવું હળાહળ અપમાન કેમ સહન કરી શકું ! મેં મારો ધર્મ બજાવ્યો છે. જે કાંઈ સજા કરવી હોય તે આપ મને કરી શકો છો. અંતે પરીક્ષિત રાજાનું સાતમા દિવસે સર્પ દંશથી મૃત્યુ થયું.

અનુસંધાન પાના નં. ૨૩ પર

# ભક્તિસુધા

### પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી
### "સાચી તરસ ક્યારે જાગે ?"

સંકલન - કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

પરમાત્મામાં પ્રીતિ કરાવવી, ધર્મ રખાવવો એ કોઈ બળજબરીની કે સમજાવ, સમજાવ કરવાની વસ્તુ નથી. સ્વૈચ્છિક છે. ધર્મ-અધ્યાત્મમાં આગળ વધવાની ઈચ્છા હોવી જોઈએ. અર્થાત્ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે આપણી અંદર સાચી તરસ હોવી જરૂરી છે. જેમ મા હોય તેને ઘરનું કામ કરવું હોય તો તે શું કરે છે ? બાળક હોય તેની આજુ બાજુ રમકડાનો ઢગલો કરીને વચ્ચે બાળકને બેસાડી દે છે અને પછી કામે લાગી જાય છે. અને બાળક હોય તે શું કરે છે ? તો બધા રમકડા રમવા લાગી જાય છે. પરંતુ બાળક વધારે સમય મા વિના નથી રહી શકતું. થોડા સમયમાં મા ને યાદ કરી રડવા લાગે છે. જ્યારે તેનાથી માતાનો વિયોગ સહન નથી થતો ત્યારે તે મોટે મોટેથી રડવા લાગે છે. તો મા કોઈપણ કાર્ય કરતી હોય તો તે કામ પડતું મુકીને તેને દોડીને આવવુ પડે છે અને તે આવે જ છે. તો આપણને પણ પરમાત્મા માટે એટલો પ્રેમ હશે અને સાચા દિલથી પોકારીશું તો પરમાત્મા ચોક્કસ આવશે અને તેને આવવું જ પડે છે. પરંતુ ઘણા બાળકો એવા હોય છે ને કે ખોટું ખોટું રડતા હોય છે. મા ના પ્રેમ માટે નથી રડતા. પરંતુ બીજા વધારે રમકડાની જરૂર હોય છે તેના માટે પણ રડતા હોય છે. તો પરમાત્મા પાસે એવું નહિ ચાલે, અર્થાત્ આપણને જ્યાં સુધી ભૌતિક સંપત્તિ રૂપી રમકડાની જરૂર છે અને તેમાં જ રચ્યા-પચ્યા રહીશું અને તેની પાછળ દોડ-દોડ કરીશુ અને પરમાત્માને પ્રાપ્ત કરવા માટે સમય નહિ કાઢીએ તો પરમાત્માને પણ લાગશે કે મારી જરૂર નથી એટલે પરમાત્માને પ્રાપ્ત કરવાની સાચી તરસ નહિ જાગે ત્યાં સુધી પરમાત્મા નહિ મળે. તો જરૂર છે અંદરની સાચી તરસની કે જે આપણને પરમાત્મા પ્રાપ્તિ માટે ક્રિયાશીલ બનાવે. જ્યારે આપણને પરમાત્માની સાચી જરૂર હોય છે અને આપણે દિલથી પરમાત્માને પ્રાર્થનાં કરીએ છીએ અને આપણી આંખમાં ખૂબ આંસુ આવી જાય છે ત્યારે આપણી અંદર રહેલો અહંકાર પીગળવા લાગે છે. અને સાચા દિલથી કરેલી પ્રાર્થના ક્યારેય વ્યર્થ નથી જતી. પણ એવા આર્તનાદથી પ્રાર્થના થવી જોઈએ. અને આવા આર્તનાદથી પ્રાર્થના ક્યારે થાય છે. ત્યાં એક દ્રષ્ટાંત છે. એક બાદશાહ હોય છે. તેને ન્હાવા માટેનો એક હોજ હોય છે. તે હોજમાનું પાણી બે-ત્રણ દિવસે બદલી નાખવામાં આવે છે. તેમ છતાં એક વખત હોજના પાણીમાંથી દુર્ગંધ આવે છે. તેથી તેના માણસોને બરાબર સાફ કરવા કહે છે. તો તેને બરાબર સાફ કરે છે. છતાં તેમાંથી દુર્ગંધ આવે છે. તો બાદશાહ ફરીથી કહે છે કે બરાબર સાફ કરો તો અંદરથી બરાબર સાફ કરીને તેમાં સુગંધી પદાર્થ વગેરે છાંટીને ફરીથી સાફ કરાવે છે. તેમ છતાં પણ તેમાંથી દુર્ગંધ આવે છે. ફરી સ્પેશ્યલ માણસોને બોલાવીને બધું ચેક કરે છે. તો તેમાંથી એક બખોલમાંથી ઉંડેથી એક ગલુડિયુ મરી ગયુ હોય છે. તેને બહાર કાઢે છે અને બરાબર સાફ કરે છે. પછી દુર્ગંધ આવતી નથી. તેમ આપણા અંતકરણમાં કામ-ક્રોધ, મોહ, માયા, લોભ, માન વગેરે દુર્ગુણો પડેલા છે. તે જ્યાં સુધી નીકળે નહિ ત્યાં સુધી ઈશ્વર-પ્રાપ્તિની ઝંખના નહિ જાગે. આમ આપણા અંતઃકરણમાં જે દુર્ગુણો પડેલા છે તેને કાઢવા માટે સતત સત્સંગની જરૂર છે. જેમ વરસાદ વિના ધરતી સુકી રહે છે તેમ સત્સંગ વિના જીવ લુખો રહે છે. સત્સંગમાં અને ભગવાનમાં પ્રેમ થયા વિના જીવ બળીયો નથી થતો, જીવ બળીયો નહિ થાય તો અંતઃકરણ શુદ્ધ નહિ થાય. અંતઃકરણ શુદ્ધ નહિ થાય તો નિર્દોષ સત્સંગી નહિ થવાય. નિર્દોષ સત્સંગી નહિ થવાય તો પરમાત્માને મેળવવા માટેની સાચી તરસ નહિ જાગે. આમ અંતઃકરણની શુદ્ધિ કરવા માટે પરમાત્માનું સુખ મેળવવા માટે સત્સંગ માટે સમય કાઢવો જ પડશે.

●

### કરૂણાનિધાનની કરૂણા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ જીવને સ્વાર્થવૃતિ એટલી બધી છે કે ભગવાન જીવને ગમતી વસ્તુઓ પદાર્થોની પ્રાપ્તિ કરાવે ત્યારે જીવ ભગવાન પ્રત્યે આદર રાખે. થોડાક યાદ કરે. આ બધી ભગવાનની દયા છે. પરંતુ જીવનમાં જીવને દુઃખો આવે ત્યારે મોટા ભાગના મનુષ્યો ભગવાનના ગુણગાન ગાતા ભજન ભક્તિ કરતા બંધ થઈ જાય છે. ને પોતાનો મોક્ષ બગાડે છે. દૈવી જીવાત્માઓ સત્પુરુષના સમાગમથી અને શાસ્ત્રોના શ્રવણથી છૂટા થઈ ભજન ભક્તિ કરે છે. ભક્તિ કરવાથી આપણે પ્રભુના ધામને પામશું. ને આલોકમાં પણ સુખપૂર્વક જીવન વિતાવી અનેક દુઃખોને દૂર કરી હૃદયની સાચી શાંતિને શાશ્વત સુખ આપણે મેળવી શકીશું. આવી આશાથી જ ભક્તિ કરતા હોય છે. છતાં પણ ભગવાનના ભક્તને દુઃખ આવે જ છે. ને ભગવાન તેની રક્ષા કરે છે. ભગવાન પોતાના ભક્તનીજ કસોટી કરે છે. અને સહાય પણ પોતાના ભક્તની કરે છે. ભક્તનું દુઃખ દેખીને ભગવાન રહી શકતા નથી. તુરંત સહાય કરે છે. પરમાત્માનો સ્વભાવ જ દયાળુ છે.

સૌરાષ્ટ્રમાં કમઢિયા નામનું ગામછે. ત્યાં એકવાર શ્રીજી મહારાજ પધાર્યા હતા ને પીપળાના ઝાડ નીચે બેઠા હતા. તે સમયે કાયાભાઈ નામના મુસલમાન ત્યાંથી નીકળ્યા. આમતો તેઓ બહુ જ ક્રોધી અને ઝનુની હતા. તેથી ગામમાં તેમની સામે કોઈ બોલી શકતું નહિ. પણ પૂર્વના મુમુક્ષુ હતા.

પૂર્વના મુમુક્ષુ જાણીને શ્રીહરિએ તેઓને બોલાવ્યા, "આવો કાયાભાઈ" એટલે તેઓ પાસે ગયા. તેથી શ્રીહરિએ જ્ઞાન-વાર્તા કરી. તે સાંભળીને તેમનું હૃદય રંગાઈ ગયું ! કિંમતી

મણી ઉપર ચઢેલ રજ ઉખડી ગઈ. હરિના દર્શન કરવાથી મન મોહનવરની મૂર્તિમાં મોહી ગયું. તેથી તેઓ બોલ્યા મને તમારો શિષ્ય બનાવો. હું તમારા ધર્મ-નિયમો પાળીશ. શ્રીજી મહારાજે વર્તમાન ધરાવી કંઠી પહેરાવી ને ગઢપુર આવ્યા. પછી કાયાભાઈ તો સત્સંગી થયા ને ભજન ભક્તિ, પૂજા પાઠ કરે. આ તેમના સગા-સંબંધીને ન ગમ્યું. જ્ઞાતિના લોકો હેરાન કરવા લાગ્યા. પછી દ્વેષી મુસલમાનો ભેગા થયા ને ગામધણી કહેવા લાગ્યા, કે આ કાયાભાઈ ઈસ્લામધર્મ છોડીને હિંદુનો ધર્મ પાળે છે. અને તેમના ઘરે મંદિર કરીને દરરોજ સાંજે લોકોને ભેગા કરીને સ્વામિનારાયણનું ભજન કરાવે છે. માટે એ હિન્દુ ધર્મને છોડી દે એવો ઉપાય કરો. આ રીતની વાત સાંભળીને તુરત જ રાજાએ કાયાભાઈને બોલાવ્યા ને કહ્યું, "તું સ્વામિનારાયણ નો ધર્મ છોડી દે ને આપણો ધર્મ સ્વીકાર."

ત્યારે કાયાભાઈએ કહ્યું હે દરબાર ! હું સ્વામિનારાયણનો ધર્મ પાળુ છું ત્યારથી હું દરેક રીતે સુધરી ગયો છું. અને ઘણા લોકો ને સુધારુ છું. માટે સત્સંગ નહિ છોડું. ત્યારે દરબારે હુકમ કર્યો, "દરરોજ એને તડકે બેસાડી રાખો." તુરત જ સિપાઈઓએ કાયાભાઈને ઉનાળાના તાપમાં બેસાડ્યા. તેથી ભક્ત તો સ્વામિનારાયણ નામનું સ્મરણ કરવા લાગ્યા. ભક્તનું દુઃખ ભગવાન થી સહન ન થયું. તેથી દરબારના પેટમાં કાળી બળતરા ઉપડી. તુરત અનેક વૈદ્યોને બોલાવ્યા. છતાં સારૂં ન થયું. પછી સત્સંગી જે રૂપશીભાઈ વૈદ્યને બોલાવ્યા. તેઓ આવ્યા. તડકે બેઠેલા કાયાભાઈને કારણ પૂછ્યું કે તમે અહિયાં કેમ બેઠા છો ? કાયાભાઈએ તમામ વાત કરી. પછી રૂપશીભાઈ એ દરબારને વાત કરી કે, "તમારી અંદર કોઈ રોગ નથી, પરંતુ ખુદાના ભક્તનો અપરાધ થયો છે માટે પેટમાં બળે છે." માટે કાયા ભક્ત ને બોલાવીને ભજન ભક્તિ કરવાની છૂટ આપો તો સારૂં થઈ જશે. પછી તુરત કાયાભાઈને બોલાવીને ભજન કરવાની છૂટ આપી. ત્યાં તો તુરત જ સારૂં થઈ ગયું.

આવી રીતે મહારાજે રક્ષા કરી. ભગવાનની અનન્ય ભાવથી ભક્તિ કરે તો ભગવાન રક્ષા કરે છે. તો આપણે જો સાચો સત્સંગ રાખીશું, શ્રદ્ધાને વિશ્વાસથી ભગવાનની ભક્તિ કરીશું તો પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન આપણી પણ જરૂર રક્ષા કરશે.

**"દુઃખ હરિજનનું દીલે ધરો છો,**
**સુખનિધિ શ્યામ સહાયતા કરો છો,**
**તદપિ ભજન જે કરે ન ભાવે,**
**નહિ નરજાતિ કુમતિ તેહ કહાવે."**

માટે કરૂણાનિધાનની કરૂણાનો પાર નથી, ને જીવની અવળાઈ નો પાર નથી.

●

**ભગવાન અને ભગવાનના એકાંતિક સંત અને ભક્તથી કઠીન પ્રારબ્ધ ટળે**

- કોમલબેન ગુરુ સાંખ્યયોગી જયશ્રીબેન (ગઢડા)

એકવાર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી ગઢડેથી બોટાદ ગયા ને ત્યાંથી ભીમનાથ ગયાને ત્યાં મહાદેવનાં દર્શન કર્યાં ત સમ ત્યાંના મહંત સ્વામીએ ત્રીસ સાધુ હતા તે સારૂ ત્રીસ શેર લોટ સદાવ્રતમાંથી આપ્યો તે લેવરાવીને સ્વામી ગામઝાંઝરમાં પધાર્યા ને ત્યાંના મંદિરમાં ઉતર્યા તે વખતે દરબાર ખોડાભાઈ આવીને પગે લાગ્યા ને રસોઈ કરવાનું પૂછ્યું ત્યારે સ્વામી કહે "અમે ભીમનાથથી લોટ લેતા આવ્યા છીએ ને દાળ હોય તો લાવો." તે ખોડોભાઈ વ્યવહારે જરા દુર્બળ હતા તેથી ઘરમાં તેટલીએ દાળ નહોતી તેથી પોતાની તલવાર વાણીયાની દુકાને મુકીને ત્રણ રૂપીયા લીધા ને કહ્યું જે "એક મહિનામાં જો રૂપિયા ન ભરૂં તો તલવાર તમોને રહી" એમ કહીને તે રૂપિયાનાં ઘી ગોળ તથા દાળ લઈને મંદિરે આવ્યા ને તે બધો સામાન પુરૂષાનંદ સ્વામીને આપ્યો તેની સાધુએ રસોઈ કરી ને ઠાકોરજીને ધરાવીને સ્વામી વગેરે સહુ જમ્યા પછી સાંજે ગોડી આરતી વગેરે કરીને રાત્રીએ સભામાં કથા વાર્તા કરી પછી નિયમ કરી રહ્યાં ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "સહુ પચીશ પચીશ માળા ફેરવજો." ત્યારે શુક સ્વામી બોલ્યા જે "હે સ્વામી ! શાની માળા ફેરવવાની છે." ત્યારે સ્વામી કહે, "દરબાર સત્સંગી તો બહુ સારા છે ને વ્યવહારે દુર્બળ કેમ છે ?" ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે "એ દરબાર પૂર્વજન્મમાં શ્રીજી મહારાજને વનમાં મળેલ તે સેવકરામનામે સાધુ હતા તેણે તે વખતે મહારાજ પાસે સેવા કરાવીને મહારાજને એક પૈસાભાર પણ અન્ન ન આપ્યું તેથી તેને આ અવતારે પુરૂ ખાવા મળતું નથી." પછી સહુ સાધુઓ પચીશ-પચીશ માળા ફેરવીને તે પછી સૂતા. ત્યારથી આરંભીને ખોડાભાઈને વ્યવહારે સારૂ થયું. એમ જે ભગવાન કે ભગવાનના સંતની સેવા કરીને તેને રાજી કરે તેના ભુંડા પ્રારબ્ધ હોય તે સુધરી જાય.

●

**મદદ કરોને મહારાજ**

- સાંખ્યયોગી અલ્પાબેન ગુરુ શિલ્પાબેન (ગઢપુર)

દૈવી આત્માઓ સત્પુરુષના સમાગમથી અને શાસ્ત્રોના શ્રવણથી સર્વ સુખના નિધિ પ્રભુ છે. એમ જાણી દુનિયાની જંજાળથી છૂટા થઈ ભજન, ભક્તિ કરે છે. ભક્તિ કરવાથી આપણે પ્રભુના ધામને પામશું. આ લોકમાં પણ સુખપૂર્વક જીવન વિતાવી અનેક દુઃખોને દૂર કરી હૃદયની સાચી શાંતિને શાશ્વત સુખ આપણે મેળવી શકીશું. આવા શુભ આશયથી ભક્તિ કરતા ઘણા લોકને આપણે જોઈએ છીએ. છતાં સફળતા મેળવી હોય તેવા ભક્તો તો ગણ્યા ગાંઠ્યા જ હોય છે. ભગવાનનો ભક્ત થાય તેને દુઃખ આવે જ છે. અને તેની રક્ષા પણ ભગવાન પોતે જ કરે છે. તેવો જ પ્રસંગ આપણે જોઈએ.

મોરબીમાં રાજકવિ તરીકે મારું ચારણ જાતિના દેદલભક્ત રહેતા હતા. તે કવિશ્રી દેદલભક્ત બ્રહ્માનંદ સ્વામીના સમાગમમાં આવતાં કંઠી બાંધી ચૂસ્ત સત્સંગી થયા હતાં. સૂર્યોદય પહેલા ઊઠી સ્નાન, પૂજાપાઠ કરી પછી હમેંશા દરબારી કચેરીમાં જતા. કચેરીમાં બેસતા દેવી વગેરેના

ઉપાસક એવા કેટલાક અસહિષ્ણુ લોકો દેદલ ભક્તના ભાલમાં તિલક-ચાંદલો જોઈ બળ્યા કરતા અને એમને આડકતરી રીતે મુશ્કેલીમાં મુકવાના એક પછી એક પ્રયાસો કર્યા કરતા. દેદલભક્તની કોઈ વાત છૂપી ન હતી. છતાં પોતે ધીરજથી એ બધું સહન કરી શાંત મનથી રહે. જો કે પોતે ધારે તો તેથી હલકી વૃત્તિના પાસવાનોને પહોંચી વળે તેમ હતા. કારણ કે રાજા પાસે તેમનું ઘણું સારું માન હતું.

કોઈ વિઘ્ન સંતોષી પાસવાને લાગ જોઈ યુક્તિ પ્રયુક્તિ કરી. રવાજી ઠાકોરશ્રીએ પરંપરાનો સંબંધ અને કવિની સજ્જનતા જોઈ સાહસ નહિ કરતા નૈતિક દૃષ્ટિથી વિચાર કરી સામ, દામ, ભેદને દંડ કાર્ય સિધ્ધિના આ ચાર ઉપાયમાંથી 'દામ કરે કામ' અને 'લાલચે લપટાય માનવી' આ કહેવત પ્રમાણે દેદલભક્તને કહ્યું કે, તમે સ્વામિનારાયણની કંઠી તોડી નાખો તો હું તમને એક ગામ તથા દસહજાર રોકડી કોરી આપું. પરંતુ એવી ભૌતિક લાલચમાં તેઓ નહિ લલચાતાં, માથું જાય ધર્મ ન જાય. એવી દૃઢ ટેક રાખી ઠાકોરશ્રીનું વચન માન્યુ નહિ અને ઉત્તરમાં તેમણે કહ્યું કે, "હું પ્રથમ હતો તેથી દરેક રીતે સુધર્યો છું, ને એ સ્વામિનારાયણના મહાન સંતોના ઉપદેશથી રાજનું કામકાજ નીતિથી ઘરની પેઠે મમત્વથી કરું છું.

આપ ઉંડો વિચાર કરશો તો જણાશે કે સ્વામિનારાયણ ના સાધુઓએ તો મારા જેવો એક પ્રામાણિક માણસ આપશ્રીને ભેટ કર્યો છે. મારી કાંઈ ભૂલ થતી હોય કે મારા તરફથી આપશ્રીને કોઈ જાતની હાનિ પહોંચતી હોય તો આપ ખુશીથી કહી શકો છો. પણ જે બાબતમાં મારું ને તમારું પણ હિત સમાયેલુ હોય એવી ઉત્તમ વસ્તુનો ત્યાગ કઈ રીતે કરી શકાય?"

દરેક મનુષ્યનો એક ખાસ સ્વભાવ હોય છે કે, જ્યારે પોતાનું ધાર્યુ ન થાય કે કોઈ વચન ન માને ત્યારે તે ગુસ્સે થાય છે. ગુસ્સે ભરાયેલો માણસ યોગ્યા-યોગ્યનો વિચાર કર્યા, વિના સાહસથી અઘટિત કાર્ય કરી બેસે છે. આ ન્યાયે રવાજી દરબારે ગુસ્સે થઈ દેદલભક્તને ૨૪ કલાકમાં મોરબીની હદ છોડી જવા ફરજ પાડી. કવિ બહોળા કુટુંબવાળા હતા અને અચાનક ક્યાં જવું તે વિચારમાં તેમણે અરધી રાત્રિ વિતાવી, પણ હૃદયમાં પ્રભુનો વિશ્વાસને હિંમત હતા તેથી ગંભીર મને તલ્લીન બની શ્રીહરિને એકાગ્ર ચિતથી પ્રાર્થના કરવા લાગ્યા. ભક્તવત્સલ પ્રભુ પોતાના અનન્ય ભક્તનું દુઃખ તત્કાળ દૂર કરે છે.

"દુઃખ હરિજનનું દીલે ધરો છો,
સુખનિધિ શ્યામસહાયતા કરો છો."
હિંમત જોઈ હરિજનની, હરિ રહે છે હાજરા હજુર,
ભાંગે મને ભક્તિ કરે, તેથી શ્રીહરિ રહે છે દૂર.

આ ઉક્તિ પ્રમાણે માળીયાના ઠાકોરશ્રી મોડજી દરબારને રાત્રીએ શ્રીજી મહારાજે દર્શન દઈ કહ્યું : કે "અમારા દેદલ ભક્તને રવાજી ઠાકોરે દુભાવ્યા છે, હદ-પારની સજા કરી છે. માટે તેમને આંહી તેડી લાવવા જલદી ગાડાં મોકલો." મોડજી ઠાકોર સેવાભાવી ને સત્સંગીનો પક્ષ રાખનાર પ્રસિદ્ધ ચુસ્ત સત્સંગી હતા, તેઓ શ્રીજી મહારાજના દર્શનથી અતિ આનંદ પામ્યા અને તુર્ત જ ગાડા રવાના કર્યા.

અણધારેલી આવેલી આપત્તિથી રક્ષા કરનાર ભગવાન વિના કોઈ નથી, આવા દૃઢ નિશ્ચયવાળા દેદલભક્ત શ્રીહરિની પ્રાર્થના કરતા હતા. પ્રભાતે પ્રભુ સ્તુતિનું એક પદ તેમણે રચ્યું. તે પદની ત્રણ કડીઓ પૂરી થઈ ન થઈ ત્યાંજ માળિયા ઠાકોર મોડજી દરબારે મોકલેલ ગાડા આવી પહોંચ્યા. તેથી કવિએ ચોથી કડીમાં તે ભાવ લાવી નીચેનું પદ પૂર્ણ કર્યું.

: કચ્છ કાફી :

મદદ કરોને મહારાજ,
હણે અસાજી મદદ કરોને મહારાજ
ગોપીનાથ ! મદદ કરો રે મહારાજ.... ટેક.
કંઠી અસાજી બાંધી તો કારણ
રુઠો, રવાજી રાજ, ગોપીનાથ....
અધમ ઉદ્ધારણ પતીત પાવન
બાંય ગ્રહેજી લાજ ગોપીનાથ....
પારસ પરસે લોહ રીયે તો
લોહજી વેંદી લાજ ! ગોપીનાથ ......
દેદલયે દુઃખ દૂર કર્યા તે,
મોડ રીજીયો મહારાજ, ગોપીનાથ .......

પોતાનો અર્ધો સરસામાન ગાડીમાં ભરી દેદલભક્ત માળિયે ગયા. ત્યાં મોડજી બાપુએ વાર્ષિક રૂપિયા ૫૦૦ રોકડા, પાંચ કળશી અનાજ અને ઘોડા, ગાય વગેરે જાનવરો માટે જોઈએ તેટલું ઘાસ એ પ્રમાણે વર્ષાસન તથા રહેવા માટે મકાન આપી રાજકવિને માળિયામાં પોતાની પાસે સ્થાયી રાખ્યા. આ પ્રમાણે સ્વામિનારાયણ ભગવાનના પ્રબળ પ્રતાપનો પરચો નજરે જોઈ સાંભળીને માળિયા તથા મોરબીના લોકો ઘણું જ આશ્ચર્ય પામ્યા હતા.

એ બનાવ પછી એક માસે શ્રીહરિએ રવાજી ઠાકોરને દર્શન દઈ ઉપદેશ આપી કંઈક અલૌકિક ચમત્કારથી અજ્ઞાન દૂર કર્યું. તેથી માળિયાથી કવિને પાછા બોલાવી સારું ઈનામ આપી વર્ષાસન બમણું કરી આપી ખાસ આગ્રહથી પોતા પાસે રાખ્યા. આ હકીકતના દુહા અન્ય કવિએ પણ લખ્યા છે.

"ગામદામથી નહ ગળ્યો, દેદલ તોળો દલ,
કંઠી કારણ કોપિયો, રાજા વે રવમલ..... ૧
હરિ કારણ હદપાર હુવો, કંઠી તોડન કાજ,
સુપને સહજાનંદ કહે, ભૂત ગ્રહી લે ભજ..... ૨
પ્રભાતે કવિ પ્રેમથી, દેદલભક્ત દહીવાણ,
સમર્યો સહજાનંદ શરણ, ભૂપ મોડ કુલભાણ..... ૩
સહજાનંદની સોનથી, રીજીયો ફિર રવમાલ,
દેદલભક્તને ધન દઈ, પાસ રાખ્યો પ્રતિપાળ..... ૪"

અનન્ય નિષ્ઠાવાન એકાંતિક ભક્ત ચારણપુત્રની દૃઢતાથી શ્રીજીએ તેમની તત્કાળ સહાય કરી, ટેક આબાદ રાખી હતી.

ધન્ય છે. ભક્ત કવિને તેમજ ધન્ય છે ધર્મનો પક્ષ રાખનાર રાજવી મોડજી દરબારને અને ધન્ય છે રવાજી ઠાકોરને કે કવિની કસોટી કરી પાછો યોગ્ય સત્કાર કરી પોતાની પાસે રાખ્યા.

●

### સંત સમાગમ

- નિમિષા કે. (મેથાણ)

આ સંસારરૂપી દરિયામાં આપણી નૈયાને પાર કરવા માટે ભક્તિરૂપી હલેસા જરૂરી છે. અને આ હલેસા મારતા એટલે કે નાવ ચલાવતાં આપણને આપણાં સ્વામિનારાયણ ભગવાન શીખવતાં ગયાં છે. અત્યારે નાવિક એ સંતો છે. જે આપણને આ અગાધ સંસારરૂપી દરિયામાંથી પાર ઉતારી જાય છે.

આપણા સંપ્રદાયમાં આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ પરમકૃપાળુ આપણા કલ્યાણને વાસ્તે દયાળુ એવા સંતોની અમૂલ્ય ભેટ મૂકીને ગયા છે. સંતોનો એકમાત્ર ધ્યેય છે ભક્તિ કરવી અને ભક્તિ કરાવવી. હે ! વ્હાલા ભક્તો આપણે હંમેશા ધર્મકુળ આશ્રિત સંતોનો સમાગમ કરવો જોઈએ. મહાન પુરુષોના સંપર્કમાં આવતા આપણા જીવનમાં અજ્ઞાનરૂપી અંધકાર દૂર થઈ ભક્તિરૂપી જ્ઞાનનો દીવો પ્રજ્જવલિત થાય છે.

એક દ્રષ્ટાંત છે. એક ગામમાં ચાર ચોર રહેતા હતા એ રાજાના મહેલમાં ચોરી કરવા જતા હતા. એટલામાં એક ચોર ને બાવળની શૂળ વાગી શૂળ પગ સોંસરવી નીકળી ગઈ. એ બોલ્યો મારાથી ચલાતું નથી. ત્યારે બીજા ત્રણ ચોર બોલ્યાં તો અહીંયા બેસ. પણ હા આ રાજાનો ખજાનો તોડી લાવીએ એમાં તારો કોઈ ભાગ નહીં હો. પેલો ચોર નિરાશ થઈ બેઠો. એટલામાં એને કાંઈક અવાજ સંભળાયો. એને થયું અહીયા કોઈક છે. ત્યાં રાતવાસો કરી લઈશ. જ્યાં એક સંત કથા કરતા હતા. એટલે ચોર પણ કથામાં બેઠો. કથા પૂરી થઈ એટલે બધાં જ ભક્તો પોતપોતાના ઘરે ગયાં. પણ આ ચોર ન ગયો. એણે સંતને કહ્યું કે મારે અહીંયા સૂવુ છે. મારા પગમાં કાંટો વાગ્યો છે. ચલાતું નથી. અહીંયા રોકાવુ તો કાંઈ વાંધો નથીને સવારે ચાલ્યો જઈશ. પેલા દયાળુ સંત બોલ્યા કે કાંઈ વાંધો નહી. સૂઈ જા. બીજે દિવસે ચાલ્યો ગયો.

આ બાજુ રાજાના મહેલમાં ખબર પડી કે ચોરી થઈ છે. પછી તો તપાસ ચાલુ થઈ. મુદ્દા-માલ સાથે ચોર પકડાયા અને રાજાએ આદેશ આપ્યો કે આ ચારેયને શૂળી પર ચડાવી દો. ત્યારે આ ચોર જે પગમાં વાગ્યું હતું તે બોલવા લાગ્યો મેં ચોરી નથી કરી પણ તેની વાત કોણ માને. એજ વખતે એ વાતની પેલા સંતને ખબર પડતાં તે આવ્યા અને કહ્યું કે આ વ્યક્તિ સાચું બોલે છે. એ કાલે રાત્રે મારી પાસે મંદિરમાં જ સૂતો હતો. આમ સંતના કહેવાથી એની જીંદગી બચી ગઈ. આ ચોર તો સારા ઈરાદે મંદિરમાં નહોતો ગયો. સંત પાસે નહોતો રોકાયો. છતાં એની જીંદગી બચી ગઈ. તો આપણને ભક્તિ માટે, કથા માટે, સેવા માટે સંતો પાસે રોકાઈએ તો આપણી જીંદગી કેમ ન બચે એટલે કે આપણું કલ્યાણ કેમ ન થાય ? નિર્મળ મન રાખશું તો આપણું કલ્યાણ પણ ચોક્કસ થશે.

એક પાપી જીવ હતો તેને યમરાજા યમપૂરીમાં લઈ ગયા. અને કહે તારા ઘણાં બધાં પાપો છે. અને એક ઘડીનું પુણ્ય છે. એ પુણ્ય માટે તું કહે તેમ હું કરું. ત્યારે પેલો પાપી જીવ બોલ્યો મને એક ઘડી માટે મહાત્માના આશ્રમમાં મોકલી દો. પેલાં યમરાજાએ એને મહાત્માના આશ્રમમાં મોકલી દીધો. પેલો જીવ કરગરવા લાગ્યો. બોલ્યો મહાત્મા મને બચાવો ! હમણાં એક ઘડી પૂરી થઈ જશે. અને યમરાજ મને લઈ જશે. એટલે સાધુ કહે હવે યમરાજ તારો વાળ પણ વાંકો નહી કરી શકે. કારણ કે તું મારા આશરે છે. હમણાં આરતી થશે. અને આરતીમાં ભગવાન આવશે. એટલે હું જળ લઈ સંકલ્પ કરી તારા પર છાંટીશ પછી તું ભગવાનનો થઈ જઈશ. ભગવાન હોય પછી યમરાજ તારું કાંઈ નહી બગાડી શકે. પછી એક ઘડી પુરી થઈ આ બાજુ આરતી થઈ અને ભગવાન આવ્યા અને યમરાજ પણ આવ્યા. યમરાજ જ્યાં પેલાં જીવને લેવાં જાય ત્યાં ભગવાન બોલ્યા એ અમારો આશ્રિત છે. એને તમારાથી ન અડાય અને યમરાજ પાછા ગયા. હે ! ભક્તો એક ઘડીના સમાગમથી જો આટલું રુડું થતું હોય તો આપણને આ મનુષ્યરૂપી દેહ મળ્યો એની અનેક ઘડીઓનો લ્હાવો લઈ સંતોનો સમાગમ કરી લેવો જોઈએ અને આપણું કલ્યાણ અવશ્ય કરી લેવું જોઈએ જેથી આ લાખ ચોરાશીમાંથી મુક્તિ મળી જાય.

●

અનુસંધાન પાના નં. ૧૯નું ચાલુ

## સત્સંગ બાલવાટિકા

કથા બહુ પ્રાચીન છે. શ્રીમદ્ ભાગવતની છે. પણ તમને નથી લાગતું કે આપણા માટે ખૂબ ઉપયોગી છે.

**પિતાનું અપમાન સહન કરી લે તે સાચો પૂત્ર નહિ.**
**પતિનું અપમાન સહન કરી લે તે સાચી પત્ની નહિ.**
**ગુરૂનું અપમાન સહન કરી લે તે સાચો શિષ્ય નહિ.**
**ઈષ્ટદેવનું અપમાન સહન કરી લે તે સાચો ભક્ત નહિ.**
**રાષ્ટ્રનું અપમાન સહન કરી લે તે સાચો નાગરિક નહિ.**

માટે જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, "જે સત્સંગનો દ્રોહી હોય અને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતુ બોલતા હોય તેની આગળ તો માન રાખવું તે જ સારૂ છે અને તે ઘસાતું બોલે ત્યારે તીખાબાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ તો નિર્માની થવું નહી. તે જ રૂડું છે." (વચનામૃત-પંચાળાનું પાંચમું)

# ........પ્રશ્નપેટી........

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ ''ભગવાનનું માહાત્મ્ય જાણ્યાને અર્થે એકાંતિક સાધુનો મન, કર્મ, વચને કરીને સંગ નિરંતર રાખવો.'' - આ ઉપદેશાત્મક વાત ક્યા સંતે કરી છે ?

પ્ર. : ૨ ''તુલસી બોલ્યો તો કરુ જગન, પડ્યો ખોટો ન ખરચાણું નાણું'' - આ તુલસી વણિક ક્યા ગામનો હતો ?

પ્ર. : ૩ અરે પુતળીબેન ! પેલું સોનું તમને આપ્યું તું તે લાવો. સદાવ્રતમાં વાપરી નાખીએ. રામાનંદ સ્વામીએ પુતળીબાઈ પાસે સોનું માગ્યું તો તેમણે પ્રત્યુતરમાં શું જવાબ મળ્યો ?

પ્ર. : ૪ સત્સંગમાં વિચરણ કરતાં કરતાં સ્વામિનારાયણ ભગવાન ગામ ઝુલાસણમાં પધાર્યા ત્યારે ત્યાંના ભક્તજનોએ સ્વાગત સામૈયું કર્યું પછી મહારાજ ગામની એક ધર્મશાળામાં બેઠા ત્યાં મહારાજે ઉપદેશના કીર્તન ગવડાવેલા છે તો એ કીર્તન કોણે ગાયા હતા ?

પ્ર. : ૫ ખોરજનાં મુસ્લિમ ભક્તની ખડે પગે આખી રાત ઊભા રહેવાની સેવાથી શ્રીજી મહારાજે રાજી થઈ તેમને શું આપ્યું ?

પ્ર. : ૬ તીન તાપકી ઝાલ ઝર્યો, પ્રાની કોઈ આવે, તાકું શીતલ કરત તુરત, દિલ દાહ મિટાવે, કહી કહી સુંદર બેનરેન, અજ્ઞાન નિકાસે, પ્રગટ હોત............. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના મુખથી સરેલા આ શબ્દો અહીં અધુરા છે જેને પૂર્ણ કરો.

પ્ર. : ૭ પ્રીત પૂરવની રે, નાથ ન મૂકી દેજ્યો બહુનામી તમ સાથે બંધાણી.... આ કીર્તનના રચયિતાનું નામ જણાવો.

## એપ્રિલ-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સદ્. ગુણીતાતાનંદ સ્વામી (પ્ર. ૧, વાતો ૩૧૪) (૨) ગ.પ્ર. ૫ વચનામૃત (૩) લોયાગામના (૪) પુરૂષોત્તમપ્રકાશ પ્રકરણ-૩૪ (૫) ફાગણ સુદ-૩ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ૨૦૧૧ (૬) ૐ નિર્દભાય નમઃ (૭) કુમુદાદેવી અને જશુબાઈ

૧. પટેલ રેખાબહેન કીર્તિકુમાર (ઉંઝા)
૨. સાંખ્યયોગી રસીલાબા (હવેલી અમદાવાદ)
૩. સાંખ્યયોગી રેખાબા (બાલાસિનોર)
૪. કંચનબેન પટેલ (રતનપર)
૫. દક્ષાબેન સોની (અમદાવાદ)
૬. હસુબેન ઠક્કર (અમદાવાદ)
૭. વિનોદભાઈ પટેલ (વહેલાલ)
૮. મધુબહેન અશોકકુમાર પટેલ (અમદાવાદ)
૯. ઈન્દુભાઈ પટેલ (અમદાવાદ)
૧૦. સુખડિયા અલકાબેન અશ્વિનભાઈ (અમદાવાદ)
૧૧. રાણપુરા દર્શના એ. (અમદાવાદ)
૧૨. સાંખ્યયોગી રંજનબા તથા નાનીબેન (ઓઢવ-અમદાવાદ)
૧૩. પટેલ અશ્વિન ધીરુભાઈ (અમદાવાદ)
૧૪. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૧૫. સુમિત્રાબેન એન. ભાવસાર (અમદાવાદ)
૧૬. સાંખ્યયોગી શિલ્પાબા, શિતલબા (હવેલી-અમદાવાદ)
૧૭. અરવિંદાબેન એન. ભાવસાર (અમદાવાદ)
૧૮. સાંખ્યયોગી ભારતીબા, મંજુબા (હવેલી-અમદાવાદ)
૧૯. વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
૨૦. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૧. ભોરણીયા ધર્મેન્દ્રભાઈ (મોરબી)
૨૨. ભોરણીયા અમિતાબેન (મોરબી)
૨૩. ભાવનાબેન કે. ખંધાડીયા (મોરબી)
૨૪. જયમીન કે. (અમદાવાદ)
૨૫. સુહાગીયા જય અને પાર્થ (અમદાવાદ)
૨૬. રામાણી સેજલ બાબુભાઈ (અમદાવાદ)
૨૭. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૮. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (અમદાવાદ)
૨૯. પટેલ જ્યોત્સનાબેન આર. (અમદાવાદ)
૩૦. પરમાર ઉર્મિલા કે. (સુરત-બોડકા)
૩૧. સાંખ્યયોગી કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૩૨. કુમુદાબેન (દહેગામ)
૩૩. શિલ્પાબેન એમ. પટેલ (દહેગામ)
૩૪. ઘનશ્યામએમ. મકવાણા (અમદાવાદ)
૩૫. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૩૬. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૭. શારદાબેન કે. પટેલ (નાંદોલ)
૩૮. વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૩૯. સાકરબેન નટવરલાલ પટેલ (નાંદોલ)
૪૦. અંજના પટેલ (નાંદોલ)
૪૧. નિરંજનાબેન કનુભાઈ રાવલ (અમદાવાદ)
૪૨. વિલાસબા પરાક્રમસિંહ ઝાલા (અમદાવાદ)

## સમસ્ત સત્સંગને જાણ સારું

સમસ્ત સત્સંગને જણાવવાનું કે શ્રી સ્વામિનારાયણ મંદિર (હવેલી) અમદાવાદના હાલ બાલાસિનોર બહેનોના મંદિરમાં રહેતા સુરતવાળા સાંખ્યયોગી રંજનબેન, સાંખ્યયોગી રેખાબેન, સાંખ્યયોગી અસ્મિતાબેન, સાંખ્યયોગી રસીલાબેન તથા હાલમાં પ્રાંતિજ બહેનોના મંદિરમાં રહેતા સાંખ્યયોગી ભક્તિબા અને સાંખ્યયોગી અનીતાબા આ છ સાંખ્યયોગી બહેનો સંપ્રદાયની મર્યાદાને અનુરૂપ વર્તતા ન હતા તથા ભગવાનનું ગમતું કરવાને બદલે પોતાનું જ ગમતું કરાવવું. તેમજ બાઈઓ સાથે ઝઘડવું અન્ય બહેનોને હેરાન પરેશાન કરવા પોતાનો અહમ્ સંતોષવા સંપ્રદાયના નિયમનું ઉલ્લંઘન કરતા હતા. જેના કારણે ઉપરોક્ત છ સાંખ્યયોગી બહેનોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ દેશમાંથી બરતરફ કરેલ છે. જેની સમસ્ત સત્સંગને જાણ થાય. અને શ્રી નરનારાયણદેવ દેશના શિખરબધ્ધ કે હરિ મંદિરમાં તેમને આશ્રય આપવો નહિ.

એજ લી. કોઠારી સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અને અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી પ.ભ. ઈશ્વરભાઈ પ્રભુદાસ પટેલ (કુંડાલવાળા-મુંબઈ) તરફથી શ્રીહરિ પ્રસન્નાર્થે તા. ૩૦-૪-૨૦૧૦ થી તા. ૬-૫-૨૦૧૦ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સુમધુર કંઠે અને સંહિતા પાઠમાં પુરાણી સ્વામી ધર્મજીવનદાસજીએ વિરાજીને શ્રોતાઓને અને યજમાન પરિવારને મહા અલૌકિક લાભ આપ્યો હતો. કથા પ્રારંભ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે વ્યાસપીઠનું પૂજન આરતી વગેરે થયા હતા.

તા. ૬-૫-૨૦૧૦ ના રોજ કથાની પૂર્ણાહુતિ પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં થઈ હતી. આ પ્રસંગે પૂ. મહંત સ્વામી અને વિદ્વાન સંતોના પ્રેરક પ્રવચન બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ અલૌકિક આશીર્વાદ આપીને યજમાન પરિવાર ઉપર ખૂબજ રાજી થયા હતા. યજમાન શ્રી ઈશ્વરભાઈ પ્રભુદાસ પટેલ પરિવારે ધર્મકુળનું પૂજન અર્ચન કરી ભેટ ધરી ખૂબજ ભાગ્યવંત બન્યા હતા.

(શા. દિવ્યપ્રકાશદાસ)

**નારાયણઘાટ મંદિરમાં અધિક માસમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં સપ્તાહ પારાયણ (રાત્રીય)નું આયોજન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ-સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી એવમ્ નારાયણઘાટ મંદિરના બન્ને મહંત સ્વામી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી) ના માર્ગદર્શનથી નારાયણઘાટ નિજ મંદિરના પ્રાંગણમાં તા. ૮-૫-૨૦૧૦ થી તા. ૧૪-૫-૨૦૧૦ પર્યન્ત દંઢાવ્ય દેશના લીલા ચરિત્રોની રાત્રીય સપ્તાહ પારાયણનું આયોજન કરેલ.

બન્ને મહંતશ્રીએ ભક્તોને માત્ર ને માત્ર મહારાજના ચરિત્રોનું શ્રવણ થાય તે માટેનું સુંદર આયોજન કર્યું હતું. જેના વક્તાપદે સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર) રહી ભક્તોને શ્રીહરિના ચરિત્રનું શ્રવણ કરાવી ભક્તિમાં તરબોળ કર્યા હતા. ઘણી મોટા સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો સાથો સાથ સાતે સાત દિવસ અલગ અલગ યજમાન બની ભક્તોએ લાભ લીધો હતો. અને કથા શ્રવણ બાદ દરેક ભક્તજનો માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આગામી ઉત્સવ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવમાં નારાયણઘાટ, રાણીપ, અને નવાવાડજના સંતો ભક્તો ભેગા મળી ભગવાનના છઠ્ઠા સાતમાં અને આઠમાં વંશજની રજતતુલા કરવાનું આયોજન કરેલ. જેમા રાણીપ અને નવાવાડજમાં ઘણા ભક્તોએ લાભ લઈ ટાર્ગેટ પૂરો કર્યો હતો. અને નારાયણઘાટમાં પારાયણ દરમ્યાન ૬૫ થી ૭૦ કિલો ચાંદી અને પૂ. મહારાજશ્રીનો સંકલ્પ પ્રસાદીના ઠાકોરજીની સુવર્ણતુલા કરવાનો તેમાં પણ ઘણી સુવર્ણની સેવા કરી અલભ્ય લાભ લીધો હતો. આ સપ્તાહ પારાયણ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધારીને દર્શન અને આશીર્વચનનોની હેલી ભક્તજનો પર વર્ષાવી હતી. સંતોમાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી આદિક સંતોએ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં અધિક માસ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા આશીર્વાદથી અને નારણપુરા મંદિરના મહંત શા. સ્વા. શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં શ્રી ઘનશ્યામમહારાજ સમક્ષ વિવિધ ઉત્સવો અધિક માસમાં ધામધૂમથી ઉજવાયા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉદ્‌ઘાટનના ઉપલક્ષમાં તા. ૨-૫-૧૦ થી તા. ૮-૫-૧૦ પર્યન્ત આપણી ટર્ફ સ્કુલમાં રાત્રી સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વ્યાસપીઠનું પૂજન કરી કથાનો શુભારંભ થયો હતો. જેના યજમાન પ.ભ. વિઠ્ઠલભાઈ રણછોડભાઈ પટેલ (કડીવાળા) અને સહયજમાન અ.નિ.પ.ભ. લવજીભાઈ ભીમદાસ પટેલ (દેવપુરા) પરિવાર રહ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અનેક ભક્તજનોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનિર્માણમાં સુંદર સહયોગ આપ્યો હતો.

અત્રેના બહેનોએ પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં કીર્તન-ભક્તિ અને ૧૨ કલાકની અખંડ ધૂન કરી હતી. આ પ્રસંગે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ. ભૂમાનંદ સ્વામી રચિત આખી અદ્‌ભુત વાનગીઓનો થાળ અધિક માસની અમાસે ઠાકોરજીને પ.ભ. અરવિંદભાઈ શીવાભાઈ પટેલ (કોઠવાળા) પરિવારે પ્રેમથી બનાવીને ધરાવ્યો હતો. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા.

(પૂજારી ઋષિકેશદાસજી)

**પ્રસાદીભૂત કુંડાળ ગામને આંગણે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન**

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી

તથા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી તથા શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટના બંન્ને મહંતશ્રી સ.ગુ. દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. પી.પી. સ્વામી (નાના)ની પ્રેરણા તથા માર્ગદર્શનથી પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય ચરણોથી અંકિત તેમજ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં ૧૩૭ માં પ્રકરણમાં નોંધ કરેલ છે. જે લોખંડના ધગધગતા ગોળાથી જેમની શ્રીહરિએ રક્ષા કરેલી એવા પરમભક્તરાજ શ્રી કલાભગતની જન્મભૂમિ અને કર્મભૂમિ ગામ કુંડાળને આંગણે પવિત્ર પુરુષોત્તમમાસમાં અ.નિ. હીરાભાઈ તુલસીદાસ પટેલ તથા ગં.સ્વ. શાંતાબેન હીરાભાઈ પટેલના શુભ સંકલ્પથી તેમજ સુપુત્ર શ્રી ગોવિંદભાઈ હીરાભાઈ પટેલ પરિવારે યજમાન પદે રહી તા. ૨૯-૪-૨૦૧૦ થી તા. ૫-૫-૨૦૧૦ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરેલ. જેના વક્તા સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) બિરાજી પોતાની સુમધુર, સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી ભક્તજનોને પ્રભુ ભક્તિમાં ઘેલા કર્યા હતા. આ દિવ્ય પ્રસંગને દીપાવવા સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી કાલુપુર મહંતશ્રી આદિક સંતોએ પધારી મહા અલૌકિક લાભ આપેલ.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય ગાદીવાળાશ્રીએ પધારી મહોત્સવના ફળ સ્વરૂપ દર્શન આશીર્વચનનો અનેરો લાભ ભક્તજનોને આપ્યો હતો. (શા. અભયપ્રકાશદાસજી)

**બાલાસિનોરમાં શિબિર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તથા સ.ગુ. ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી બાલાસિનોર ગામે ભવ્ય ઉત્કર્ષ સ્નેહ મિલન શિબિરનું આયોજન શા. વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી અને ગામના હરિભક્તોના સાથ સહકારથી સુંદર રીતે સંપન્ન થયું. આ શિબિરમાં ૧૩૫ ગામોના હરિભક્તોએ લાભ લીધો હતો. જેમાં ૯ બ્લડ ડોનેશન કેમ્પ, વ્યસન મુક્તિ કાર્યક્રમઅને બીજા સમાજ લક્ષી કાર્યક્રમો યોજાયા.

અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી નારણઘાટથી નાના પી.પી. સ્વામી, વડનગરથી શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, શા.સ્વા. હરિસ્વરૂપદાસજી, આદિ સંતો પધાર્યા હતા. અને સંતોએ શ્રીજી મહારાજનું અલૌકિક મહિમા માહાત્મ્ય તથા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય તેમજ શ્રી નરનારાયણદેવની નિષ્ઠા રાખવા ખાસ ભાર મૂક્યો હતો. હજારો શિબિરાર્થીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગમાં બાલાસિનોર, લુણાવાડા, કોઠંબા, કપડવંજ, રનેલા, સંતરામપુર અને તેની આજુબાજુના ગામોના હરિભક્તોએ પ્રેરણાદાયી સેવા બજાવી હતી. આ પ્રસંગે બહેનોને આશીર્વાદનું સુખ આપવા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. જેમના ઉતારાના યજમાન કાછીયા ભાવેશભાઈ ઘનસ્યામભાઈ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ઉતારાના યજમાન અ.નિ. પ.ભ. રવિશંકર પૂંજાલાલ પરિવાર રહ્યા હતા. દરેક હરિભક્તોની સેવા ખૂબજ સુંદર હતી. (રાકેશભાઈ તથા પ્રકાશભાઈ કાછીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારમાં અધિક માસની ઉજવણી તથા કુંભસ્નાન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમસ્ત ધર્મવંશીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વારના મહંત સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી અધિક માસમાં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. જેમાં ૪ પારાયણો શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ, શ્રીમદ્ સત્સંગિજીવન, શ્રીમદ્ સત્સંગિભૂષણ અને શ્રીમદ્ ભાગવત પંચમસ્કંધ પારાયણોનું સુંદર આયોજન થયું હતું. શ્રીહરિ નવમીના ઠાકોરજીને કેસર સ્નાન, અભિષેક, અન્નકૂટ, મહાપૂજા વગેરે ઉત્સવ, નારાયણપુરા અમદાવાદના પ.ભ. રણછોડભાઈ લવજીભાઈ પટેલ તરફથી થયા હતા. અધિક વૈશાખ સુદ-૧૫ના દિવસે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો વિશેષ ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ અને મહાપૂજા વિધિવત થઈ હતી. જેના યજમાન બાબુભાઈ જીવાભાઈ તથા શ્રી બચુભાઈ અમીન રહ્યા હતા. જન્માષ્ટમી, શિવરાત્રી, વિજયા દશમી આદિ તિથિએ આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. તા. ૧૪-૪-૨૦૧૦ ના રોજ છેલ્લા કુંભ સ્નાન પ્રસંગે શ્રીહરિના અનેક આશ્રિતોએ દિવ્ય લાભ લીધો હતો. હરિભક્તોએ પણ યજમાન બનીને અધિક માસ અને તે પણ હરિદ્વાર અને પવિત્ર ગંગાના કિનારે મહાઅલૌકિક લાભ લઈ જીવનને ધન્ય બનાવ્યું હતું. (સાધુ વ્રજભૂષણદાસ, હરિદ્વાર)

**હિંમતનગર મંદિરમાં અધિકમાસમાં કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ખાતે અધિકમાસ નિમિત્તે નિષ્કુળાનંદ સ્વામી રચિત ધીરજાખ્યાનની કથા મહંત શા.સ્વામી હરિજીવનદાસજીએ અનોખી શૈલીમાં ધીરજ આખ્યાનમાં વર્ણવેલ મહાન ભક્તોના ચરિત્રો ગાયા હતા. હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી પણ સંત મંડળ સાથે પધાર્યા હતા. (પૂજારી સ્વામી અજયપ્રકાશદાસજી)

**ચેનપુર ગામમાં શ્રીમદ્ ભાગવત પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની એવં સમસ્ત ધર્મવંશીની કૃપા આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી ચેનપુરમાં પ.ભ. પ્રકાશભાઈ પુરુષોત્તમદાસ નારણભાઈ પટેલના સંકલ્પથી તા. ૨૦-૪-૨૦૧૦ થી તા. ૨૬-૪-૨૦૧૦ પર્યન્ત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની સુમધુર વાણીમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ થઈ હતી.

આ પ્રસંગે સમસ્ત ધર્મવંશીના પાવન ચરણોથી ગામધન્ય ધન્ય બન્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે ગામમાં સુંદર મંદિર બને અને સત્સંગ ખૂબજ વધે અને યજમાન પરિવાર ખૂબજ સત્સંગમાં રહે અને સેવાનો લાભ લે તેવા અલૌકિક આશીર્વાદ પાઠવ્યા હતા. આમયજમાન પરિવારે સેવા કરીને ધર્મકુળ, સંતો અને હરિભક્તોનો ખૂબજ રાજીપો મેળવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ સારી સેવા કરી હતી. (ઘનશ્યામભાઈ પટેલ, ઉવારસદવાળા)

**જીવરાજપાર્ક મંદિરમાં અધિક માસમાં કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે જીવરાજપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પવિત્ર અધિક માસમાં તા. ૧૦-૫-૨૦૧૦ થી તા. ૧૬-૫-૨૦૧૦ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રી ભક્ત ચિંતામણી પરચા પ્રકરણની કથા પૂ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. રોજે કથામાં ૧૫૦૦ હરિભક્તો અલૌકિક લાભ લેતા હતા. (શ્રી સ્વા.મંદિર, જીવરાજપાર્ક)

**માણસા મંદિરમાં પાટોત્સવ ઉજવાયો**

શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી ઠાકોરજીનો ૧૪૦ મો પાટોત્સવ વૈશાખ સુદ૦૬ ને તા. ૧૯-૫-૨૦૧૦ ના ધૂમધામથી ઉજવાયો. જેના યજમાન અ.નિ. જડીબેન નાનાલાલ જણસારી પરિવાર રહ્યા હતા. આ પ્રસંગે વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ સંત જગતપ્રકાશદાસજી, અયોધ્યા મંદિરના મહંત દેવ સ્વામી અને અત્રેના મહંત ઘનશ્યામ સ્વામી આદિ સંત મંડળે પ્રેરણાત્મક ઉપદેશાત્મક કથા કરી દિવ્ય લાભ આપ્યો હતો.

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વર્ષ ૨૦૧૧ ના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના જન્મ સ્થાને શેખપાટમાં વિકાસ મહોત્સવ**

મૂળીધામમાં વિરાજમાન સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમી દૃષ્ટિથી તથા મૂળી મંદિરના માજી મહંત સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા શા.છપૈયાપ્રસાદદાસજી (ભકનસર મંદિર મહંત)ના સંપૂર્ણ સાથ સહકારથી શેખપાટ મંદિરના પૂજારી ગીરીશ ભગત તથા કોઠારી ચનુભા બાપૂ, અનોપસંગ બાપૂ, અભેસંગ બાપૂ આદિ સોઢા પરિવાર તથા સમસ્ત ગામ, હાલાર, કચ્છ અને ગુજરાતના હરિભક્તોના સાથ સહકારથી વિકાસ મહોત્સવનું સુંદર આયોજન થયું હતું. સંપ્રદાયના મહાન સંત વૈરાગ્ય મૂર્તિ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી મૂળી દેશના હાલાર પ્રદેશના શેખપાટ ગામે જન્મયા હતા. તેઓશ્રીના જન્મસ્થાન અને આજુબાજુની વિશાળ જગ્યા સંપાદન કરી તેમાં નૂતન મંદિર, ધર્મશાળા ભોજનાલય, ગૌશાળા શ્રીહરિ પરચા વિભાગ અને યમદંડ પ્રદર્શનનું ભવ્ય આયોજનમાં પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદથી મુખ્ય દાતા પ.ભ. ગીરધરલાલ મોહનલાલ ગાંગાણી પરિવાર (માણામોરા હાલ પંજીમગોવા) તથા સંપૂર્ણ મંદિર નવનિર્માણ મુખ્ય દાતા પ.ભ. લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી પરિવાર (બળદીયા કચ્છ) રહ્યા છે.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૫-૪-૨૦૧૦ ઠાકોરજી સહિત વિજય સ્તંભ નગરયાત્રા તથા અખંડ મહામંત્ર ધૂનનું આયોજન થયું હતું. તા. ૧૬-૪-૨૦૧૦ ના સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય સ્વાગત સામૈયુ કરવામાં આવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં પધારી ઠાકોરજીની આરતી હતી. ભૂમિ પૂજનમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે મુખ્ય દાતા શ્રી ગીરધરલાલ ગાંગાણી અને મંદિર નિર્માતા મુખ્ય દાતા શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી પરિવારે અલૌકિક લાભ લીધો હતો. ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિમાં સરધારા ઓધવજીભાઈ જેઠાલાલ આદિ પરિવારે યજમાન બની. પ.પૂ. મહારાજશ્રી સાથે પૂજનમાં લાભ લીધો હતો.

આ પ્રસંગે ભક્ત ચિંતામણીની કથા શા.સ્વામી ચતુર્ભુજદાસજીના વક્તાપદે થઈ હતી. અને રાત્રે શા.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ સંત વાણીનો લાભ આપેલ.

પ્રાસંગિક સભામાં સભા સંચાલન શા. છપૈયાપ્રસાદ દાસજીએ સંભાળ્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શેખપાટમાં નવ નિર્માણ મંદિરનું કામ સત્વરે સુંદર થાય અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની છત્રછાયામાં નિષ્ઠા રાખીને સર્વે ને સેવા કરવા રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે મૂળીથી પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી, મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી, અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીના શિષ્ય જે.કે. સ્વામી, ચરાડવા મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી, અનિરુદ્ધ સ્વામી, અમદાવાદના વિશ્વવલ્લભદાસ તથા જામનગર મંદિરના કોઠારી સ્વામી તથા પંચાળાના સંતો પ્રસંગમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

(પૂજારી ગીરીશ ભગત)

# વિદેશ સત્સંગ સમાચાર

### વોશિંગ્ટન (I.S.S.O.) ચેપ્ટર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ૨ એપ્રિલ શુક્રવારે સાંજે ૭-૧૫ થી ૧૦-૧૫ સુધી ડેઈઝ ઈનના હોલમાં સત્સંગ સભા થઈ હતી. જેમાં કથા વાર્તા કીર્તન ભક્તિ અને નિત્ય નિયમથાળ આરતી તથા વિશેષ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાક્ટ્યોત્સવ તેઓશ્રીની છબીનું પૂજન-અર્ચન કરી પ્રાગટ્યોત્સવ મનાવ્યો હતો.

૧૭ એપ્રિલ શનિવારે સાંજે ૪-૪૫ થી ૯-૪૫ સુધી ૫ કલાક પેરિસ હોલમાં સત્સંગ સભા થઈ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણની ધૂન આજ મારે ઓરડે ગાઈને પ્રારંભ થયો હતો. ધૂન, ભજન, કથા-વાર્તા-વચનામૃત વાચન નિત્ય નિયમબાદ હ્યુસ્ટન મંદિરથી મહંત સ્વામી આનંદજીવનદાસજીએ માઈક અને સેલફોન દ્વારા ધ્યાન તો ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ થાય અવતારોનું જ ધ્યાન થાય તેમ કહી સુંદર કથા સંભળાવી હતી.

૩૦ એપ્રિલ શુક્રવારે સાંજે ૭-૧૫ થી ૧૦-૧૫ ૩ કલાક ડેઈઝ ઈનના હોલમાં સત્સંગ સભા થઈ હતી. ઠાકોરજી સમક્ષ ધૂન-ભજન કીર્તન થયા હતા. વિહોકન મંદિરથી શા.સ્વા. ધર્મવલ્લભદાસજીએ સેલફોન અને માઈકથી અધિક માસની કથા સંભળાવી હતી. ત્યાર બાદ વચનામૃત વાચન અને ઠાકોરજીને થાળ-આરતી અને નિત્ય નિયમ થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે. (કનુભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (અમેરિકા)

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી રામનવમી શ્રીહરિ જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીએ શ્રી રામજન્મોત્સવ અને રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ આરતી ઉતારી હતી. સભામાં સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજનું માહાત્મ્ય બાલ લીલા ચરિત્ર સુંદર રીતે વર્ણવ્યુ હતું. (I.S.S.O.) ના દરેક ચેપ્ટરોમાંથી હરિભક્તો દર્શને પધાર્યા હતા. પૂજારી સ્વામી હરિનંદનદાસે ઠાકોરજીના શણગારના સુંદર દર્શન કરાવ્યા હતા. હરિભક્તોએ દર્શનનો મહાલાભ લીધો હતો. હનુમાન જયંતી પ્રસંગે શ્રી હનુમાનજીની આરતી અને હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા.

અધિક માસમાં ૮ મે ના મહાપૂજાનું સુંદર આયોજન થયું હતું. મંદિરમાં પ્રથમ ધૂન બાદ શણગાર આરતી થઈ હતી. શ્રી પિનાકીન જાની દ્વારા સંસ્કૃતના શ્લોકથી મહાપૂજાનો પ્રારંભ થયો હતો. આ સુંદર અવસરે શ્રી સુવ્રતકુમાર તથા શ્રી સૌમ્યકુમાર પધાર્યા હતા. અનેક હરિભક્તોએ પૂજામાં લાભ લીધો હતો. હરિનંદન સ્વામીએ મહાપૂજાનું માહાત્મ્ય સુંદર રીતે કહ્યું હતું.

અધિક માસ નિમિત્તે મંદિરમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તિ નિધિ ત્રિદિનાત્મક કથા મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી તથા શા. હરિનંદનદાસજીના વક્તા પદે થઈ હતી. કથાના મુખ્ય યજમાન અને સહ યજમાનો એ વક્તાશ્રી અને વ્યાસપીઠનું પૂજન આરતીનો દિવ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે ત્રણેય દિવસ પૂ. બિન્દુરાજા તથા શ્રી સૌમ્યકુમાર તથા શ્રી સુવ્રતકુમાર કથામાં પધારી સુંદર લાભ આપતા હતા. મહંત સ્વામીએ ત્રણે દિવસના યજમાનોનું સન્માન કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. (પ્રવિણભાઈ શાહ)

### શિકાગો ઈટાસ્કા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શિકાગો ઈટાસ્કા મંદિરમાં શ્રીહરિ જયંતી પ્રાગટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. પૂ. શા. સ્વામી હરિપ્રસાદદાસજી અને પૂ. સ્વામી જયપ્રકાશદાસજીએ પારણું સુંદર શણગાર્યું હતું. સભામાં ધર્મ ઘેર આનંદ ભયોના જય નાદથી મંદિર ગાજી ઉઠ્યું હતું. હરિભક્તોની ભીડ અપરંપાર હતી. જેતલપુરના પૂજ્ય પી.પી. સ્વામી અત્રે પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે કથા થઈ હતી. હરિભક્તોને દેહાભિમાન ટાળવા સત્સંગ કરવો જરૂરી છે. સત્સંગથી આત્માનું હૃદયનું મનનું પોષણ થાય છે. ભગવાનની ભક્તિ કરવામાં સત્સંગ ઉપયોગી સાધન છે. પૂ. સ્વામીએ સત્સંગનો અદ્ભુત મહિમા સમજાવ્યો હતો. હેલ્થ ક્લિનિકના લાભાર્થે સોશ્યલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧ એપ્રિલના પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાક્ટ્યોત્સવ સંતો અને હરિભક્તોએ સાથે મળી ધામધૂમથી ઉજવ્યો હતો. અધિક પુરુષોત્તમ માસમાં ૨૪ એપ્રિલથી ૧ મે દરમ્યાન સાંજના પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુરધામ)ના વ્યાસાસને શિક્ષાપત્રી ભાષ્યની સુંદર કથા થઈ હતી. સરળ અને સચોટ શૈલીમાં જ્ઞાન ગંગા વહેવડાવી શિક્ષાપત્રીનું માહાત્મ્ય સમજાવ્યું હતું. આ રીતે આપણા શિકાગો મંદિરમાં સંતો-હરિભક્તોના અથાગ પ્રયાસથી દિન પ્રતિદિન સત્સંગનો વ્યાપ વધતો જાય છે. શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત ધર્મવંશીનો અત્યંત રાજીપો છે. (વસંત ત્રિવેદી)

### કલિવલેન્ડ મંદિરનો દ્વિતીય પાટોત્સવ અને સુવર્ણકળશ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી નરનારાયણદેવ તાબાના ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશન આઈ.એસ.એસ.ઓ. સંસ્થા સંચાલિત અમેરિકાના ઓહાયો સ્ટેટના કલિવલેન્ડ શહેરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રોંગવિલનો દ્વિતીય પાટોત્સવ અને સુવર્ણકળશ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨-૫-૧૦ થી ૯-૫-૧૦ પર્યન્ત પવિત્ર અધિકમાસના પર્વમાં ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તા. ૭-૮-૯ મે ત્રણ દિવસ સુધી દર્શન આશીર્વાદ પૂજા, પાટોત્સવ અને સુવર્ણ કળશ પ્રતિષ્ઠાનો લ્હાવો સ્વહસ્તે આપ્યો.

ઓહાયો વિસ્તારના હરિભક્તો તથા અન્ય સર્વે હરિભક્તોએ વિવિધ સેવાનો લ્હાવો લીધો.

મંદિરના પ્રમુખ અને મહોત્સવના આયોજક પ.ભ. શ્રી પ્રકાશભાઈ ભલાભાઈ પટેલના નેતૃત્વમાં વિવિધ હરિભક્તોને

યથા યોગ્ય પસંદગીની સેવાઓની તક આપીને સત્સંગીઓને પ્રેરણા આપી હતી. તથા ચર્ચના એલિવેશનમાંથી શિલ્પ શાસ્ત્ર મુજબ ફાઈબર ગ્લાસના થાંભલા, કમાનો શિખર ધુમ્મટ વિગેરે પ.ભ. શ્રી હિતેશભાઈ પંડ્યા પાસે બનાવીને સુંદર આકારવાળું ભવ્ય મંદિર દર્શનીય બનાવેલ છે. મંદિર નિર્માણ અને સંચાલન તેમજ આર્થિક જવાબદારીઓમાંથી મુક્ત કરવા પ્રકાશભાઈના પરિવારની નોંધપાત્ર સેવાઓ થઈ રહી છે.

દ્વિતીય પાટોત્સવ અને સુવર્ણ કળશ પ્રતિષ્ઠા મહોત્સવ અંગભૂત, શ્રી મદ્ સત્સંગિ ભૂષણ સપ્તાહ પારાયણ રાખવામાં આવી હતી. જેતલપુરધામથી પૂ. શાસ્ત્રી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી)એ કથામૃતનું પાન કરાવ્યું હતું. તથા ત્રિદિનાત્મક મહારુદ્ર યાગ રાખવામાં આવેલ. પંડિત શ્રી ભરતભાઈ જોષીના પુરોહિતપદે શાસ્ત્રોક્ત વિધિ સહિત હોમકરવામાં આવ્યો હતો.

તા. ૮-૫-૧૦ ના રોજ મધ્યાન્હ અભિજીત નક્ષત્રમાં ભવ્યાતિભવ્ય રૂપે સુવર્ણ કળશ સ્થાપના તેમજ ધજાની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવી. તે સમયમાં મેઘરાજાએ મહેર કરીને સ્થાપનાના સમયમાં વિરામ લીધો હતો. ઉપસ્થિત સંતો હરિભક્તોના ગગનભેદી જયજયકારના નાદ સહિત આશરે ૭૫ ફૂટની ઉંચાઈ પર સ્વામિનારાયણ ભગવાનની ધ્વજા લહેરાવી હતી.

ઓહાયોમાં વસતા હરિભક્તોની મહેચ્છાઓ પૂર્ણ થતાં પ્રસન્નતા અનુભવી હતી. તથા દાતાઓ એ આપેલ દાનમાંથી સત્કાર્ય પૂર્ણ થતાં આયોજકોને લાખો લાખો અભિનંદન આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સ્ટ્રોંગવીલ શહેર પુરાતત્વ વિભાગમાં સમાવેલ હોવાથી પુરાતની બિલ્ડીંગના એલિવેશનમાં સુધારો કરવાની પરવાનગી મળવી તે માત્ર શ્રીહરિકૃપા અને હરિઈચ્છાથી જ બની. તા. ૯-૫-૧૦ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભગવાનનો મહાભિષેક કરવામાં આવ્યો. દાતાશ્રીઓનું સન્માન કરીને સ્મૃતિમાં મૂર્તિની ભેટ આપવામાં આવી. તેમજ છપ્પન ભોગ ભગવાનને હરિભક્તોએ પોતે પોતાના ઘેરથી જ બનાવી લાવીને નિવેદન કરવામાં આવ્યો. નવ દિવસના મહોત્સવમાં દરરોજ સર્વે હરિભક્તો માટે પ્રસાદ બનાવવાની સેવા કલિવલેન્ડના બહેનોએ કરી હતી. દરરોજ નવી નવી વાનગીઓ બનાવીને હરિભક્તોને રાજી કર્યા હતા. મહંત શાસ્ત્રી સ્વામી સ્વયંપ્રકાશદાસજીના આમંત્રણથી આ પ્રસંગે પૂજનીય સંતો પધાર્યા હતા. જેતલપુરથી પી.પી. સ્વામી, નાથદ્વારાથી ધર્મસ્વરૂપદાસજી સ્વામી, શિકાગોથી જે.પી. સ્વામી, ડિટ્રોઈટથી સર્વેશ્વર સ્વામી, વિહોકનથી સી.પી. સ્વામી, ફલોરિડાથી વિવેક સ્વામી તથા પ.પૂ. મહારાજશ્રીની સાથે હજુરી પાર્ષદ વનરાજ ભગત સેવામાં આવ્યા હતા. (રાકેશ પટેલ)

**ટોરોન્ટો શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O.)**

આપણા ટોરોન્ટો કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ પવિત્ર પુરુષોત્તમમાસમાં વિશેષ ભજન ભક્તિ માટે વૈરાગ્ય મૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત 'અવતાર ચિંતામણી'ની પારાયણ તથા પૂજાનું સુંદર આયોજન સ્વામી સત્યસ્વરૂપદાસજીએ કરાવ્યું હતું. બન્ને પ્રસંગમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**બહેનોની આંતરરાષ્ટ્રીય પંચ દિનાત્મક સત્સંગ શિબિર ઓગસ્ટ ૩ થી ૭, ૨૦૧૦ શુભ સ્થળ શ્રી સ્વામિનારાયણ મંદિર, ચેરીહીલ, ન્યુજર્શી**

શ્રીજી મહારાજે સ્વયં સ્થાપેલ શ્રી નરનારાયણદેવ ગાદીના ધર્મવંશી, સર્વે બહેનોના આધ્યાત્મક ગુરુ શ્રી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં બહેનો માટે પંચદિનાત્મક સત્સંગ શિબિરનું ભવ્ય આયોજન તા. ૩, ઓગસ્ટ ૨૦૧૦ મંગળવારથી તા. ૭, ઓગસ્ટ ૨૦૧૦ શનિવાર દરમ્યાન નિર્ધારેલ છે.

સંપ્રદાયની આજ્ઞા, ઉપાસના તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની દૃઢતાનું સર્વોપરી જ્ઞાન પોતાના જ ધર્મગુરુ એવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના શ્રીમુખેથી સાંભળવા મળશે તે આપણા અહોભાગ્ય છે. આવી ધર્મ શિબિરથી જ ધર્મનો યથાર્થ મહિમા સમજાય છે ને ભગવાનનું અક્ષરધામ પ્રાપ્ત કરી શકાય છે.

શિબિર દરમ્યાન યોગાના ક્લાસીસ, ભજન, કીર્તન, ધાર્મિક પુસ્તક ઉપર વિવેચન, સાંસ્કૃતિક કાર્યક્રમ, નવીન વાનગી બનાવવાની રીતો, પ્રાતઃ પૂજા વિવિધ રમતો તથા મહેંદી વગેરેની જુદી જુદી હરિફાઈ રાખવામાં આવશે.

શિબિરમાં ભાગ લેનાર બહેનો પોતાના નાનાં બાળકોને સાથે લાવશે તો સભા દરમ્યાન તેની યથાયોગ્ય કાળજી લેવામાં આવશે. દેશ-વિદેશથી સર્વ ધર્મપ્રેમી બહેનોને આ પંચદિનાત્મક શિબિરનો લાભ લેવા અમારું હાર્દિક આમંત્રણ છે. ભોજન, ભજન તથા રાત્રિ રોકાણની સર્વે વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૧) દક્ષાબેન પટેલ (શિકાગો) ફોન : ૬૩૦-૩૨૯-૪૦૨૫ E-mail :dpatel1958@gmail.com
(૨) બીજલબેન પટેલ (ન્યુજર્શી) ફોન : ૨૦૧-૯૧૬-૩૮૮૯ E-mail : patelbijal1234@gmail.com
(૩) પાયલબેન પટેલ (સાઉથ ન્યુજર્શી) ફોન:૮૫૬-૬૩૦-૦૨૦૮ E-mail : payal1234@yahoo.com
(૪) શિલ્પાબેન પટેલ (સાઉથ ન્યુજર્શી) ફોન : ૨૦૧-૩૪૧ ૮૫૬૬ E-mail: shilpab1234@gmail.com
(૫) ફાલ્ગુનીબેન રાઠોડ (સેન્ટ્રલ ન્યુજર્શી) ફોન : ૭૩૨-૬૬૨-૦૮૦૭ E-mail : falgu1@yahoo.com

(આઈ.એસ.એસ.ઓ. ન્યુજર્શી સમસ્ત કિશોરી તથા બહેનો વિભાગ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનારનું નામ | ગામ |
|---|---|---|
| અ.વૈશાખ સુદ-૨ | પ.ભ. અમરસિંહભાઈ | નવસારીવાળા |
| | પ.ભ. સુખદેવકુમાર ભાનુભાઈ પટેલ (બુંદીના લાડુ) | અમેરિકા |
| | પ.ભ. કાંતિલાલ મોહનલાલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.વૈશાખ સુદ-૪ | પ.ભ. ધરમસીભાઈ કરશનભાઈ પટેલ (મગશ) | ટ્રેન્ટ |
| અ.વૈશાખ સુદ-૬ | પ.ભ. કનુભાઈ મગનદાસ પટેલ (મગશ) | અમદાવાદ |
| | અ.નિ. લલિતાબેન કાનજીભાઈ (બુંદીના લાડુ) | રતનપર (મૂળીદેશ) |
| અ.વૈશાખ સુદ-૭ | પ.ભ. પટેલ મગનભાઈ વિઠ્ઠલભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| | પ.ભ. શાંતાબેન જયંતિભાઈ ભટ્ટ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.વૈશાખ સુદ-૯ | પ.ભ. રતનકુમાર અંબાલાલ પટેલ | અમદાવાદ |
| અ.વૈશાખ સુદ-૧૦ | પ.ભ. નર્મદાબેન એસ. પરીખ (મોહનથાળ) | અમદાવાદ |
| અ.વૈશાખ સુદ-૧૩ | પ.ભ. મોદી હરિભાઈ શામળદાસ (જલેબી, સાટા) | વડનગર |
| અ.વૈશાખ સુદ-૧૪ | અ.નિ. રામજી ભગત (રામભાઈ) (સાટા, જલેબી, બુંદીના લાડું, મોહન થાળ, મઠો) | અમદાવાદ |
| અ.વૈશાખ વદ-૧ | પ.ભ. પટેલ પ્રભુભાઈ હરિભાઈ (બુંદીના લાડુ) | સાપાવાડા |
| અ.વૈશાખ વદ-૨ | પ.ભ. ઈશ્વરભાઈ પ્રભુદાસ પટેલ (ચુરમાના લાડુ) | કુંડાળ |
| | પ.ભ. ભગવાનદાસ મોહનલાલ (મોહનથાળ) | પીજ |
| અ.વૈશાખ વદ-૩ | પ.ભ. પટેલ વિનોદભાઈ ગિરધરભાઈ (રસપુરી) | પુંધરા |
| | પ.ભ. પટેલ ઈશ્વરભાઈ પ્રભુદાસ (રસપુરી) | કુંડાળ |
| અ.વૈશાખ વદ-૪ | પ.ભ. પટેલ ઈશ્વરભાઈ પ્રભુદાસ (રસપુરી) | કુંડાળ |
| | પ.ભ. ભરતભાઈ નારણભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| | પટેલ કાંતિભાઈ પ્રહલાદભાઈ (ચુરમાના લાડુ) | ઈસંડ |
| | અ.નિ. ધનજીભાઈ લાલજીભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ધરમપુર-કડી |
| અ.વૈશાખ વદ-૫ | પ.ભ. પટેલ ઈશ્વરભાઈ પ્રભુદાસ (મોહન થાળ) | કુંડાળ |
| | પ.ભ. ધીરજલાલ વી. વસાણી (બુંદીના લાડુ) | રાજકોટ |
| અ.વૈશાખ વદ-૬ | પ.ભ. પટેલ ઈશ્વરભાઈ પ્રભુદાસ (માલપુવા) | કુંડાળ |
| | પ.ભ. પટેલ ડાહ્યાભાઈ રણછોડભાઈ (મોતીયા લાડુ) | ડેમાઈ |
| અ.વૈશાખ વદ-૭ | પ.ભ. પટેલ ઈશ્વરભાઈ પ્રભુદાસ (શીખંડ-પુરી) | કુંડાળ |
| | સ્વામિનારાયણ મહિલા મંડળ (ચુરમાના લાડુ) | ઈટવાયા |
| | પ.ભ. મુક્તાબેન રમેશભાઈ પટેલ (શીખંડ-પુરી) | રાણીપ |
| અ.વૈશાખ વદ-૮ | પ.ભ. પટેલ ઈશ્વરભાઈ પ્રભુદાસ (રસ રોટલી) | કુંડાળ |
| અ.વૈશાખ વદ-૯ | પ.ભ. રમણભાઈ ભગાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ઉનાવા |
| | પ.ભ. શર્મિષ્ઠાબેન (મગશના લાડુ) | અમેરિકા |
| | પ.ભ. ડાહીબેન ઈશ્વરદાસ પટેલ (ચુરમાના લાડુ) | મોખાસણ |
| અ.વૈશાખ વદ-૧૦ | પ.ભ. ડૉ. વિનુભાઈ બબલદાસ લીંબાસીયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| | પ.ભ. પટેલ શામળભાઈ સોમાભાઈ (ચુરમાના લાડુ) | ઉનાવા |
| અ.વૈશાખ વદ-૧૧ | પ.ભ. યોગેશકુમાર રતિલાલ ઠક્કર (મોહનથાળ) | અમદાવાદ |
| | ઝુંડાળના હરિભક્તો (મોહનથાળ) | |
| અ.વૈશાખ વદ-૧૨ | પ.ભ. દેસાઈભાઈ ખુશાલભાઈ પટેલ પરિવાર (કાજુ-બદામમૈસુબ) | ખંડેરાવપુરા |
| અ.વૈશાખ વદ-૧૩ | પ.ભ. દેસાઈભાઈ ખુશાલભાઈ પટેલ પરિવાર (સાટા, દુધીનો હલવો) | ખંડેરાવપુરા |
| | ફુલમંડળી બહેનો (હવેલી) (રસ પુરી) | અમદાવાદ |
| | પ.ભ. આસારામભાઈ છગનભાઈ (મગશ) | ખંડેરાવપુરા |
| | પ.ભ. બાબુભાઈ મસોતભાઈ ચૌધરી (ચુરમાના લાડુ) | ઈશ્વરપુરા |
| | પ.ભ. લાલભાઈ ચતુરભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ગાંધીનગર |
| | પ.ભ. ભરતભાઈ સોમાભાઈ સોની (ચુરમાના લાડુ) | |
| | પ.ભ. રમણભાઈ જેશંગભાઈ (ચુરમાના લાડુ) | બાલવા |
| | પ.ભ. રતિલાલ જીવણલાલ પટેલ (ચુરમાના લાડુ) | |
| | પ.ભ. અમૃતબેન લાલજીભાઈ પટેલ (ચુરમાના લાડુ) | |
| અ.વૈશાખ વદ-૧૩ | પૂજ્ય બિંદુરાજા (રસ પુરી) | અમેરિકા |
| | નરનારાયણ ઉત્સવ મંડળ (મોહનથાળ) | અમદાવાદ |
| | અ.નિ. ચોકસી ગુણવંતલાલ શાંતિલાલ (રસ રોટલી) | વડોદરા |
| | પ.ભ. રમાબેન દેવચંદભાઈ પટેલ (મોહન થાળ) | અમદાવાદ |
| | પ.ભ. ઘનશ્યામભાઈ બેચરદાસ પટેલ (મોહન થાળ) | અમદાવાદ |
| અ.વૈશાખ વદ-૧૪ | પ.ભ. જેઠાભાઈ નાથાભાઈ રાજપુત (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| | પ.ભ. ચંદ્રકાન્ત મરઘાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ગાંધીનગર |
| | પ.ભ. સેજલબેન તેજશભાઈ ચોકસી (ચુરમાના લાડુ) | રાણીપ |
| | પ.ભ. અલ્પેશભાઈ અંબાલાલ પટેલ (ચુરમાના લાડુ) | રાણીપ |
| અ.વૈશાખ વદ-૩૦ | પ.ભ. અમૃતભાઈ મણીભાઈ (મોતૈયા) | ચાંદખેડા |
| | પ.ભ. કિર્તનભાઈ વલ્લભભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| | પ.ભ. પટેલ રણછોડભાઈ ઈશ્વરભાઈ (ચુરમાના લાડુ) | ઝુંડાલ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૨૦૦૧/- અ.નિ. મંદુબેન શિવપ્રસાદ દેવ — અમદાવાદ
હા. ભૂપેન્દ્ર શિવપ્રસાદ દવે શ્રીહરિ પ્રસન્નાર્થે

૧૦૦૦/- પટેલ જે.પી. શ્રી નરનારાયણદેવની કૃપાથી બોર્ડ મેમ્બર્સમાં વિજયી થયા તે નિમિત્તે હ. શ્રી રમેશભાઈ પટેલ — રનેલા

૫૦૧/- ઠક્કર કૈલાશભાઈ પીતાંબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ભુજ

૫૦૧/- ઘનશ્યામટ્રેડીંગ કું. હ. રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કલોલ

૫૦૧/- પરમાર વિવેક બાબુલાલ જન્મદિન નિમિત્તે — મુંબઈ

૫૦૧/- એક હરિભક્ત પુત્રીના શુભ લગ્ન પ્રસંગે

૫૦૧/- ચારૂબેન ગીરીશભાઈ પટેલ ૨૫ મી લગ્ન તિથિ-ડાયમંડ જ્યુબીલી નિમિત્તે — ન્યુયોર્ક

૫૦૧/- ભાવસાર મહેશભાઈ મનુભાઈ લગ્ન પ્રસંગે — અમદાવાદ

૫૦૦/- પટેલ નટવરભાઈ કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વડુ

૩૦૧/- કા.પટેલ નગીનદાસ ચુનીલાલ કીડનીનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે — બાલાસિનોર

૨૫૧/- ઉપાધ્યાય પ્રવિણચંદ્ર બાળકૃષ્ણ અધિક માસમાં સર્વોપરિ છપૈયાધામ અને પુલ્હાશ્રમયાત્રા નિમિત્તે — બોપલ

૨૫૦/- પટેલ કનુભાઈ કેશવલાલ પુત્રી એકતા લંડન ગઈ તે નિમિત્તે — અમદાવાદ

૨૦૨/- ઉપાધ્યાય કુમુદભાઈ શ્રી નરનારાયણદેવ અભિષેક અને લગ્ન તિથિ નિમિત્તે — અમદાવાદ

૨૦૧/- જસીબેન અજમલભાઈ રથવીના સ્મરણાર્થે (હ. રામાભાઈ મોરી) — કાલીયાણા

૨૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સુકાટીંબા

૨૦૧/- ટાંક બિપીનભાઈ મનસુખભાઈ નવું પેસેન હોન્ડા લીધું તે નિમિત્તે — મુંબઈ

૨૦૧/- બૂટિયા પ્રદિપસિંહ ગણેશભાઈ ડાહ્યાભાઈ નવી સ્વીફ ગાડી લાવ્યા તે નિમિત્તે — કાલીયાણા

૨૦૧/- નરનારાયણ ઈન્ડસ્ટ્રીઝના ઉદ્‌ઘાટન નિમિત્તે — અમદાવાદ

૨૦૧/- અ.નિ. પટેલ ઈશ્વરભાઈ મણીલાલના સ્મરણાર્થે ભજન કીર્તન નિમિત્તે

૨૦૧/- ખત્રી નટનાબેન દિપકભાઈ લગ્નના ૩૦ વર્ષ નિમિત્તે — ઉપલેટા

૨૦૦/- વરૂ રમેશ જીવરાજ પુત્ર જન્મપ્રસંગે — જીરાગઢ

૧૫૧/- પટેલ વિશાલ રોહિતભાઈ જન્મદિન નિમિત્તે — કુંડલ

૧૫૧/- મોદી અમૃતલાલ મગનલાલ પુલ્હાશ્રમયાત્રા નિમિત્તે — અમદાવાદ

૧૫૧/- પટેલ મીનાબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મારૂસણા

૧૫૧/- પટેલ જશોદાબેન પ્રવિણચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે — હઠીપુરા

૧૫૧/- ઠક્કર ઘનશ્યામભાઈ બાલચંદભાઈ નેનો ગાડી લાવ્યા તે નિમિત્તે — સાકોદરા

૧૫૧/- પટેલ પંકજભાઈ ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે — વાગોસણા

૧૫૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ ગંગા પૂજન નિમિત્તે — બાવળા

૧૫૦/- પટેલ કનુભાઈ કેશવલાલ તેમના પિતાશ્રીની ૨૨ મી પુણ્ય તિથિ નિમિત્તે — અમદાવાદ

૧૫૦/- મોરી દક્ષાબેન અજીતભાઈ પુત્ર જન્મપ્રસંગે — કાલીયાણા

૧૧૧/- પટેલ ઘનશ્યામભાઈ ભૂલાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — કનીપુરવાળા

૧૧૧/- પટેલ કૈલાશબેન ભક્તિભાઈ છપૈયાધામયાત્રા નિમિત્તે — દેઉસણા

૧૧૧/- મોદી નટવરલાલ રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૧૧/- અમીન હસ્તીભાઈ ચિ. હિમાલીના લગ્ન પ્રસંગે — ચલોડા

૧૧૦/- પટેલ પાલીબેન ચિ. સેવંતીલાલને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે — ઈટાદરાવાળા

૧૦૮/- પટેલ કનુભાઈ મણીલાલ ચિ. પાર્થના એડમીશન નિમિત્તે — અરોડા

૧૦૧/- ભાવસાર બિપીનચંદ્ર જયંતીલાલ ચિ. હરિતાબેનના વેવિશાળ નિમિત્તે — કલોલ

૧૦૧/- મોરી ભુદરભાઈ કરશનભાઈ ચિ. સુપુત્રી જસીબેનના મરણાર્થે — કાલીયાણા

૧૦૧/- છોટાલાલ સોમદાસના સ્મરણાર્થે — આનંદપુરા

૧૦૧/- વાળંદ ભાઈલાલભાઈ બાબરભાઈ નવી મોટર સાયકલ લાવ્યા તે નિમિત્તે — કોઠંબા

૧૦૧/- પટેલ મંજુલાબેન શકરાભાઈ પુત્રના જન્મદિન નિમિત્તે — ખેરોલ

૧૦૧/- બારડ મહેશકુમાર ભીખાભાઈના ચિ. ધ્રુવને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે — ડુમાણા

૧૦૧/- દેસાઈ મેહુલભાઈ જન્મદિન પ્રસંગે — વેજલપુર

૧૦૧/- પરીખ નીતાબેન જન્મદિન નિમિત્તે — મુંબઈ

૧૦૧/- પટેલ ચિરાગ રમેશભાઈ જન્મદિન પ્રસંગે — ચાંદીસણા

૧૦૧/- પટેલ ચંચળબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર

૧૦૧/- પટેલ રાહુલ અનંતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — દહેગામ

૧૦૧/- પટેલ પાયલ રાહુલકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — દહેગામ

૧૦૧/- પટેલ જમીયતકુમાર શાંતુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — જમીયતપુરા

૧૦૧/- પટેલ કુંજલબેન જમીયતકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — જમીયતપુરા

૧૦૧/- સોની ઈન્દ્રવદન પોપટલાલ ભાણીના જન્મદિન નિમિત્તે — સાણંદ

૧૦૧/- કા. સરતનકુમાર દિલીપકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — ખારોલ

૧૦૧/- ભાવસાર કમળાબેન શકરચંદ પુણ્યતિથિ નિમિત્તે — અમદાવાદ

૧૦૧/- હડીયલ શંકરભાઈ રતનશીભાઈના સ્મરણાર્થે — અંકેવાળીયા

૧૦૧/- ભાવસાર અરવિંદકુમાર રમણલાલ નવો ફ્લેટ લીધો તે નિમિત્તે — અમદાવાદ

૧૦૧/- પટેલ ભગાભાઈ રેવાભાઈ નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે — ખેરોલ

૧૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ ૫૫ મી લગ્ન તિથિ નિમિત્તે — (આણંદપુર ભાલવાળા)

૧૦૧/- ભાવસાર હસમુખભાઈ લક્ષ્મીચંદ ચિ. હાર્દિકની સગાઈ નિમિત્તે

૧૦૧/- કૌશલ અને ક્રિષ્ણાના ૧૪-૪ ના જન્મદિન પ્રસંગે — અમદાવાદ

૧૦૧/- પટેલ કનૈયાલાલ પરસોતમદાસ ચિ. રવિ તથા રિન્કુના લગ્ન પ્રસંગે — ડાંગરવા

૧૦૧/- ઠક્કર ચાર્મીબેન રવિકુમાર જન્મદિન પ્રસંગે — અમદાવાદ

૧૦૧/- પરમાર અનીલભાઈ કાંતિભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે — સુરત

૧૦૧/- વિકાશકુમાર જસુભાઈ અંબાલાલ પુત્ર જન્મપ્રસંગે — ઓળા

૧૦૧/- યુગકુમાર ધવલભાઈ પ્રથમજન્મદિન પ્રસંગે — ધમાસણા

૧૦૧/- રાઠોડ પરસોતમભાઈ જી. નવું હોન્ડા લીધું તે નિમિત્તેકાનપુરા વ્યાસ

૧૦૧/- કા.પટેલ ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મલાડ મુંબઈ

૧૦૧/- પટેલ ગૌવરેશ વિજયભાઈ જોઈતારામ એકટીવા લાવ્યા તે નિમિત્તે — સોજા

૧૦૧/- પટેલ ભક્તિભાઈ સોમદાસ જીવત ચર્ચા નિમિત્તે — રાજપુર

૧૦૧/- કા.પટેલ જયકુમાર કમલેશભાઈ જન્મદિન નિમિત્તે — બાલાસિનોર

૧૦૧/- વેકરીયા મંજુલાબેન વિઠ્ઠલભાઈ ચિ. ઋષભ અને નેહાના લગ્ન નિમિત્તે — ગાંધીનગર

૧૦૧/- આચાર્ય જીતેન્દ્ર ગુણવંતરાય શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૦૧/- ટાંક બાબુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મીરા રોડ મુંબઈ

૧૦૧/- પટેલ ધનંજયકુમાર રમણભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે — આકરૂંદ

૧૦૧/- પટેલ આર્ય મનોજકુમાર જન્મદિન નિમિત્તે — લવારપુર

૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સુકાટીંબા

૧૦૧/- પટેલ હરજીવનદાસ રામાભાઈ રતનપુર
નવીન કૂવો કરાવ્યો તે નિમિત્તે
૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- ડાભી ઘનશ્યામજી રજુજી શિવાજી પુત્ર જન્મપ્રસંગે ડાંગરવા
૧૦૧/- અ.નિ. રાજુ રાવજીભાઈ પટેલ ૫ મી પુણ્ય તિથિ નિમિત્તે ખેરોલ
૧૦૧/- એક હરિભક્ત ગાડી લાવ્યા તે નિમિત્તે રાણીપ
૧૦૧/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- સરપંચ ગજુભા ઉદેસિંહ પુવાર નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તેવક્તાપુર
૧૦૧/- ટાંક બિપીનભાઈ મનસુખભાઈ અધિક માસ નિમિત્તે કાંદીવલી
૧૦૧/- પટેલ મનહરભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- દરજી પ્રજ્ઞેશભાઈ બી. એલ.આઈ.સી.માં દહેગામ
એજન્ટના ૮ વર્ષ નિમિત્તે
૧૦૧/- પટેલ હિંમતભાઈ ગીરીશભાઈ જન્મદિન નિમિત્તે ધનસુરા
૧૦૧/- મહેતા જીવન્તિકા એલ. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- નાયક રાજેન્દ્ર નટવરલાલ અમદાવાદ
કોમ્પ્યુટરની પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ જૈમિન કનૈયાલાલ તાતા નેનોમાં જોબ મળી તે નિમિત્તેપોરવાળા
૧૦૧/- વખારીયા નિતીનભાઈ એસ. અધિક માસ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર ધવલ ભોગીલાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તેઅમદાવાદ
૧૦૧/- ભાવસાર પાર્થ અને દીપ સંજયભાઈ પાસ થયા તે નિમિત્તેઅમદાવાદ
૧૦૧/- પટેલ ચિરાગ શૈલેષભાઈ અમદાવાદ
ધો-૯માં ૭૨ ટકા આવ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ જયંતીભાઈ રામદાસ પાયલબેનની માણસા
ભાણીના જન્મ પ્રસંગે
૧૦૧/- કા.પટેલ જીગ્નેશભાઈ તથા મોન્ટુબેનના બાલાસિનોર
જન્મદિન નિમિત્તે
૧૦૧/- મોદી સુલર્ચ વિનોદભાઈ બેન્કમાં જોબ મળી તે નિમિત્તે ચાંદખેડા
૧૦૧/- સોરઠીયા હરિકૃષ્ણ સંજયભાઈ બાપુનગર
ધો.-૧ માં ૯૮.૬૩ ટકા નિમિત્તે
૧૦૧/- ભાવસાર ધર્મેન્દ્રકુમાર રમણલાલ ૨૫ મી લગ્ન તિથિ નિમિત્તેમુંબઈ
૧૦૧/- ડૉ. જીગર એન. રાજપૂત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- રાજપૂત પ્રવિણસિંહ એન. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ચાવડા નરેશસિંહ કે. શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ
૧૦૧/- પ્રજાપતિ ગોવિંદભાઈ રામાભાઈ અધિક માસ નિમિત્તે મોટેરા
૧૦૧/- કનુબેન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ભટ્ટ કાર્તિક નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ઉર્વિ ઘનશ્યામભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ યશ તપનકુમાર ચૌલ સંસ્કાર નિમિત્તે ધમાસણા
૧૦૧/- કા.પટેલ વિષ્ણુભાઈ મોહનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વિરસદ
૧૦૧/- ચૌહાણ સંજયભાઈ જગદીશભાઈ પુત્ર જન્મપ્રસંગે
૧૦૧/- ચૌહાણ જગદીશભાઈ ભીમજીભાઈ ચિ. વંદનાના લગ્ન પ્રસંગે
૧૦૧/- અ.નિ. ઘેલાભાઈ પરસોત્તમભાઈ સાપરીયાના સ્મરણાર્થે
૧૦૧/- મારવી વ્રજેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જીરાગઢ
૧૦૧/- પટેલ કિંજલ વિનોદભાઈ ધો. ૧૨ સાયન્સમાં ચડાસણા
પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- રાજેશકુમાર ઈશ્વરભાઈ પટેલ ધો.-૧૨ કોમર્સમાં સાપાવાડા
૮૧% આવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ સોનલબેન નારણભાઈ ચિ. તેસુના જન્મપ્રસંગે ચાંદખેડા
૧૦૦/- પટેલ રિતેષકુમાર મંગળભાઈ નોકરી મળી તે નિમિત્તે ડેમાઈ
૧૦૦/- પટેલ ભાવિનકુમાર રસિકલાલ ગાડી લાવ્યા તે નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પરમાર રમેશભાઈ જે. સુરેન્દ્રનગરમાં બળોલ-ભાલ
નોકરી ટ્રાન્સફર થઈ તે નિમિત્તે
૧૦૦/- અ.નિ.કા.પટેલ ચંદુલાલ મગનલાલના સ્મરણાર્થે કઠલાલ
૧૦૦/- ડૉ. બી.એમ. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે કુકડીયા
૧૦૦/- પટેલ લીલાબેન ગોરધનદાસ મોતીયો ઉતરાવ્યો તે નિમિત્તે કુબડથલ
૧૦૦/- મોદી લીલાબેન રમેશચંદ્ર કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે મેમનગર
૧૦૦/- પટેલ શિતલબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અરોડા
૧૦૦/- પટેલ વૈશાલી શૈલેષભાઈ ધો.-૧૧ માં ૬૫ ટકા અમદાવાદ
આવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ જસુભાઈ ઈશ્વરભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે સોજા
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૦/- પટેલ ધ્યાન મનોજકુમાર જન્મદિન નિમિત્તે ગવાડા
૧૦૦/- પટેલ દક્ષેશભાઈ નટુભાઈ પટેલ તેમના ધમીજ
પુત્રના જન્મદિન પ્રસંગે
૧૦૦/- અ.નિ. સતીષચંદ્ર રમણલાલ પટેલ તેમની પુણ્ય તિથિ નિમિત્તેહાંસોલ
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ અધિક માસ નિમિત્તે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબેન કિરીટસિંહ અધિક માસ નિમિત્તે ગરોડીયા
૧૦૦/- પટેલ વનમાળીભાઈ જીવણભાઈ ચિ. પૌત્રના ધરમપુર
જન્મદિન નિમિત્તે
૧૦૦/- પટેલ સતીષ ઘનશ્યામભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૦/- પટેલ કાશીબેન રામજીભાઈ પ્રભુદાસ પ્રથમપુણ્ય તિથિ નિમિત્તેઊંઝા
૧૦૦/- ભાવસાર સુભદ્રાબેન ડાહ્યાલાલના સ્મરણાર્થે ઊંઝા
૧૦૦/- પટેલ નૈનાબેન પ્રવિણચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- કા.પ. પંકજકુમાર નટવરલાલ અધિક માસ નિમિત્તે કપડવંજ
૧૦૦/- ટાંક નારણભાઈ પોપટભાઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી જીરાગઢ
પધાર્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ અતુલભાઈ કાંતિભાઈ લગ્ન પ્રસંગે ધનસુરા
૧૦૦/- મોદી મોસમ નવનીતભાઈ અધિક માસ નિમિત્તે રાણીપ
૧૦૦/- મનીષાબેન મનોજકુમાર ધો.-૧૨ માં પાસ થયા તે નિમિત્તેઅમદાવાદ

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**હરિપર (તા. ધ્રાંગધ્રા) :** પ.ભ. જાદવજીભાઈ ભુવાના માતુશ્રી શાંતાબેન પ્રભુભાઈ ભુવા શ્રીહરિનું સ્મરણ કરતા તા. ૧૮-૪-૨૦૧૦ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

**આદરજ મોટી :** પ.ભ. ઠાકોર વરસંગજી ચેહરાજી (કોઠારીશ્રી) તા. ૨૮-૫-૨૦૧૦ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




૧-૨. નારણઘાટ મંદિરમાં અધિકમાસ નિમિત્તે ઠાકોરજીનો અભિષેક કરતા તથા અધિક માસમાં કથા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ. મહારાજશ્રી ૩. એપ્રોચ (બાપુનગર) મંદિર ફુલના વાઘામાં શ્રીનાથજી સ્વરૂપે શ્રી ઘનશ્યામ મહારાજ ૪. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના જન્મ સ્થાન શેખપાટ (મૂળીદેશ)માં નૂતન મહામંદિરનું ભૂમિપૂજન કરતા પ.પૂ.મહારાજશ્રી ૫. ઝુલાસણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીની નિશ્રામાં ઉદ્‌બોધન કરતા પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી ૬. અયોધ્યા મંદિરમાં નૂતન અદ્યતન ઉતારાનું ભૂમિપૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી ૭. બાલાસિનોરમાં સત્સંગ ઉત્કર્ષ સ્નેહ મિલન પ્રસંગે ઠાકોરજી ની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી તથા હરિભક્તો. ૮. અધિક માસમાં જીવરાજપાર્ક મંદિરમાં કથા કરતા શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુલ)

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011


૧


૨


૩


૪


૫


૬

-૪. કલિવલેન્ડ મંદિરના દ્વિતીય પાટોત્સવ અને સુવર્ણકળશ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઠાકોરજીને અભિષેક કરતા, સુવર્ણકળશ - જદંડ નું પૂજન કરતા તથા સભામાં દર્શન આપતાં પ.પૂ. મહારાજશ્રી. ૫. સીનેમિન્શન મંદિરમાં અધિક માસ દરમ્યાન કથા પ્રસંગે મૂહ આરતીનો લાભ લેતા હરિભક્તો ૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની મુલાકાતે પધારેલા વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભટ્ટ, અને શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પૂ. મોટા મહારાજશ્રી સાથે ગોષ્ટિ કરતા.

**Museum Year**
March 2010 - March 2011

Shree Swaminarayan Museum

## ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

## ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧

### સંવત ૨૦૬૭ ફાગણસુદ ત્રીજ શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

...adish Offset
...aful Kharsani